ગ્રામ્ય આવૃત્તિ
પાના: ૧૨

તા. ૨-૩-૨૦૨૬, સોમવાર
વર્ષ: ૧૪, અંક : ૩૦૧




પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia




# ઈરાનના વડા આયાતુલ્લા હણાયા: યુધ્ધ ભયંકર વણાંક લ્યે તેવી દહેશત

## અમારા વડાને માર્યા છે તો અમે બદલો લઈને જ ઝંપીશું: ઈરાન

પશ્ચિમ એશિયામાં ફરી એકવાર યુદ્ધના ભયાનક વાદળો ઘેરાયા છે: ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના એક કથિત હુમલામાં મોતના અહેવાલોએ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે: આ ઘટના બાદ ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચેનું સંઘર્ષ હવે સીધા અને વિનાશક યુદ્ધમાં ફેરવાય તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે



મળતી માહિતી મુજબ, આયાતુલ્લા પર આ હુમલો ત્યારે થયો જ્યારે તેઓ એક ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક બાદ પરત ફરી રહ્યા હતા. અત્યંત આધુનિક ડ્રોન અથવા મિસાઈલ હુમલા દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હોવાનું મનાય છે. જોકે, હજુ સુધી કોઈ દેશે સત્તાવાર રીતે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી, પરંતુ ઈરાને આ માટે તેના કટ્ટર દુશ્મન દેશો સામે આંગળી ચીંધી છે.

રસપ્રદ વાત એ છે કે, જે સર્વોચ્ચ નેતાના પદ પર ખામેનેઈ બિરાજમાન હતા, તે સંસ્થાના પાયા નાખનાર આયાતુલ્લા (અનુ. આઠમા પાને)

## અફઘાનિસ્તાનનો ફરી પાકિસ્તાન પર હુમલો:નૂરખાન એરબેઝ ઊડાડ્યું, તાલિબાનનો ડ્યુરન્ડ લાઈન પાર કર્યાનો દાવો: પાકે. કહ્યું- ૪૦૦ તાલિબાનીઓ ઠાર કર્યા

## શા માટે ઈરાને યુએઈને ટાર્ગેટ કર્યું?

### યુધ્ધ સિયા સુન્ની મુસ્લિમમાં વધુ ખાઈ કરશે?

મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલો વર્તમાન સંઘર્ષ હવે માત્ર મિસાઈલો કે ડ્રોન સુધી સીમિત રહ્યો નથી, પરંતુ તે દાયકાઓ જૂના શિયા અને સુન્ની વૈચારિક સંઘર્ષના નવા અધ્યાય તરીકે ઉભરી રહ્યો છે. ઈરાનના સર્વોચ્ચ શિયા નેતા આયતુલ્લા અલી ખામેનેઈની હત્યા બાદ, ઈરાને જે રીતે યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) અને સાઉદી અરેબિયા જેવા સુન્ની દેશોને નિશાન બનાવ્યા છે, તેણે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

ઈરાન એક પ્રબળ શિયા રાષ્ટ્ર છે અને ખામેનેઈ માત્ર રાજકીય નેતા જ નહીં, પરંતુ વૈશ્વિક શિયા સમુદાય માટે ધાર્મિક આસ્થાનું પ્રતીક હતા. તેમની હત્યાને ઈરાને પોતાની ધાર્મિક ઓળખ પરના પ્રહાર તરીકે જોઈ છે. આ જ કારણ છે કે ખામેનેઈના મૃત્યુ બાદ લેબનોનનું હિઝબુલ્લાહ (શિયા સંગઠન) તરત જ સક્રિય થયું અને ઈઝરાયેલ પર હુમલો કર્યો. ભારતના લખનૌ અને કાશ્મીર જેવા વિસ્તારોમાં થયેલા શિયા સમુદાયના વિરોધ પ્રદર્શનો પણ આ ધાર્મિક જોડાણને સાબિત કરે છે.

ઈરાને માત્ર ઈઝરાયેલ જ નહીં, પણ અબુ ધાબી, દુબઈ અને રિયાધ તરફ પણ મિસાઈલો છોડી છે. ગલ્ફના સુન્ની શાસકો અને ઈરાનના શિયા ક્રાંતિકારી શાસન વચ્ચે મધ્ય પૂર્વમાં વર્ચસ્વ જમાવવાની દાયકાઓ જૂની લડાઈ છે. ઈરાને આ હુમલા દ્વારા સાબિત કરવા માંગ્યું છે કે તે પ્રાદેશિક સુરક્ષામાં ગમે ત્યારે ખલેલ પહોંચાડી શકે છે.

## ન હોય... આયતુલ્લાહ મૂળ ઉત્તરપ્રદેશ સાથે સંકળાયેલા હતા

ઈરાનની ઈસ્લામિક રિપબ્લિકની સ્થાપના અને તેની સૌથી મહત્વની સંસ્થા સુપ્રીમ લીડરશિપનો મૂળભૂત આધાર આયતોલ્લાહ રુહોલ્લાહ ખોમેની પર ટકેલો છે. તેઓ ૧૯૭૯ની ઈરાની ઈસ્લામિક ક્રાંતિના નેતા હતા અને ઈરાનના પ્રથમ સુપ્રીમ લીડર બન્યા. આજે પણ ઈરાનની સૌથી શક્તિશાળી સંસ્થા સુપ્રીમ લીડરનું પદ છે, જેની નીચે અનેક સંસ્થાઓ કાર્યરત છે અને તે દેશની સંપૂર્ણ રાજકીય, લશ્કરી અને ધાર્મિક વ્યવસ્થા પર નિયંત્રણ રાખે છે. આ સંસ્થાનો (અનુ. આઠમા પાને)

## ઈરાને સુલેહ શાંતિ માટે હાથ લંબાવ્યો, અમેરિકા પણ તૈયાર: ટ્રમ્પનો દાવો

ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાનનું નવું નેતૃત્વ તેમની સાથે વાતચીત કરવા ઈચ્છે છે અને તેઓ આ માટે તૈયાર છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈરાન સાથે ચર્ચા કરશે. આયાતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ, રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન અને એક કાઉન્સિલ હાલમાં કામકાજ સંભાળી રહ્યા છે. ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ઈરાનમાં મોટો બળવો (ઉપદ્રવ) થઈ શકે છે. તેમણે નોંધ્યું કે ઈરાન અને વિદેશોમાં રહેતા (અનુ. આઠમા પાને)

## ઈરાનમાં ૧,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ સહિત લાખો ભારતીયો ફસાયા

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સ્થિતિ અત્યંત તંગ બની ગઈ છે. આ સંઘર્ષની વચ્ચે આશરે ૧ કરોડ જેટલા ભારતીયો પ્રભાવિત થયા છે, જેમાં નોકરીયાત વર્ગ, પરિવારો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.ઈરાનમાં આશરે ૧,૨૦૦ જેટલા ભારતીય મેડિકલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાંથી મોટાભાગના જમ્મુ-કાશ્મીર, કેરળ અને ઉત્તર પ્રદેશના છે.ભારતીય દૂતાવાસે ૨૩ ફેબ્રુઆરીએ જ એડવાઈઝરી જાહેર કરી વિદ્યાર્થીઓને (અનુ. આઠમા પાને)

# ભિષણ યુદ્ધથી વિશ્વ આખાનું અર્થતંત્ર ડામાડોળ

## ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરે પહોંચવાની દહેશત: સોનું-ચાંદી પણ ભડકે બળ્યું!

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધ અને વધતા જતા લશ્કરી તણાવને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં મોટો ખળભળાટ મચી ગયો છે. યુદ્ધની આ ગંભીર પરિસ્થિતિના કારણે શેરબજારોથી લઈને કોમોડિટી માર્કેટમાં ભારે અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઓઈલ રૂટ એવા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પરના પ્રતિબંધો અને હુમલાની આશંકાઓને લીધે ક્રૂડ ઓઈલનો ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર કરી જવાની ભીતિ સેવાઈ રહી છે. સાથોસાથ, રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળતા સોના અને ચાંદીના ભાવોમાં પણ ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો છે.

વિશ્વના કુલ ઓઈલ સપ્લાયનો અંદાજે ૨૦ ટકા હિસ્સો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થાય છે. યુદ્ધની સ્થિતિમાં (અનુ. આઠમા પાને)

## શેરબજાર ઘડામ: સેન્સેકસમાં ૧૦૪૧ પોઈન્ટનો કડાકો

### ઉઘડતી બજારે જોરદાર કડાકા બાદ રિકવરી જોવા મળી: સેન્સેકસે ૭૯ હજાર અને નિફટીએ ૨૫ હજાર પોઈન્ટની સપાટી તોડી: ડોલર સામે રૂપિયો પણ તુટયો

ઈરાન - ઈઝરાયેલ અમરેલી વચ્ચે ચાલી રહેલા ભિષણ યુધ્ધના કારણે આજે ભારતીય શેરબજાર ઉંધા માથે પટકાયું હતું. સેન્સેકસ અને નિફટીમાં જોરદાર કડાકા બોલી ગયા હતા. જો કે પ્રારંભિક ઘટાડા સાથે શેરબજારમાં સોલીડ રીકવરી પણ જોવા મળી હતી. રોકાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. બુલીયન બજારમાં તેજીનો (અનુ. આઠમા પાને)

## ભારતીય અર્થતંત્ર અને મોંઘવારી પર સીધી અસર

ભારત પોતાની જરૂરિયાતનું ૮૫% ક્રૂડ ઓઈલ આયાત કરે છે. જો ક્રૂડના ભાવ ૧૦૦ ડોલરે પહોંચે તો દેશનું આયાત બિલ અનેકગણું વધી જશે. અર્થશાસ્ત્રીઓના મતે, ક્રૂડમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરના વધારાથી ભારતના આયાત (અનુ. આઠમા પાને)

## ક્રૂડ ૧૦૦ ડોલરે પહોંચશે તો શું થશે?

જો ક્રૂડ ઓઈલ ૧૦૦ ડોલર પ્રતિ બેરલે પહોંચશે તો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સીધો વધારો થશે. આ ઉપરાંત ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થવાથી શાકભાજી, અનાજ અને રોજબરોજની વપરાશની ચીજવસ્તુઓ મોંઘી થશે. આ સ્થિતિ દેશમાં મોંઘવારીનો આંકડો બેકાબૂ બનાવી શકે છે.

## 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું મહત્વ

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિશ્વનો સૌથી વ્યસ્ત અને અગત્યનો ઓઈલ ટ્રાન્ઝિટ રૂટ છે. અહીંથી રોજના ૧.૫ કરોડ બેરલથી વધુ ક્રૂડ ઓઈલ પસાર થાય છે. ઈરાને આ રૂટ પર લશ્કરી કડકાઈ દાખવતા વૈશ્વિક ઓઈલ સપ્લાય ચેન ખોરવાઈ ગઈ છે, જે હાલના ક્રૂડના ભાવવધારાનું સૌથી મોટું કારણ છે.

## સોના અને ચાંદીના ભાવ હજુ પણ ઉછળવાની વકી

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને અમેરિકા તથા ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાને કારણે વૈશ્વિક બજારોમાં ભારે અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે. આ તણાવપૂર્ણ સ્થિતિને પગલે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે, જેના કારણે સોમવારે બજાર ખુલતાની સાથે જ સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો અને ભારે વોલેટિલિટી જોવા મળ્યો છે. નિષ્ણાતોના મતે, મધ્ય પૂર્વના આ ભૌગોલિક-રાજકીય તણાવને કારણે કિંમતી ધાતુઓની માંગમાં અચાનક તેજી આવી છે, જે બુલિયન માર્કેટને (અનુ. આઠમા પાને)

## એર કાર્ગો અને શિપિંગ રૂટ પ્રભાવિત થતાં સરકારે બોલાવી તાકીદની બેઠક

સંઘર્ષ અને વધતા તણાવની સીધી અસર આંતરરાષ્ટ્રીય વેપાર પર પડી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારના વાણિજ્ય મંત્રાલયે નિકાસકારો, શિપિંગ લાઈન્સ, ફ્રેઈટ ફોરવર્ડર્સ અને અન્ય સંબંધિત મંત્રાલયોના અધિકારીઓ સાથે સોમવારે એક તાકીદની બેઠક બોલાવી છે. આ સંકટના કારણે ગલ્ફ દેશો, ઉત્તર અમેરિકા અને યુરોપને જોડતા હોર્મુઝની સામુદ્રધુની અને રાતા સમુદ્ર જેવા મહત્વના દરિયાઈ માર્ગો પરથી પસાર થતા જહાજોની અવરજવર સામે મોટું જોખમ ઊભું થયું છે. હવાઈ માર્ગો પણ (અનુ. આઠમા પાને)

## સોના અને હીરાની અછત સર્જાવાની શક્યતા

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવના કારણે ભારતમાં સોના અને કાચા હીરાની ભારે અછત ઊભી થવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, યુએઈ દ્વારા એરસ્પેસ બંધ કરવામાં આવતા દુબઈ મારફતે આવતો સોના અને હીરાનો સપ્લાય ખોરવાયો છે. દુબઈ ભારત માટે કાચા હીરાનો સૌથી મોટો સપ્લાયર અને સોનાની લગડીઓ માટેનો બીજો સૌથી મોટો સ્ત્રોત છે. ફ્લાઈટ ઓપરેશન બંધ થવાથી દુબઈ સાથે જોડાયેલ વેપાર અને ટ્રાન્સપોર્ટેશન અટકી પડ્યું છે, જેના કારણે લોજિસ્ટિક્સમાં મોટો વિલંબ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, (અનુ. આઠમા પાને)

## ખાતરના ભાવમાં ઉછાળો આવવાની સંભાવના

યુદ્ધના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન પર પડી રહી છે. આ ભૌગોલિક-રાજકીય સંકટના કારણે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ખાતર (ફર્ટિલાઈઝર) ના ભાવમાં મોટો વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે. મધ્ય પૂર્વના દેશો ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની સાથે-સાથે ખાતરના ઉત્પાદન અને નિકાસ માટેના પણ મહત્વના સ્ત્રોત છે. સપ્લાય ચેઈન પ્રભાવિત થવાથી ભારત સહિતના દેશોમાં આયાત થતા ખાતરની કિંમતો ઊંચકાય તેવી પૂરી સંભાવના છે. ભારતમાં કૃષિ ક્ષેત્ર માટે ખાતર અત્યંત આવશ્યક છે અને દેશ મોટા પ્રમાણમાં (અનુ. આઠમા પાને)

## ભારતે યુદ્ધના ધોરણે એલપીજી ઉત્પાદન વધાર્યું

મધ્ય પૂર્વના દેશોમાંથી ઓઈલ અને ગેસના પરિવહન માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી 'હોર્મુઝની સામુદ્રધુની'માં ઊભા થયેલા જોખમ અને વિક્ષેપને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ છે. ભારત તેની રાંધણ ગેસની કુલ જરૂરિયાતો પૂરી કરવા માટે મોટા પ્રમાણમાં મધ્ય પૂર્વના દેશોમાંથી થતી આયાત પર નિર્ભર છે. દરિયાઈ માર્ગે સપ્લાય ખોરવાતા સ્થાનિક સ્તરે ગેસની અછત ન સર્જાય અને સામાન્ય નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે ભારતે હવે દેશમાં જ તાત્કાલિક ધોરણે એલપીજીનું (અનુ. આઠમા પાને)


**ભારતનો ૫૦ ટકા સુધીનો ક્રુડ અને ગેસનો જથ્થો જે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થાય છે ત્યાં ઈરાનની કાર્યવાહીને પગલે ભારે ચિંતા**

# જીએસટી કલેકશન ફેબ્રુઆરીમાં ૮.૧ ટકા વધીને થયું રૂ.૧.૮૩ લાખ કરોડ

## રૂ.૧૦,૨૮૬ કરોડ સાથે જીએસટી ભંડોળમાં મહારાષ્ટ્રનો સર્વોચ્ચ ફાળો પછીના રાજ્યોમાં કર્ણાટક અને ગુજરાત મોખરે

**અબતક, રાજકોટ**

ફેબ્રુઆરી મહિનામાં કેન્દ્ર સરકારની ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ પેટે થતી વસુલાત વધીને રૂ. ૧.૮૩ લાખ કરોડ પહોંચી છે, જે અગાઉના મહિના કરતાં ૮.૧ ટકાનો વધારો દર્શાવે છે. રવિવારે જાહેર થયેલા સત્તાવાર આંકડા મુજબ આ માહિતી આપવામાં આવી હતી.સાથે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૨૮ ફેબ્રુઆરી સુધીની કુલ ગ્રોસ જીએસટી આવક રૂ. ૨૦.૨૭ લાખ કરોડ રહી છે, જે ગયા વર્ષની સરખામણીએ ૮.૩ ટકાનો વર્ષ-દર-વર્ષ વધારો નોંધાવે છે. ફેબ્રુઆરી દરમિયાન કુલ રિફંડ રૂ. ૨૨,૫૯૫ કરોડ રહ્યા, જે ગયાવર્ષની સમાન મહિના કરતાં ૧૦.૨ ટકા વધુ છે. રિફંડની રકમ સમાયોજિત કર્યા બાદ, આ મહિનાની નેટ જીએસટી આવક રૂ. ૧.૬૧ લાખ કરોડ રહી હોવાનું આંકડાઓમાં જણાવાયું છે.જીએસટી પેટે કુલ આવક રૂ. ૧.૩૬ લાખ કરોડ રહી છે, જેમાં ૫.૩ ટકાનો વધારો નોંધાયો છે. બીજી તરફ, આયાતમાંથી આવક વધુ ઝડપથી વધી, જેમાં વસુલાત રૂ. ૪૭,૮૩૭ કરોડ સુધી પહોંચી, જે ૧૭.૨ ટકાનો વધારો દર્શાવે છે.



જો કે, નેટ સેસ આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. તે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રૂ. ૧૩,૪૮૧ કરોડ હતી, જ્યારે આ વર્ષે તે ઘટીને રૂ. ૫,૦૬૩ કરોડ રહી હોવાનું આંકડાઓ દર્શાવે છે.રાજ્યવાર પોસ્ટ-સેટલમેન્ટ જીએસટી આવકમાં મિશ્ર પ્રવૃત્તિ જોવા મળી. ઔદ્યોગિક રાજ્યોમાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ, જ્યારે કેટલાક નાના અને કુદરતી સંસાધનો પર આધારિત રાજ્યોમાં વસુલાતમાં ઘટાડો થયો છે. મહારાષ્ટ્રે પ્રી-સેટલમેન્ટ આવકમાં રૂ. ૧૦,૨૮૬ કરોડ સાથે જીએસટી ભંડોળમાં સર્વોચ્ચ ફાળો આપ્યો. ત્યારબાદ વધુ યોગદાન આપનારા રાજ્યોમાં કર્ણાટક અને ગુજરાત મોખરે રહ્યા છે.

ચોખ્ખી સેસ આવક રૂપિયા ૫,૦૬૩ કરોડ રહી છે, જે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રૂપિયા ૧૩,૪૮૧ કરોડ હતી. સરકારે ૨૦૨૬ નાણાકીય વર્ષ માટે જીએસટી વસૂલાતમાં ૧૧ ટકાનો વધારો થવાનો અંદાજ મૂક્યો છે. આનો અર્થ એ થાય કે કુલ વાર્ષિક આવક રૂપિયા ૧૧.૭૮ લાખ કરોડ થશે, જેમાં સેન્ટ્રલ જીએસટી અને વળતર સેસનો સમાવેશ થાય છે.

તમિલનાડુનાં જીએસટી કલેક્શનમાં ૬ ટકા, મધ્ય પ્રદેશનાં કલેક્શનમાં ૮ ટકા, રાજસ્થાનનાં કલેક્શનમાં ૧ ટકાનો ઘટાડો થયો છે. પશ્ચિમ બંગાળનાં જીએસટી કલેક્શનમાં ૧ ટકા, હરિયાણામાં બે ટકા, ઉત્તર પ્રદેશમાં પાંચ ટકા, મહારાષ્ટ્રમાં ૬ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.સમાધાન પછીના એસજીએસટી આધારે જીએસટી આવકમાં ઘટાડો નોંધાવનારા રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ત્રિપુરા અને જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ થાય છે.



## END AIDS 2030

# ૨૦૨૬-૨૦૩૧ માટે વૈશ્વિક એઈડ્સ વ્યૂહરચના: એઈડ્સના અંત તરફની દિશા

**વૈશ્વિક HIV પ્રતિભાવ એક નિર્ણાયક તબક્કે છે: જાહેર આરોગ્ય માટે જોખમ તરીકે એઈડ્સને નાબૂદ કરવાની દુનિયા પહેલા કરતાં વધુ નજીક છે, છતાં વધતી જતી કટોકટી, વ્યાપક અસ્થિરતા અને વધતી જતી અસમાનતાઓને કારણે આ પ્રગતિ ખોવાઈ જવાનો ભય છે**

૧૯૮૧માં દુનિયામાં પહેલીવાર એઈડ્સનો વાયરસ HIV જોવા મળેલ હતો, આજ સુધી તેને નાબૂદ કરી શકે તેવી દવા મેડિકલ સાયન્સ શોધી નથી શક્યું. વાયરસને કંટ્રોલ કરી શકે તેવી ARV દવા હાલ ઉપલબ્ધ છે. સમગ્ર વિશ્વમાંથી તેને નાબૂદ કરવા ભરપૂર પ્રયાસો થઈ રહ્યા છે. UNAIDS તેના કંટ્રોલ માટે વૈશ્વિક સ્તરે કામ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના સથવારે વિશ્વના તમામ દેશોમાં તે ગાઈડ લાઈન જારી કરે છે, નિદાન, ટેસ્ટિંગ અને તેના વાહકો પ્રત્યે કલંક ભેદભાવ ન થાય સાથે તેના માનવ અધિકારો જળવાય તેવી વ્યવસ્થા અને પ્લાનિંગ ગોઠવે છે. ગઈકાલે રવિવારે પણ વિશ્વના ૧૫૦ થી વધુ દેશોમાં ઝીરો ભેદભાવ દિવસ ઉજવ્યો હતો, જેની થીમ “ પીપલ ફર્સ્ટ“ રખાય હતી.


૨૦૨૬-૨૦૩૧ માટે વૈશ્વિક એઈડ્સ વ્યૂહરચના એઈડ્સના અંત તરફનો મોટો પ્રયાસ કે લક્ષ્યાંક છે, જેમાં વિશ્વના તમામ દેશો જોડાયા છે. વૈશ્વિક HIV પ્રતિભાવ એક નિર્ણાયક તબક્કે છે. જાહેર આરોગ્ય માટે જોખમ તરીકે એઈડ્સને નાબૂદ કરવાની દુનિયા પહેલા કરતાં વધુ નજીક છે, છતાં વધતી જતી કટોકટી, વ્યાપક અસ્થિરતા અને વધતી જતી અસમાનતાઓને કારણે આ પ્રગતિ ખોવાઈ જવાનો ભય છે. ગ્લોબલ એઈડ્સ સ્ટ્રેટેજી ૨૦૨૬-૨૦૩૧, ૨૦૩૦ સુધીમાં જાહેર આરોગ્યના ખતરા તરીકે એઈડ્સનો અંત લાવવા અને ૨૦૩૦ પછી એચઆઈવી પ્રતિભાવ જાળવી રાખવા માટે એઈડ્સ પ્રતિભાવના ભવિષ્ય માટેના વૈશ્વિક પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ એક વ્યૂહરચના છે જે વિશ્વને એક કરે છે.




આ વ્યૂહરચના જૂન ૨૦૨૬ માં એઈડ્સના અંત પર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ઉચ્ચ-સ્તરીય બેઠક અને તેની રાજકીય ઘોષણાને આકાર આપશે. તે ક્ષેત્રના તમામ કલાકારોને પડકારોનો સામનો કરવા અને દેશ-નેતૃત્વ હેઠળ અસરકારક એઈડ્સ પ્રતિભાવો સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે. વૈશ્વિક એઈડ્સ વ્યૂહરચના ૨૦૨૬-૨૦૩૧ માં ૨૦૩૦ માટે નવા વૈશ્વિક લક્ષ્યો અને સંસાધન જરૂરિયાતોના અંદાજનો સમાવેશ થાય છે. તે લોકોથી શરૂ થાય છે. ગ્લોબલ એઈડ્સ સ્ટ્રેટેજી ૨૦૩૦ સુધીમાં એઈડ્સનો અંત લાવવાની મહત્વાકાંક્ષા માટે સામૂહિક પુનઃ પ્રતિબદ્ધતાને આમંત્રણ આપે છે, અને તે લોકોથી શરૂ થાય છે.

તેની ત્રણ પ્રાથમિકતાઓમાં અસમાનતા ઘટાડવી અને ઈંઈંટ નિવારણ, પરીક્ષણ, સારવાર અને સંભાળ સેવાઓ મેળવવાના લોકોના અધિકારોને જાળવી રાખવા, જેમાં મહિલાઓ અને છોકરીઓ, પુરુષો અને છોકરાઓ, બાળકો અને HIV થી પ્રભાવિત કે જોખમ ધરાવતા મુખ્ય વસ્તીનો સમાવેશ થાય છે. ટૂંકમાં વૈશ્વિક એઈડ્સ વ્યૂહરચનાનો ઉદ્દેશ્ય લોકોને એચઆઈવી સારવાર કે એચઆઈવી નિવારણ સેવાઓ પૂરી પાડવાનો છે જે તેમને જરૂરી છે, આ બધું સલામત અને સહાયક વાતાવરણમાં. ૨૦૩૦ સુધીમાં એઈડ્સને સમાપ્ત કરવાના અમારા વૈશ્વિક ધ્યેયને આ રીતે પૂર્ણ કરી શકાય છે.

HIV થી પીડાતા ૪૦ મિલિયન લોકો સારવાર હેઠળ છે, અને વાયરલ રીતે દબાયેલા છે. ૨૦ મિલિયન લોકો ARV-આધારિત HIV નિવારણ વિકલ્પોનો ઉપયોગ કરી રહ્યા છે.બધા કલંક અને ભેદભાવ મુક્ત સંભાળ સાથે તબીબી સુવિધાઓ મેળવી રહ્યાં છે.ગ્લોબલ એઈડ્સ સ્ટ્રેટેજી ૨૦૨૭-૨૦૩૧, HIV સેવાઓના ઝડપી સ્કેલ પર ભાર મૂકવાને ભવિષ્યમાં તેની સિદ્ધિઓને ટકાવી રાખી શકે તેવા પ્રતિભાવ બનાવવા સાથે જોડે છે. તેમાં મુખ્યત્વે હસ્તક્ષેપ-કેન્દ્રિત અભિગમથી લોકો-કેન્દ્રિત અભિગમ તરફ અને દાતા-અને ભાગીદાર નેતૃત્વવાળી સિસ્ટમથી દેશ-માલિકી અને નેતૃત્વવાળી (સમુદાયો અને નાગરિક સમાજ સહિત) પ્રણાલી તરફ આગળ વધવાનો સમાવેશ થાય છે, જે સહિયારી જવાબદારીના માળખામાં હોય.




આ વ્યૂહરચના કટોકટી, દાતા-સંચાલિત HIV પ્રતિભાવથી ટકાઉ, રાષ્ટ્રીય સ્તરે સંચાલિત, અધિકાર-આધારિત અને સંકલિત અભિગમ તરફ પરિવર્તનને સ્ફટિકીકરણ કરે છે જે સ્થિતિસ્થાપક આરોગ્ય અને સામાજિક પ્રણાલીઓમાં જડિત છે. તે લાંબા ગાળાના સ્થાનિક ધિરાણ અને સાર્વત્રિક આરોગ્ય કવરેજ અને પ્રાથમિક આરોગ્ય સંભાળ અને અન્ય પ્લેટફોર્મમાં HIV ના એકીકરણ પર ભાર મૂકે છે.

પરિવર્તનનો સિદ્ધાંત અને ૨૦૩૦ ના માર્ગની આ વ્યૂહરચના વૈશ્વિક જાહેર આરોગ્ય માટે એક અસાધારણ સમયગાળાનો જવાબ આપે છે. પરિવર્તનનો સિદ્ધાંત કટોકટી, દાતા-સંચાલિત HIV પ્રતિભાવથી એક ટકાઉ, રાષ્ટ્રીય સ્તરે સંચાલિત, અધિકાર-આધારિત અને સંકલિત અભિગમ તરફ પરિવર્તનને સ્ફટિકીકૃત કરે છે જે સ્થિતિસ્થાપક રાષ્ટ્રીય, ઉપ-રાષ્ટ્રીય અને સમુદાય આરોગ્ય અને સામાજિક પ્રણાલીઓમાં જડિત છે. તે મજબૂત દેશની માલિકી, સમુદાય નેતૃત્વ, લાંબા ગાળાના સ્થાનિક ધિરાણ અને યુનિવર્સલ હેલ્થ કવરેજ અને પ્રાથમિક આરોગ્ય સંભાળ પ્લેટફોર્મમાં HIV ના એકીકરણ પર ભાર મૂકે છે. તે ત્રણ પ્રાથમિકતાઓ અને પરિણામોના ક્ષેત્રોમાં દેશની પ્રણાલીઓને મજબૂત બનાવવા માટે નક્કર પગલાંનો પ્રસ્તાવ મૂકે છે.



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

UNAIDS એ HIV પ્રતિભાવની ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે એક નવો અભિગમ પ્રસ્તાવિત કર્યો છે . આ સર્વાંગી અભિગમ પાંચ ટકાઉપણું ક્ષેત્રોમાં ફેલાયેલો છે, જેમાં રાજકીય નેતૃત્વ અને પ્રતિબદ્ધતા, સક્ષમ કાયદાઓ અને નીતિઓ, ટકાઉ અને સમાન ધિરાણ, વિજ્ઞાન-સંચાલિત, અસરકારક અને ઉચ્ચ-અસરકારક HIV સેવાઓ અને ઉકેલો, અને પહોંચાડવા માટે બનાવવામાં આવેલી સિસ્ટમોનો સમાવેશ થાય છે. આપણે બધા તેની સાથે ઉભા છીએ, HIV પ્રતિભાવ અને વ્યાપક વૈશ્વિક આરોગ્ય પ્રયાસોની ટકાઉપણું માટે સમુદાયો આવશ્યક છે, અને તેઓ તેમના મિશન પ્રત્યે અડગ પ્રતિબદ્ધ રહે છે: ખાતરી કરવી કે HIV સાથે રહેતા અને પ્રભાવિત બધા લોકો સાથે ગૌરવ અને આદર સાથે વર્તન કરવામાં આવે. જોકે, ૪૪ થી વધુ વર્ષોથી, સમુદાયોએ પ્રતિકૂળતાઓનો સામનો કર્યો છે, કલંક, ભેદભાવ, ગુનાહિતકરણ, ભંડોળમાં કાપ અને રાજકીય પ્રતિક્રિયા-તેમ છતાં તેમની પ્રાથમિક ભૂમિકા એ સુનિશ્ચિત કરવાની છે કે આરોગ્ય સેવાઓ સૌથી વધુ સંવેદનશીલ વસ્તી સહિત તમામ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે. આ કારણોસર, આ વર્ષના શૂન્ય ભેદભાવ દિવસ પર, UNAIDS દેશો, દાતાઓ અને ભાગીદારોને ટકાઉ HIV પ્રતિભાવો બનાવવા માટે કામ કરતી વખતે સમુદાયોને ટેકો આપવાની તેમની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવા માટે આહ્વાન કરેલ છે.


**ગ્લોબલ એઈડ્સ સ્ટ્રેટેજી ૨૦૨૬-૨૦૩૧, એ ૨૦૩૦ સુધીમાં જાહેર આરોગ્યના ખતરા તરીકે એઈડ્સનો અંત લાવવા અને ૨૦૩૦ પછી એચઆઈવી પ્રતિભાવ જાળવી રાખવા માટે એઈડ્સ પ્રતિભાવના ભવિષ્ય માટેના વૈશ્વિક પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરે છે: આ એક એવી વ્યૂહરચના છે, જે વિશ્વને એક કરે છે**

# વાંકાનેર: જોગજતી હનુમાન ગુફા ખાતે બુધવારે રણછોડદાસજીબાપુની ૪૦મી પૂણ્યતિથિ ધામધૂમથી ઉજવાશે

**શ્રી મારૂતી યજ્ઞ, મહાપ્રસાદ, સંતવાણી સહિત અનેકવિધ કાર્યક્રમોની હારમાળા: શિષ્ય પરિવારોમાં અનેરો ઉત્સાહ: તડામાર તૈયારીઓનો ધમધમાટ: સમગ્ર ગુફાને રોશનીનો શણગાર**

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં વિશીપરા ધમલપર રોડ પર આવેલ સુપ્રસિધ્ધ જોગજતી હનુમાન ગુફા ખાતે સદગુરૂદેવ રણછોડદાસજી બાપુની ૪૦મી પૂણ્યતિથિ તા. ૪-૩-૨૬ને બુધવારના રોજ અનેકવિધ કાર્યક્રમ થકી ઉજવાશે.



કાર્યક્રમના પ્રારંભે ગુરૂદેવના પાદુકા પુજન, મહામારૂતી યજ્ઞ, ભોગદર્શન, બાદ તમામ શિષ્ય પરિવારો માટે મહાપ્રસાદ, સંતવાણી સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાશે. પૂ.બાપુની ૪૦મી પૂણ્યતિથિ ઉજવવા શિષ્ય પરિવારોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. સમગ્ર ગુફા તથા પ.પુ.બાપુના સ્મૃતિ મંદિરને રોશનીનો સણગારથી દીપી ઉઠેલ છે.

આ દિવ્ય અવસરનો પ્રારંભ તા.૪ને બુધવારે સવારે ૮ કલાકે મારૂતી યજ્ઞ યોજાશે જે સાંજે ૪.૩૦ કલાકે બીડુ હોમાશે ત્યારબાદ સાંજે ૬ કલાકથી દરેક શિષ્ય પરિવારો માટે મહાપ્રસાદનું આયોજન સેવક ગણ તરફથી કરવામાં આવેલું છે. જેમાં હજારો શિષ્ય પરિવાર મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવશે.

ત્યારબાદ રાત્રે નવ કલાકથી અલૌકિક સંતવાણીનો પ્રારંભ થશે. જેમા નામાંકિત કલાકારો દલસુખ પ્રજાપતિ, કિશોર વાઘેલા, ભાવેશ પટેલ, પંકજ સોઢા, એકકા ઉસ્તાદ તથા અબ્દુલ ઉસ્તાદ સહિતના કલાકારો તેમની કલા પીરસશે તો દરેક ભાવિક ભકતજનોએ સંતવાણીમાં પધારવા સેવક ગણ પરિવાર તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલું છે.

જે સમગ્ર કાર્યક્રમમાં જાગેજતી મંડપ, ક્રિશ્ના ડેકોરેશન તથા રામદેવ ડી.જે. સાઉન્ડ નિઃસ્વાર્થ ભાવે સેવા આપશે.

સમગ્ર કાર્યક્રમનું સ્થળ જોગજતી હનુમાનજી ગુફાની જગ્યા રામટેકરી, ધમલપર ૨ તા. વાંકાનેરનો દરેક કાર્યક્રમો લાભ લેવા જોગજતી ગ્રુપ દ્વારા અનુરોધ કરવા જણાવ્યું છે.

## વિસાવદર ગુરૂકુળના સ્વામી આનંદસ્વરૂપના જન્મદિવસે પાંચ લેટરીન ચેરનું કરાયું દાન

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિની સેવા કાર્યોની પ્રવૃત્તિઓ જોઈ દિનપ્રતિદિન જુદા જુદા દાતાઓ તરફથી સેવા કાર્યોથી પ્રેરાઈને અવારનવાર જુદી જુદી વસ્તુઓ દાનમાં આપવામાં આવે છે વિસાવદર સ્વામિનારાયણ ગુરુકુળના સ્વામી આનંદસ્વરૂપ સ્વામીનો જન્મ દિવસે હોય ગણપતિ ઉત્સવ સમિતિના સ્થાપક પ્રમુખ સુરેશભાઈ સાદરાણી ને બોલાવી ગણપતિ ઉત્સવ સમિતિના સેવાકાર્યોની પ્રશંશા કરી પાંચ લેટરીન ચેરનું અનુદાન આપ્યું હતું.

## વઢવાણમાં શિતલ ગાયની પ્રતિમાની સ્થાપના સાથે નવનિર્મિત ગૌશાળાનું ઉદ્ઘાટન

**ગૌલોકવાસી ગૌ માતા શિતલની પ્રતિમાની શોભાયાત્રામાં સંતો મહંતો ગૌભકતો ઉમટી પડયા**

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના દુધરેજ વડવાળા મંદિર ખાતે હોળીના દિવસે ગૌલોક થયેલ શીતલ ગાયના સ્મરણાર્થે ગૌશાળાનું ભવ્ય ઉદઘાટન થશે જેના ભાગરુપે પૂર્વ સંધ્યાએ વઢવાણ કોઠારીયા રોડ પર આવેલ વજાભગતની ગૌશાળા થી શીતલ ગાયની પ્રતિમા સાથે દુધરેજ નવનિર્મિત ગૌશાળા સુધી ભવ્ય ગૌ-યાત્રા કાઢવામાં આવી હતી.

દુધરેજ ખાતે સ્મસ્ત રબારી સમાજની ગુરૂગાદી વડવાળા મંદિરના મહામંડલેશ્વર ૧૦૦૮ કનીરામ બાપુને ગાય માતા સૌથી વહાલી છે અને વર્ષોથી ગાયોની સેવા કરી રહ્યા છે. વડવાળા મંદિરની હાલ બે થી ત્રણ ગૌશાળા પણ કાર્યરત છે. જેમાં મોટી સંખ્યામાં ગાયોની સાર સંભાળ રાખવામાં આવે છે ત્યારે કનીરામ બાપુની સૌથી પ્રિય એવી શીતલ ગાય ગૌલોક થયા બાદ તેના સ્મરણાર્થે દુધરેજ પાસે ભવ્ય શીતલ ગૌશાળાનું અંદાજે ૧૦ એકર જમીનમાં નવનિર્માણ કરવામાં આવ્યું છે. જેનું આજે હોળીના દિવસે રાજ્યભરના સંતો મહંતો અને આગેવાનો સહિતનાઓની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદ્ઘાટન થશે. જેના ભાગરૂપે ગૌલોક થયેલ શીતલ ગાયની પ્રતિમા બનાવવામાં આવી હતી અને ત્યાંથી ગાયની પ્રતિમા સાથે ગૌયાત્રા શરૂ કર્યા બાદ કાશીધામ કાસવા ગોગા મહારાજના આંગણે પણ ગૌયાત્રા કાઢવામાં આવી હતી. ગૌયાત્રાનું વઢવાણ કોઠારીયા રોડ પર આવેલ વજા ભગતના આશ્રમ ખાતે આગમન થયું હતું અને ત્યાંથી દુધરેજ વડવાળા મંદિર પાસે નવનિર્મિત શીતલ ગૌશાળા સુધી પ્રતિમા સાથે ભવ્ય ગૌયાત્રા કાઢવામાં આવી હતી મહામંડલેશ્વર કનીરામ બાપુ, કોઠારી મુકુંદરામ બાપુ સહિત સંતો મહંતો સહિત રબારી સમાજના



લોકો અને યુવાનો બાઈક અને કાર સાથે જોડાયા હતા જયારે આજે હોળીના દિવસે શીતલ ગાયની પ્રતિમાની સ્થાપના કર્યા બાદ ગૌશાળાનું સંતો અને મહંતોની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદઘાટન કરવામાં આવશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૨-૦૩-૨૦૨૬ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ગુલકંદ પુરણ પુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.નિધિકુમાર પટેલ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૩-૦૩-૨૦૨૬ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




## તા. ૩-૩ -૨૦૨૬ મંગળવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ પુનમ હોળાષ્ટક પૂરા ચંદ્ર ગ્રહણ
**નક્ષત્ર** મઘા
**યોગ** સુકર્મા **કરણ:** બાલવ
**સુર્યોદય** ૭.૦૭ **સુર્યાસ્ત:** ૬.૫૧
**ચંદ્ર રાશી** સિંહ
**રાશિ અક્ષર** મ.ટ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૧ | | | | | | |
| ૫ | | | | | | | | ૭ |
| | | | | | | ૮ | ૩ | |
| | | ૮ | | | | ૭ | ૨ | ૬ |
| ૭ | | | | ૨ | | | | |
| | | | | ૪ | ૧ | | | |
| ૨ | ૯ | | ૩ | | | | | |
| | | ૩ | | ૫ | | | | ૮ |
| | | | | | | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૬ | ૧ | ૩ | ૨ | ૫ | ૭ | ૯ |
| ૫ | ૧ | ૯ | ૮ | ૭ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૪ | ૭ | ૧ | ૯ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૮ | ૫ | ૪ | ૬ | ૩ | ૭ | ૯ | ૧ |
| ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૬ | ૩ | ૪ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ | ૫ | ૭ |
| ૪ | ૫ | ૩ | ૯ | ૨ | ૭ | ૮ | ૧ | ૬ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૩.૩.૨૦૨૬ મંગળવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ પૂનમ, મઘા નક્ષત્ર, સુકર્મા યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ સિંહ (મ,ટ)રહેશે**


જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિધાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે, સફળતા મળે,શુભ દિન.
**વૃષભ** (બ,વ,ઉ) : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.
**મિથુન** (ક,છ,ઘ) : કાર્યમાં સફળતા મળતી જણાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, સામાજિક કાર્ય કરી શકો, શુભ દિન.
**કર્ક** (ડ,હ) : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
**સિંહ** (મ,ટ) : આજના દિવસે કામકાજમાં સફળતા મળે, તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો, પ્રગતિ થાય.
**કન્યા** (પ,ઠ,ણ) : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા, બોલવામાં કાળજી રાખવા સલાહ છે.
**તુલા** (ર,ત) : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**વૃશ્ચિક** (ન,ય) : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે, ધીમી પ્રગતિ જોવા મળે, સુંદર દીવસ.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે, ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે.
**મકર** (ખ,જ) : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
**કુંભ** (ગ ,સ,શ) : રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
**મીન** (દ,ચ,ઝ,થ) : જીવન પધ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં કાળજી લેવી, મધ્યમ દિવસ.

## ‘જય આદિનાથ’ના નાદ સાથે ગુંજી ઉઠી તળેટી

# પાલીતાણામાં ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ કરી શેત્રુંજય ગિરિરાજની કઠિન છ ગાઉ પરિક્રમા

### કૃષ્ણપુત્રો પ્રદ્યુમ્ન-સામ્બના મોક્ષ કલ્યાણક નિમિત્તે ભાવિકોએ અનુભવી ધન્યતાઃ સિદ્ધવડ અને પાલ વિસ્તારમાં ૧ લાખથી વધુ માનવમેદની ઉમટી પડી૮૮થી વધુ પાલમાં ભવ્ય સંઘ પૂજન અને અદભૂત ભોજન વ્યવસ્થા

**અબતક, અંકુર મેહતા, પાલીતાણા**

જૈન ધર્મના શાશ્વત અને સર્વોચ્ચ તીર્થધામ પાલીતાણા ખાતે આજે ફાગણ સુદ તેરસના પવિત્ર દિવસે શેત્રુંજય ગિરિરાજની સુપ્રસિદ્ધ અને કઠિન છ ગાઉ પરિક્રમાનો ભવ્ય પ્રારંભ વહેલી સવારે ૪ વાગ્યે થયો હતો. તળેટી વિસ્તાર ’જયજય શ્રી આદિનાથ’ના ગગનભેદી નાદ સાથે ગુંજી ઉઠ્યો હતો. આ ઐતિહાસિક યાત્રામાં દેશભરમાંથી જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાંથી પધારેલા ૫૦ હજારથી વધુ શ્રાવક-શ્રાવિકાઓ, સાધુ-સાધ્વીજી ભગવંતોએ અદમ્ય ઉત્સાહ અને અખૂટ ભક્તિભાવ સાથે ભાગ લીધો હતો.

ગિરિરાજની તળેટીથી શરૂ થયેલી આ યાત્રા દરમિયાન યાત્રિકોએ સર્વપ્રથમ આદિશ્વર દાદાની મોટી ટૂંકમાં દર્શન કર્યા હતા. ત્યારબાદ રામપોળથી બહાર નીકળી દેવકીનંદનની દેરી, ઉલખા જળ, અને અજિત-શાંતિનાથની દેરીના દર્શન-ચૈત્યવંદન કર્યા હતા. પાવનકારી ચિલ્લણ (ચંદન) તલાવડી ખાતે બેઠા-સૂતા કે ઉભા ૯ કે ૧૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી યાત્રિકોએ આત્મશુદ્ધિ કરી હતી.

યાત્રાનું મુખ્ય આકર્ષણ ભાડવાના ડુંગર પર આવેલી પ્રદ્યુમ્ન અને સામ્બ કુમારની દેરી હતી. માન્યતા અનુસાર, ભગવાન કૃષ્ણના આ બંને પુત્રો સાડા ત્રણ કરોડ મુનિઓ સાથે આજના દિવસે જ અહીં મોક્ષ પામ્યા હતા. યાત્રિકોએ ભાડવાના ડુંગર પર ચૈત્યવંદન કરી ત્યારબાદ સિદ્ધવડ ખાતે દાદાના પગલાંના દર્શન કરી પાલ વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો.

### સુરક્ષા અને સુવિધા માટે તંત્ર સજ્જ

યાત્રિકોની સુરક્ષા અને સુવિધા માટે પ્રશાસન સંપૂર્ણ સજ્જ હતું. સારવાર કેન્દ્ર દ્વારા યાત્રિકોને મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી, તેમજ આકસ્મિક સંજોગોને પહોંચી વળવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાલમાં ખોવાયેલ કે ગુમ થયેલ વ્યક્તિઓ માટે સતત એનાઉન્સમેન્ટની વ્યવસ્થા હતી. ઉપરાંત, એસ.ટી. તંત્ર દ્વારા આદપુર-સિદ્ધવડ જવા-આવવા માટે ખાસ બસ વ્યવસ્થા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

### પાલમાં ભવ્ય સ્વાગત અને સેવાકીય પ્રવાહ

પરિક્રમા પૂર્ણ કરનાર યાત્રિકો માટે પાલમાં અદભૂત અને ભવ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં ૮૮થી વધુ પાલમાં યાત્રિકોના જમણા પગના અંગૂઠા દૂધ-પાણીથી પખાળી, કુમકુમ તિલક કરી સંઘ પૂજન કરાયું હતું. સેવાભાવી સંસ્થાઓ દ્વારા ફ્રૂટ, વિવિધ વાનગીઓ, આયંબિલ અને તપસ્વીઓ માટે એકાસણા-બિયાસણાની સુંદર વ્યવસ્થા હતી. તેમજ શેત્રુંજય પર્વતથી આદપુર પાલ સુધી ઠેર-ઠેર ઉકાળેલા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.



# જૂનાગઢઃ પાણીની પાઈપ લાઈનમાં ગટરના પાણી ભળી જતા ૪૫ને ઝાડા-ઉલટીઃ ફફડાટ

### રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા ઓઘડ નગરમાં ૧૫૦થી વધુ ઘરોમાં બે વખત સર્વેલન્સ કરાયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ જોષીપરા વિસ્તારમાં આવેલ ઓઘડ નગરમાં પાણીની પાઈપલાઈનમાં ગટરના પાણી ઘુસી જતા દુષિત થયેલ પાણીના કારણે ૪૫ થી વધુ લોકોને ઝાડા ઉલટી થઈ જતા આરોગ્યતંત્ર દ્વારા તાત્કાલિક પગલા હાથ ધરાયા હતા. આ સાથે રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા ઓઘડ નગરના અંદાજે ૧૫૦ થી વધુ ઘરોમાં બે વખત સર્વેલન્સ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

જૂનાગઢના જોષીપરા વિસ્તારમાં આવેલા ઓઘડ નગરમાં પાણીના પાઈપ લાઈનનું સમારકામ કરવામાં આવ્યું હતું, જેમાં ગટરના પાણી ભળી જતા પીવાના પાણી દૂષિત થયું હતું. જેને લઈને ઓઘડ નગર વિસ્તારમાં એકાએક ઝાડા ઉલટીના કશો વધવા પામ્યા હતા. આ અંગેની જાણ થતા મનપાના વિરોધ પક્ષના નેતા ઓઘડ નગર ખાતે પહોંચ્યા હતા અને આરોગ્ય તંત્રને જાણ કરાતા આરોગ્યની ટીમ પણ ઓઘડ નગરમાં પહોંચી હતી. જે દરમિયાન અનેક લોકોને ઝાડા ઉલટીની અસર સાથે દવાખાનામાં દાખલ કરવાની સ્થિતી ઉત્પન્ન થઈ હતી.

ડો.હિરેન રૂપારેલિયાના જણાવ્યા અનુસાર, જાડા ઉલટીની ફરિયાદ સાથે દવાખાનામાં ૪૫ જેટલા કેસ નોંધાયા હતા. જેમાંથી ૨૬ લોકોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જ્યારે એક દર્દીને ડીહાઈડ્રેશનની અસર વધુ હોવાથી ટીંબાવાડી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, અને ત્યાં તેમને ફ્લોઈડસ ચડાવવામાં આવ્યા હતા. આ સાથે બે વૃદ્ધ દર્દીઓને વધુ અસર જણાતા તેમને જૂનાગઢની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ઓઘડ નગરમાં એકાએક જાડા ઉલટીના કેસ વધતા રેપિડ રિસ્પોન્સ ટીમ ઓઘડ નગરમાં પહોંચી હતી. અને ૧૫૦ થી વધુ ઘરોમાં બે વખત સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું.

તાત્કાલિક ધોરણે પાણીની પાઈપ લાઈનમાં ભળેલ ગટરના પાણી અટકાવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવે તેવું પણ મનપા અધિકારીઓને જણાવ્યું હતું.

આ અંગેની જાણ થતા વોર્ડ નં. ૬ ના કોર્પોરેટર જ્યોતિબેન કેશવાલા એ પણ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી, અને મનપા તથા આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી હતી. તે સાથે આ વિસ્તારના સામાજિક કાર્યકર અનિલભાઈ કેસવાલાએ આક્ષેપ કર્યો હતો કે, ગટરના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે આવી ઘટનાઓ અવાર નવાર બને છે.

વોર્ડ નં. ૬ના ભાજપના કોર્પોરેટર પ્રવીણ વાઘેલાએ જણાવ્યું હતું કે, પાણીના સેમ્પલ લેવાઈ ગયા છે. અને તેમના રિપોર્ટ આવે તથા આ વિસ્તારમાં આ સમસ્યાનો કાયમી ઉકેલ ના આવે ત્યાં સુધી મનપા અને કોન્ટ્રાકટર દ્વારા ટેન્કર મારફત આ વિસ્તારના લોકોને પાણી પૂરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

# સ્વદેશી મેળો સ્થાનિક બહેનાના હુન્નરને માર્કેટીંગ પ્લેટફોર્મ માટેનું સશકત માધ્યમઃ મંત્રી કૌશિક વેકરીયા



### અમરેલીમાં દશ દિવસીય સ્વદેશી મેળાનો આરંભ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**


અમરેલી નગરપાલિકા દ્વારા આત્મનિર્ભર સખી સર્જનથી સમૃદ્ધિ સુધીના અભિગમ સાથે આયોજિત દસ દિવસના સ્વદેશી મેળાનું ૪૬ સ્ટોલ સાથે રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદો અને ન્યાય વિભાગના રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

અમરેલી નગરપાલિકા દ્વારા ૧૦ દિવસના સ્વદેશી મેળામાં વોકલ ફોર લોકલ સૂત્રને સાર્થક કરાતા હસ્તકલાની વસ્તુઓ, ઘરગથ્થુ પ્રોડક્ટ્સ, કપડાં અને અન્ય વિવિધ ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવશે. મેળાના પ્રારંભ પ્રસંગે મંત્રી વેકરિયાએ દરેક સ્ટોલની મુલાકાત લઈ બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. આ મેળો માત્ર વેચાણનું કેન્દ્ર નથી, પરંતુ આપણી સ્થાનિક બહેનોના હુન્નરને માર્કેટિંગ પ્લેટફોર્મ પૂરું પાડવાનું સશક્ત માધ્યમ હોવાનું રાજ્યમંત્રીએ જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન રાજ્યમંત્રીએ ઉત્કૃષ્ટ કાર્ય કરતા સ્વ-સહાય જૂથોને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

નગરપાલિકાની ટીમ દ્વારા આયોજિત આ ૧૦ દિવસના મેળામાં સવારે ૧૦ થી રાત્રિના ૧૦ સુધી મહત્તમ લાભ લેવા અને સ્થાનિક ચીજવસ્તુઓની ખરીદી કરી સ્વદેશી ભાવનાને પ્રોત્સાહન આપવા માટે નગરજનોને અપીલ કરવામાં આવી છે.

# ગાંધીધામઃ માથાભારે શખ્સોના ગેરકાયદે વીજ જોડાણ કાપતું તંત્ર





**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામના સુંદરપુરી વિસ્તારમાં રહેતા અને ખુનની કોશિશના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ હનીફ હાસમ સાયચા અને નાઝીર નુર મહોમંદ નોતીયાર વિરુદ્ધ પોલીસે કડક પગલાં લીધા છે. એસ.પી. સાગર બાગમારની સૂચના મુજબ, ગુનાહિત પ્રવૃત્તિ કરતા તત્વોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે પી.આઈ. એમ.ડી. ચૌધરીની ટીમે પીજીવીસીએલને સાથે રાખી તપાસ કરી હતી. તપાસ દરમિયાન આરોપીઓના રહેણાંક મકાનોમાં ગેરકાયદેસર વીજ જોડાણો મળી આવતા કનેકશન કાપી નાખવામાં આવ્યા હતા અને રૂ.૨૦,૦૦૦/- નો દંડ ફટકારવામાં


**જાહેર નોટીસ**

જન્મ-મરણ કેસ નં.૫/૨૦૨૬

શ્રી રાજુભાઈ કાળાભાઈ સાનાણી ..........અરજદાર

વિરૂદ્ધ

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, મોટાદડવા, તા.ગોંડલ, જી.રાજકોટ ..........સામાવાળા

**વિષય :-જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારની પુત્રી-ગીતાબેન રાજુભાઈ સાનાણીનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૫ ના રોજ મોટાદડવા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, ’તાલુકા સેવા સદન‘‘, ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આજે તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

શોર્ટ ટાઈમ રિ-ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)

જાહેરાત ક્ર.-૩૧/૨૦૨૫-૨૬

રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય રાજયોની જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Construction of new Furnace laboratory in Physics Department at Saurashtra University, Rajkot | |
| અંદાજીત રકમ | રૂ.૩૦,૦૬,૨૭૭/- | |
| કામની સમયમર્યાદા | ૧.૫ મહિના | |
| ઈ.એમ.ડી. | રૂ.૩૦,૦૬૩/- | |
| ટેન્ડર ફી | રૂ.૧,૭૭૦/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | ૧૬:૦૦ |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧૬/૦૩/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.edu | |

ઉપરોકત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોકત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી -રાજ-૧૮૮૬-૨૫-૨૬ કુલસચિવ



**FORM IV**

**(See Rule 8)**

Statement about ownership and other particulars about Newspaper "**ABATAK**" to be published in the first issue every year after the last day of February.

1. Place of Publication : Arham Publication, Rastriya Shala Road, Rajkot
2. Periodicity of its Publication : Evening Daily
3. Printer's Name : Mr.Satishkumar Shantilal Mehta
   Nationality: Indian
   Address : Arham Publication, Rashtriya Shala Road, Rajkot - 360001
4. Publisher's Name : Mr.Satishkumar Shantilal Mehta
   Nationality: Indian
   Address : Arham Publication, Rashtriya Shala Road, Rajkot. - 360001
5. Editor's Name : Mr.Satishkumar Shantilal Mehta
   Nationality : Indian.
   Address : Arham Publication, Rashtriya Shala Road, Rajkot. - 360001
6. List of Shareholders holding more than 1% of total paid up capital of the company
   1. Mr.Satishkumar Shantilal Mehta ( 'Sanyog', 8-Geet gurjari society, Airport Road, Rajkot - 360007)
   2. Mr.Devansh Satishkumar Mehta ( 'Sanyog', 8-Geet gurjari society, Airport Road, Rajkot - 360007)
   3. Mr.Yogeshkumar Shantilal Mehta ( 'Sanyog', 8-Geet gurjari society, Airport Road, Rajkot - 360007)

I, Mr.Satishkumar Shantilal Mehta hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date: 02/3/2026

**Satishkumar Shantilal Mehta**
**Publisher**

ABATAK EVENING - RAJKOT અબતક

તંત્રી લેખ

# જ્ઞાન આધારિત "અર્થતંત્ર" તરફ આગળ વધતું ગુજરાત

ગુજરાતમાં બાયોટેકનોલોજી અને વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતિનો નવો યુગ શરૂ થયો છે. ''જ્ઞાન આધારિત અર્થતંત્ર'' તરફ ગુજરાત આગળ વધી રહ્યું છે.ગુજરાત આજે માત્ર ઉદ્યોગોનું હબ નથી પરંતુ વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝનને સાકાર કરવા વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે પણ અગ્રેસર બન્યું છે.

સંશોધન, નવીનતા, સ્ટાર્ટઅપ્સ, શિક્ષણ અને વૈજ્ઞાનિક જાગૃતિ ક્ષેત્રોમાં રાજ્યએ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. ગુજરાતમાં એક મજબૂત અને સક્રિય સાયન્ટિફિક ઈકોસિસ્ટમ વિકસિત થઈ છે. ગુજરાતે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ગુજરાતે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. રાજ્ય આજે દેશના ટોચના બાયો-ઈન્ક્યુબેટરોમાં સ્થાન પામ્યું છે. આ સંસ્થા ટેકનોલોજી આધારિત સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપે છે અને આત્મનિર્ભર ગુજરાત ફેલોશિપ જેવી પહેલ દ્વારા યુવાનો અને પ્રોફેશનલ્સને માસિક ભથ્થું તેમજ ઈનોવેશન ગ્રાન્ટની સહાય આપે છે. સીડ ગ્રાન્ટ, ઈક્વિટી ફંડિંગ, વૈજ્ઞાનિક ઉપકરણો, મેન્ટરિંગ અને ઈન્ક્યુબેશન જેવી સુવિધાઓ થકી ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સને સહાય આપવામાં આવે છે.

મરિન બાયોટેકનોલોજી અને પ્રિસિઝન હેલ્થ, મલ્ટી એમિક્સ પ્લેટફોર્મ્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં તેનું વિસ્તરણ રાજ્યને સંશોધન આધારિત અર્થતંત્ર તરફ દોરી જશે.પ્લેનેટ અર્થ, નેચર પાર્ક, લાઈફ સાયન્સ પાર્ક, એક્વાટિક ગેલેરીઅને રોબોટિક ગેલેરી, અસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી જેવા આકર્ષણો રાજ્યમાં ઉપલબ્ધ છે. મુલસ્પેસ ફેસ્ટીવલ, સમર સાયન્સ, નેશનલ વાઈલ્ડ લાઈફ વીક, નેશનલ એન્જિનિયર્સ ડે, વર્લ્ડ ઓઝોન ડે, વર્લ્ડ સ્પેસ વીક સહભાગી થાય છે. સહાય અને આધાર પૂરો પાડે છે.

ગુજરાતે બાયોટેકનોલોજીને આર્થિક વિકાસ, જાહેર આરોગ્ય સુરક્ષા અને ટેકનોલોજીકલ આત્મનિર્ભરતા સાથે સાંકળીને એક સુવ્યવસ્થિત અને સ્થાયી વિકાસ મોડલ ઉભું કર્યું છે. રાજ્ય સરકારે નીતિગત પ્રોત્સાહન આપીને ખાનગી રોકાણ અને સંશોધન માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું છે.સમગ્ર રીતે જોવામાં આવે તો આ સંકલિત દ્રષ્ટિકોણ રાજ્યને દેશની બાયો-ઈકોનોમી અને વૈજ્ઞાનિક નેતૃત્વના અગ્રેસર રાજ્ય તરીકે સ્થાપિત કરવાની દિશામાં દ્રઢ બનાવે છે.

# ગીરનારના દુર્ગમ પહાડો પર ખડક ચઢાણના નવા રૂટ શરૂ કરાયા

## ૭મી રાષ્ટ્રીય કક્ષાની ખડક ચઢાણ શિબિરમાં સાહસિક યુવાનો હોંશભેર જોડાયા




**અબતક, દર્શન જોષી, જુનાગઢ**

ગુજરાતના સૌથી ઉંચા અને પ્રાચીન પર્વત ગીરનાર દુર્ગમ પહાડી વિસ્તાર સર કરવાની ૭મી રાષ્ટ્રીય કક્ષાની ખડક ચઢાણ શિબિર યોજાય હતી.

રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત રાષ્ટ્રીય કક્ષા ખડક ચઢાણ શિબિર ૨૦૨૫-૨૬ વિષે એડવેન્ચર ટુર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા માનદ ટ્રેઝરર નિરત ભટ્ટ એ જણાવ્યુ હતુ કહ્યું કે, ગીરનાર ક્ષેત્ર બાયોડાયર્વસીટીથી ભરેલું છે.ત્યારે જુનાગઢ ગીરનારના દુર્ગમ પહાડોમાં આ શિબિર મારફત નવા એક રુટ ઓપન કરવામાં આવ્યો છે અને એક રૂટ નિરક્ષણ કરવામાં આવ્યું હતું.

જુનાગઢ ખાતે તા.૨૨/૦૨/૨૦૨૬ થી તા.૨૮/૦૨/૨૦૨૬ દરમિયાન યોજાયેલ આ શિબિરના અંતિમ દિવસે યોજાયેલા સમારોહમાં મુખ્ય મહેમાન મનપાના સ્ટેન્ડીગ કમિટીના પલ્લવીબેન ઠાકરએ શીબીરાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે, રૂટ ઓપનીગમાં વિષય નિષ્ણાત અને ઈન્સ્ટ્રકટરઓની ખુબ મોટી ભૂમિકા છે,

તેમ આ સાહસિક પ્રવૃત્તિના ખરા અર્થના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નવાજ્યાં હતા. શહેર ભાજપ પ્રમુખ ગૌરવ રૂપારેલીયા જણાવ્યું હતું કે, મે પણ વિવિધ પર્વતારોહણ શિબિર કરી છે.

શિબિરના પૂર્ણાહુતી કાર્યક્રમના અધ્યક્ષ મનપાના ડે.મેયર, આકાશભાઈ કટારા, સ્ટેન્ડીગ કમિટીના પલ્લવીબેન ઠાકર, ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુના પૂર્વ પ્રિન્સીપાલ કે.પી. રાજપૂત, ઈન્સ્ટ્રકટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી શીબીરાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# ચોટીલાની જે.વી દોશી શાળાના વિદ્યાર્થીઓએ કલાસ ટીચરના નામે કર્યુ વૃક્ષારોપણ

## શાળા પરિસરમાં શિક્ષકના નામની તકતી સાથે બનાવ્યું ઉપવન



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલામાં આવેલી જે.વી. એચ. દોશી પ્રાથમિક શાળા બાળકોએ શાળાના મેદાનમાં શિક્ષણ આપતા વર્ગ ગુરુના નામની તકિત સાથે વૃક્ષો વાવી અનન્ય વૃક્ષ પ્રેમ દર્શાવ્યો હતો.

શાળાની પ્રાર્થના સભામાં બેગ, લેસ ડેના દિવસે વિદ્યાર્થીઓએ વકત્વમાં જણાવ્યું કે આ વિશાળ બ્રહ્માંડ એટલું મોટુ છે કે આજનું વિજ્ઞાન પણ તેની વિશાળતા માપી શકતું નથી.

શાળામાં વિશાળ મેદાન ૩૫૦ થી વધુ વૃક્ષોના છાયડા નીચે આનંદ કિલ્લોર કરે છે

એ કલાસ ટીચરના નામની તકતી મારી વૃક્ષો વાવી ઉપવન ઉભુ કરી સમાજને એક નવો સંદેશો આપ્યો છે.

# લખતર માર્કેટીંગ યાર્ડમાં ટેકાના ભાવેથી તુવેરની ખરીદીનો પ્રારંભ

## તુવેરના વેચાણ માટે ૧૦૫૮ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર રેલવે સ્ટેશન રોડ પર આવેલ માર્કેટીંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે તુવેરની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જે અંગે મળતી વિગત મુજબ લખતર એપીએમસી ખાતે સરકાર દ્વારા નિર્ધારિત ગુજએગ્રો ફ્રેશ કોન્સોટીયમ પ્રોડ્યુસર કંપની લી એજન્સી દ્વારા રૂ.૧૬૦૦ પ્રતિ મણ ટેકાના ભાવથી લખતર એપીએમસીના ચેરમેનના હસ્તે વિધિવત રીતે તુવેરની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

જેમાં તુવેર વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં લખતર તાલુકાના કુલ ૧૦૫૮ જેટલાં ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ખેડુતોને તુવેરના સારા અને પોષણક્ષમ ભાવ મળતા આનંદની લાગણી જોવા મળી હતી.

લખતર એપીએમસી ખાતે તુવેર ખરીદીના પ્રસંગે લખતર એપીએમસી વાઈસ ચેરમેન, તાલુકા ભાજપ પ્રમુખ તાલુકા પંચાયત પ્રમુખ સહિત એપીએમસીના ડાયરેકટરો સહિતના આગેવાનો, હોદેદારો અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોટડાસાંગાણીના પતાણી અને ગનિયાણી પરિવારના ભૂલકાઓએ રોઝા રાખી ખુદાની બંદગી કરી



**અબતક, સલીમ પતાણી,કોટડાસાંગાણી**

પવિત્ર રમજાન માસ નિમિત્તે કોટડાસાંગાણી શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા અત્યંત શ્રદ્ધાપૂર્વક ઈબાદત કરવામાં આવી રહી છે. કોટડાસાંગાણીના સલીમભાઈ પતાણી દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, તેમના પરિવારના માસૂમ ભૂલકાઓએ નાની વયે રોઝા રાખીને એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. નાના ભૂલકાઓમાં આયસા સલીમભાઈ ગનિયાણી ઉમર ૬ વર્ષ

આમેના ઈમ્તિયાઝભાઈ પતાણીઃ માત્ર ૪ વર્ષની નાની વયે આ બાળાએ પોતાનો પ્રથમ રોજો પૂર્ણ કરી ખુદાની બંદગી કરી હતી.

અયાન ઈમ્તિયાઝભાઈ પતાણીઃ ૯ વર્ષના બાળકે ૧૧ રોઝા રાખીને ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું.

મોહમ્મદ અલી સલીમભાઈ ગનિયાણીઃ ૧૧ વર્ષના બાળકે પણ શ્રદ્ધાપૂર્વક ૧૧ રોઝા પૂર્ણ કર્યા હતા. સલીમભાઈ પતાણીના ભાણેજ અને નવાસાઓના આ સાહસ અને શ્રદ્ધાને વધાવવા માટે પરિવાર દ્વારા ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. સલીમભાઈ પતાણી, કાદીર સલીમભાઈ પતાણી, અમીનભાઈ પતાણી અને ઈમ્તિયાઝભાઈ પતાણીએ આ તમામ બાળકોને ફૂલહાર પહેરાવી, મુબારકબાદી પાઠવી હતી.

# જૂનાગઢઃ દામોદર કુંડ ખાતે 'રાળ મનોરથ'માં જય જય દામોદર નાદ ગુંજયો



**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં આવેલ પાવન પવિત્ર દામોદર કુંડ સ્થિત રાધા - દામોદરજીના મંદિર ખાતે ગઈકાલે ''રાળ મનોરથ'' યોજાયો હતો. દર વર્ષે પરંપરાગત રીતે હોળી પૂર્વે યોજાતા રાળ મનોરથ પ્રસંગે રાધા - દામોદરજી મંદિર વાડીનાર રસિયા ભક્તિ પદોથી ગુંજ્યું હતું. હજારો ભાવિકો, શ્રદ્ધાળુઓ દ્વારા ''જય જય દામોદર''ના જય ઘોષ થયા હતા.

પુષ્ટિમાર્ગીય પરંપરા મુજબ, ગિરનારની ગિરિમાળાઓ વચ્ચે આવેલ રાધા દામોદરજીના મંદિરે ગઈકાલે સાંજે રાળ મનોરથ યોજાયો હતો, આ પ્રસંગે હજારોની સંખ્યામાં ભાવિકો, શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. રાધા - દામોદરજી મંદિરમાં હોળીના રસિયાના ગાન થયા હતા. બાદમાં મંદિર પરિસરમાં રાડ ઉડાડવામાં આવી હતી, આ રાળના દર્શન કરી ભાવિકો ભારે અભિભૂત થયા હતા.

દર વર્ષે જુનાગઢના દામોદર કુંડ નજીક આવેલ રાધા દામોદરજી મંદિર ખાતે રાળ મહોત્સવ યોજાય છે. ગિરનારની ગોદમાં અગ્નિ અને આસ્થાનો અહીં અનોખો સંગમ જોવા મળે છે. જ્યારે રાળ ઉડાડવામાં આવે ત્યારે ગગનચૂંબી જ્વાળાઓ પ્રગતિ ઊઠે છે.

એ દ્રશ્ય ખૂબ જ ભવ્યાતી ભવ્ય અને અદભૂત હોય છે. આ રાળના દર્શન કરવા હજારોની સંખ્યામાં ભાવિકો દર વર્ષે હોળી પૂર્વે યોજાતા રાળ મનોરથના પ્રસંગે ઉપસ્થિત રહે છે.

# ધ્રાંગધ્રાના સાત બાળકોએ રોઝા રાખી રમઝાનની ઈબાદત કરી



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

દેશભરમાં મુસ્લિમ સમાજનો પવિત્ર રમજાન માસ ચાલી રહ્યો છે. આ પવિત્ર માસ ઈબાદત, તપશ્ચર્ય અને સંયમનો પ્રતિક માનવામાં આવે છે. ઉનાળાની ગરમી વચ્ચે રમજાન માસ આવ્યો હોવાથી રોજા રાખવું વધુ પડકારજનક બની રહે છે પાણી વગર થોડો સમય રહેવું પણ મુશ્કેલ હોય છે, ત્યારે ધ્રાંગધ્રા શહેરના મુસ્લિમ સમાજના સાત નાનકડા ફૂલ જેવા બાળકો મહોમ્મદ નાહીદ નિઝામભાઈ, અયાન રમીજભાઈ માયક,અલીજા ઈલ્યાસભાઈ ઘાંચી,મિસબા સોહીલભાઈ મુલતાની, સૈફાન સાબીરભાઈ મુલતાની,આયસા આરીફભાઈ મંડલી,અબાન એનીભાઈ ગોરી, રોજા રાખીને અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# સમસ્ત કોળી અને ચુંવાળિયા ઠાકોર સમાજ દ્વારા નવું બંધારણ રચવા કવાયત

## લીંબડીના નાનાટિંબલા ગામે સમસ્ત બાવન ગામ તળપદા કોળી અને ચુંવાળિયા ઠાકોર સમાજનું મહાસંમેલન યોજાયું



**અબતક અશ્વિનસિંહ રાણા ,લીંબડી**

લીંબડી તાલુકા ના નાના ટિંબલા ગામે સમસ્ત ૫૨ ગામ કોળી અને ઠાકોર ચુંવાળિયા કોળી સમાજ સંગઠન અને સુધારણા સંદર્ભે મહાસંમેલન યોજાયું હતું. જેમાં કોળી ઠાકોર સમાજ ના ઉત્થાન માટે નવુ બંધારણ રચાવા ભાર મુક્યો હતો.

લીંબડી તાલુકાના નાના ટિંબલા ગામે સમસ્ત ૫૨ ગામ કોળી અને ઠાકોર ચુંવાળિયા કોળી સમાજ સંગઠન અને સુધારણા સંદર્ભે સંમેલન યોજાયું હતું. આ મહા સંમેલનમાં કોળી સમાજ આગેવાન વિજયભાઈ મેણિયા એ સમસ્ત ઝાલાવાડ તળપદા કોળી અને ચુંવાળિયા ઠાકોર સમાજ નુ નવુ બંધારણ રચવા અપીલ કરી હતી. તેમજ રાજકીય અને સામાજિક પ્રગતિ થાય એ માટે સમાજ ને વધુ સંગઠીત થવા કન્યા કેળવણી પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સંમેલનમાં માં કાળાસર જગ્યાના મહંત વાલજી મહારાજ, કોંગ્રેસના ધારાસભ્ય ઋત્વિક મકવાણા, આમ આદમી પાર્ટીના નેતા મયુર સાકરીયા ૫૨ ગામના પ્રમુખ તેજાલાલ મેટાલીયા તથા વિજયભાઈ મેણિયા, રાકેશ ડાભી, દિલિપભાઈ ઠાકોર તથા અર્જુનભાઈ ભડિયાદરા, જેરામ મેણિયા, રમેશ મેર ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથના પ્રભાસ પાટણમાં કોંગ્રેસ પ્રશિક્ષણ કાર્યશાળામાં કાર્યકરોને 'હોમ ટુ બુથ' અંગે કરાયા તાલીમ બધ્ધ

## જીલ્લા પ્રમુખ પુંજાભાઈ વંશ અને ટ્રેનર રજનીકાંતે આપ્યું માર્ગદર્શન



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ પ્રભાસપાટણ ખાતે રામ મંદિર ઓડિટોરીયમ મા ગીર સોમનાથ જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ પુંજાભાઈ વંશ ના અધ્યક્ષ સ્થાને કોંગ્રેસ કાર્યકરો ની આગામી ચુંટણી અંગે ટ્રેનર દ્વારા તાલીમ શિબિર યોજાઈ હતી.

આ અગાઉ રાહુલ ગાંધી અને મલ્લીકા અર્જુન ખડકે ના અધ્યક્ષ પદે જીલ્લા પ્રમુખો ના સંગઠન ની તાલીમ શિબિર યોજાયેલ હતી જેના અનુસંધાને કોંગ્રેસ ના કાર્યકરો ના ભવ્ય ઈતિહાસ સંબંધિત જાણકારી આપી કાર્યકરો ને આગામી સ્થાનિક સ્વરાજ્યની અને જીલ્લા પંચાયત ચૂંટણી માટે સજ્જ કરવા આ તાલીમ યોજાય હતી જેમા સુરેન્દ્રનગર થી આવેલ ટ્રેનર રજનીકાંત ભાઈએ બુથ લેવલ ની મત ગણતરી સુધી કેવી રીતે સજાગ રહેવું તેની માહિતી અને માર્ગદર્શન શહેર પ્રમુખો અને સેક્ટર પ્રમુખો ને આપ્યું હતું.

આ અંગે પુંજાભાઈ વંશ જણાવ્યું કે તાલીમ નો લાભ આગામી ચુંટણી મા મળશે

આ તાલીમ શિબિર મા જીલ્લા શહેર પ્રમુખો અને સેક્ટર પ્રમુખો ઉપરાંત કોંગ્રેસ અગ્રણી હિરાભાઈ જોટવા જયકર ભાઈ ચોટાઈ સહિત ના આગેવાનો એ હાજરી આપી હતી.

## હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અંતર્ગત

# વાંકાનેરમાં સ્વદેશી મેળો ખુલ્લો મુકતા જીતુ સોમાણી

## દશ દિવસીય સ્વદેશી મેળાનો મુખ્ય ઉદેશ્ય સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહીત કરવાનો




**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર નગરપાલીકા આયોજીત હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અંતર્ગત વાંકાનેરના ટાઉન હોલ પાસે શાખાના ગ્રાઉન્ડ ખાતે તા.૧ થી ૧૦ દશ દિવસ માટે ભવ્ય સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવેલ હતુ તે સ્વદેશી મેળાને આજે ૬૭ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીના હસ્તે ખુલ્લો મુકવામાં આવેલ હતો.

આ તકે વાંકાનેર પાલીકા પ્રમુખ ડીમ્પલબેન એચ. સોલંકી, ઉ.પ્રમુખ હર્ષિતભાઈ સોમાણી, ચીફ ઓફીસર ધવલભાઈ વેકરીયા, મોરબી જિલ્લા ભાજપ ઉ.પ્રમુખ ચેતનગીરી એસ. ગોસ્વામી પાલીકા કર્મચારી પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોકત સ્વદેશી મેળો ૧-૩ થી ૧૦-૩ દશ દિવસ સુધી સવારે દશ થી રાત્રીના દસ વાગ્યા સુધી અવિરત ચાલુ રહેશે અને શહેરના તમામ નાગરીકોને આ સ્વદેશી મેળાની અવશ્ય મુલાકાત લેવા ધારાસભ્ય જીતુભાઈ સોમાણી તથા પાલીકા પ્રમુખ ડીમ્પલબેન સોલંકીએ જાહેર જનતાને પધારવા આમંત્રણ સાથે યાદી આપતા જણાવેલ છે.

આ સ્વદેશી મેળાનો મુખ્ય ઉદેશ સ્થાનીક ઉત્પાદનોને પ્રોત્સાહીત અને લોકોને આત્મ નિર્ભર કરવાનો હોય છે.

# ગોંડલના અમરનગર - સુલતાનપુર રોડ પર દબાણ દુર કરવા ઝૂંબેશ

## નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા નોટિસો ફટકારાય

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલના દેરડી(કુંભાજી) સહિત અનેક ગામોમાં ગેરકાયદેસર ખડકાયેલા દબાણો દુર કરવા નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ દ્વારા નોટિસો આપવામાં આવી છે.

રોડ કાંઠાના બન્ને સાઈડના દબાણકર્તાને કારણ દર્શક નોટિસ ફટકારી જણાવ્યું હતું કે સ્થળ અમરનગર - સુલતાનપુર - દેરડી - રાવણા - વાસાવડ રોડ પર જમીન/ ડાબી બાજુ ઉપરનું રહેણાંક / બિન રહેણાંક પ્રકારનું અન-અધિકૃત બાંધકામ જે રસ્તાને નડતર રૂપ હોઈ સરકારના મહેસુલ વિભાગના પરિપત્ર અને પંચાયત અધિનિયમની કલમ-૯૪(૨) મુજબ સોંપવામાં આવેલ સત્તાઓ મુજબ ગેરકાયદેસર દબાણ દુર કરવા દિન-૭માં અન-અધિકૃત દબાણ દુર કરી જમીનનો કબ્જો શા માટે ના લેવો તેનું કારણ, જમીન માલિકીના પુરાવાઓ તથા બાંધકામ માટે સક્ષમ કક્ષાએથી મેળવેલ પરવાનગી સાથે રજુ કરવા નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન પેટા વિભાગ, દ્વારા નોટીસ ફટકારતા દબાણકારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

દેરડી(કુંભાજી) ગામે રોડની બન્ને સાઈડ વર્ષોથી દબાણો ખડકાઈ જવા પામ્યા છે.આ સાથે જ ગામમાં હાઈસ્કૂલ તરફ જતા શાળાના માર્ગ ઉપર પણ છેક રસ્તા કાંઠા સુધીના બન્ને કાંઠે દબાણો ખડકાઈ જવાથી બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારમાં ટ્રાફિકજામ સહિતના દ્રશ્યો સર્જાય છે. દબાણકર્તાઓએ સ્વેચ્છીક દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે રોડ કાંઠાના આ દબાણો દૂર થશે કે નહી તેવા સવાલો પણ ગ્રામજનોમાંથી ઉઠવા પામેલ છે.

# જેતપુરમાં યુવકને પછાડી માથે બેસી ગળું દબાવી હત્યાની કોશિશ

## તું કેમ મારી સામે ફરિયાદો કરે છે કહી અશ્વિન વેગડા તૂટી પડ્યો ઘરે ધસી જઈ પોલીસની હાજરીમા પણ બોલાચાલી કરી

**અબતક, રાજકોટ**

જેતપુરના નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતા યુવાનનું સ્કૂટર ઉભું રખાવી માથાભારે શખ્સેં ધક્કો મારી પછાડી દઈ માથે બેસી ગળું દબાવી હત્યાની કોશિશ કરી હતી. બાદમાં અશ્વિન વેગડાએ યુવકના ઘરે ધસી જઈ પોલિસની હાજરીમાં પણ બોલાચાલી કરી હરી. જેથી પોલિસેં માથાભારે શખ્સને અટકાયતમાં લઈ હત્યાની કોશિશ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે જેતપુરમાં ભાદરના સમકાંઠે નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષીય યુવાન જગદીશભાઈ પુંજાભાઈ પારધીએ આરોપી તરીકે અશ્વિન વિનુભાઈ વેગડાનું નામ આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલિસની ટીમે બીએનએસની કલમ ૧૦૯, ૧૨૬(૨), ૧૧૫(૨) તથા પ્રોહીબીશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા.૦૧-૦૩-૨૦૨૬ ના રોજ સાંજે આશરે પાંચ વાગ્યે હું મારા ઘરેથી મારૂ બર્ગમેન સ્કુટર લઈ સામાકાંઠે વાસુકી દાદાના મંદિર પાસે ચા-ફાકી ખાવા ગયેલ હતો. બાદ પરત મારા ઘરે જતો હતો. તે વખતે વિમલ સાડીના કારખાના પાસે રોડ ઉપર પાણીનું ટેન્કર ઉભેલું હોય જેથી હું તેની બાજુમાંથી નીકળવા જતા ત્યાં અશ્વિન વિનુભાઈ વેગડા પોતાનું સ્કૂટર ટેન્કર આગળ રોડ ઉપર ઉભું રાખી વાહન ચાલક સાથે દાદાગીરી કરતો હતો. અશ્વિન મને જોઈ સીધો જ મારી પાસે આવી મને ઉભો રખાવી મારા સ્કૂટરની ચાવી કાઢી કહેવા લાગેલ કે, તું કેમ મારી સામે ફરિયાદો કરે છે, આજ તો તને મારી જ નાખવો છે તેમ કહી મને જોરથી ધક્કો મારી પછાડી દઈ મને શરીર ઉપર જેમ ફાવે તેમ મુકા મારવા લાગેલ હતો. તેના હાથમાં સ્કૂટરની ચાવી હોય જેનાથી મને જમણી બાજુ પડખાના ભાગે તથા જમણા હાથમાં ટચલી આંગળીમાં ઈજા થયેલ હતી. જેથી હું ભાગવા જતા તે મારી ઉપર બેસી ગયેલ અને બંને હાથે મારૂ ગળું દબાવી કહેવા લાગેલ કે, આજ તો તને મારી જ નાખવો છે તેમ કહી મારું ગળું જોરથી દબાવી દીધેલ હતું. તે વખતે ત્યાં હાજર પ્રકાશ પારગી તથા વિક્રમસિંહે અશ્વિનને ખેંચી મારી ઉપરથી નીચે ઉતારેલ હતો. તેથી હું તરત જ ઉભો થઈ મારી ઘરે જતો રહેલ હતો.

ઘરે મારા પત્ની રીટાબેનને બનાવની વાત કરતા તેઓએ ૧૧૨ નંબર ડાયલ કરી પોલીસને જાણ કરેલ હતી. થોડીવાર બાદ ૧૧૨ પોલીસની ગાડી અમારા ઘરે આવતા અશ્વિન વેગડા અમારા ઘર પાસે આવી મારી પત્ની સાથે પણ બોલાચાલી કરવા લાગેલ હતો. જેથી પોલીસ તેને ૧૧૨ ની ગાડીમાં બેસાડી લઈ ગયેલ હતી. જે બાદ મને મારા ઘરે ઉલટીઓ થતી હોય અને ગળામાં ખૂબ જ દુખાવો થતો હોય મારી પત્નીએ ૧૦૮ એમ્બ્યુલન્સમાં મને પ્રથમ જેતપુર અને ત્યારબાદ જૂનાગઢ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. બનાવ અંગે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના બિછાનેથી યુવકે ફરીયાદ નોંધાવતા વધુમાં જણાવ્યું હતું કે, અશ્વિન વિનુભાઈ વેગડાએ અગાઉ બે વખત મને તથા મારા ઘરના સભ્યોને માર મારેલ હોય જે બાબતે મેં પોલીસ ફરિયાદ કરેલ હતી. જેનો ખાર રાખી ફરીવાર હુમલો કર્યો હતો.

મામલામાં જેતપુર ઉદ્યોગનગર પોલિસેં અશ્વિન વિનુભાઈ વેગડા (રહે. જનમંગલ સોસાયટી, ભાદરના સામાકાંઠે, જેતપુર)ને અટકાયતમાં લઈ કાર્યવાહી આરંભી હતી.

## ઉદ્યોગનગર પોલિસે માથાભારે શખ્સને અટકાયતમાં લઈ ખૂનની કોશિશ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો

## પોલીસે અટકાયત કરતા આરોપીએ લોકઅપમાં માથા અથડાવી ખુરશી-લાઈટ તોડી

### નશાની હાલતમાં પોલીસ સ્ટેશનમાં સ્ટાફને ગાળો ભાંડી ઉત્પાત મચાવ્યો

શ્રમિક યુવાન પર ખૂની હુમલાના કેસમાં આરોપીને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન લાવવામાં આવતા ચિક્કાર નશો કરેલા આ શખસે પોલીસ સ્ટેશને ઉત્પાત મચાવ્યો હતો. પોલીસ સ્ટાફને ગાળો ભાંડી લોકઅપમાં માથા અથડાવી, ખુરશી- લાઈટ તોડફોડ કરી હતી. જે અંગે હેડ કોન્સ.ની ફરિયાદ પરથી ફરજમાં રૂકાવટ, સાર્વજનિક મિલકતને નુકશાન સહિતની કલમ હેઠળ અલગથી ગુનો નોંધાયો હતો. આરોપી અશ્વિન વિનુભાઈ વેગડાને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન લાવવામાં આવતા તેને પોલીસે કહ્યું હતું કે, તમે અહીં ખુરશી ઉપર બેસી જાવ. જેથી તે ખુરશી ઉપર બેસી ગયેલ અને ત્યાં બેઠા બેઠા જોરજોરથી બોલવા લાગેલ અને રાડો પાડવા લાગેલ કે મેં કાંઈ કરેલ નથી, તેમછતા મને કેમ પોલીસ સ્ટેશનમાં લઈ આવેલ છો ? મારી પણ ફરિયાદ લખી લ્યો..

આ શખસ રાડો પાડતો હોય જેથી હેડ કોન્સ. સહદેવસિંહ ચૌહાણે તેને કહ્યું હતું કે, તમે શાંતી રાખો, દેકારો કરોમાં. તો આ અશ્વિનભાઈ જેમફાવે તેમ પોલીસ સ્ટેશનમાં જાહેરમાં બધા સાંભળે તેમ ગાળો બોલવા લાગ્યો હતો. જેથી તેને કહેલ કે અહીં મહિલા પોલીસ હાજર છે. તમે ગાળો બોલોમાં તેમ કહી શાંતીથી બેસવા અને ગાળો ન બોલવા હુકમ કરેલ તો આ અશ્વિને ઉભા થઈ લોકઅપમાં પોતાની જાતે માથા પછાડવા લાગેલ અને મારે મરી જવુ છે, હું બધી પોલીસના નામ લખતો જઈશ. કહી પોતાની જાતે લોકઅપના સળીયા સાથે માથા પછાડેલ અને મારે મરી જવુ છે, તેવી કોશિશ કરી હતી.

હેડ કોન્સ.સહદેવસિંહ જાડેજાએ તેને માથા પછાડવાની ના પાડતા પોતે જે પ્લાસ્ટીકની સરકારી ખુરશી ઉપર બેઠા હતા તેને હાથમાં ઉંચકીને લાદી ઉપર જોરથી પછાડી તોડી નાખી કિ.રૂ.૨૫૦ તથા ચાલુ ઈલેકટ્રીક ટયુબ લાઈટ પકડી લીધેલ તથા તેને પણ ખુરશી વડે તોડી નાખી કિ.રૂ.૧૦૦ નું નુકશાન કર્યું હતું. જે અંગે અંગે હેડ કોન્સ. સહદેવસિંહ ચૌહાણ ફરિયાદી બની અશ્વિન વેગડા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તેની સામે ફરજમાં રૂકાવટ,સાર્વજનિક મિલકતને નુકશાન પહોંચડવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પારડીમાં બે પરિવારો વચ્ચે સશસ્ત્ર ધીંગાણું: મહિલા સહિત બે ઘવાયા

## વાહન સામસામે આવી જતાં ડખ્ખો: ત્રણ મહિલા સહિત છ શખ્સો સામે શાપર(વે.) પોલિસ મથકમાં સામસામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ પારડી ખાતે વાહન સામસામે આવી જવા મામલે બે પરિવારો સશસ્ત્ર બાખડી પડ્યા હતા. જેમાં મહિલા સહીત બે લોકો ઘવાયા હતા. મામલામાં ત્રણ મહિલા સહીત છ શખ્સો વિરુદ્ધ સામસામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મૂળ ગોંડલના રહેવાસી અને બા લોધિકા તાલુકાના પારડી ખાતે શિવપાર્ક સોસાયટીમાં રહેતા ૪૯ વર્ષીય આધેડ મહિલા રેખાબેન હરેશભાઈ કોચરાએ આરોપી તરીકે તેમની જ સોસાયટીમાં રહેતા પ્રવીણ મંગાભાઈ ઘુઘલ, મહેશ પ્રવીણ ઘૂઘલ અને હંસાબેન પ્રવીણ ઘુઘલ(રહે. આરએમસી ક્વાર્ટર બ્લોક નં.-૦૧, રૂમ નં.-૧૦, રાજકોટ મૂળ રહે. ઢાંક, ઉપલેટા)નું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમા ત્રણ દીકરીઓ અને એક દીકરો છે. જેમા સૌથી મોટી દીકરી મયુરી (ઉ.વ. ૨૭), તેનાથી નાની દીકરી મનીષા, ત્યારબાદ નાનો દીકરો હાર્દીક (ઉ.વ. ૨૪), સૌથી નાની દીકરી તમન્ના (ઉ.વ. ૨૦) છે. મારા પતિ હરેશભાઈ મજુરી કામ કરે છે.

મહિલાએ જણાવ્યું હતું કે, ગઈકાલે હું સવારના સાડા નવ વાગ્યે ઘરે હતી અને મારા પતિ હરેશભાઈ નાની દીકરી મનીશાને અમારા ગામના બસ સ્ટેશન ઉપર મોટર સાયકલ લઈને મુકવા ગયેલ હતા. બાદ પરત આવી તેમણે વાત કરેલ કે ,આપણી બાજુમા રહેતા મહેશભાઈના બાપુજી પ્રવીણભાઈ મને ઓટો રીક્ષા લઈને શેરીના ખુણે મળેલ ત્યારે બોલાચાલી કરી ગાળો આપતાં હતા. બાદ હું તથા મારા પતિ હરેશભાઈ, દીકરી મયુરી બપોરના ત્રણ વાગ્યે અમારા ઘરે હતા. ત્યારે અમારા પાડોશી મહેશભાઈના બાપુજી તથા બા હંશાબેન બંન્ને ઘરે આવેલ હતા. જેથી મે તથા મારા પતિએ તેમના ઘર પાસે જઈ પ્રવીણભાઈને કહેલ કે, તમે રિક્ષા કેમ સામે આવવા દીધેલ હતી? તેમ કહેતા પ્રવીણભાઈ અમને ગાળો દેવા લાગેલ અને ધોકો લઈને આવી મને લાકડાના ધોકાનો એક ઘા માથામાં મારવા જતા મને કપાળના ભાગે વાગેલ હતો. જેના લીધે મને લોહી નીકળવા લાગ્યું હતું. મારા પતિ અને દીકરી મને છોડાવવા વચ્ચે પડતા પ્રવીણભાઈનો દીકરો મહેશ આવેલ અને મને ઢીકાપાટુનો માર મારી પછાડી દીધેલ હતી. બાદ મહેશે પાઈપનો એક ઘા મને ડાબા ખભ્ભા ઉપર મારેલ હતો. બાદ પતિને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. ત્યારબાદ પ્રવીણભાઈએ તેમના ઘર આગળ પડેલ લાદીનો એક કટકો લઈ મને મારવા ઘા કરતા મારા મોઢા ઉપર તથા નાક ઉપર, દાઢીના ભાગે ઈજા થતાં લોહી નીકળવા લાગેલ હતું. જે બાદ આધેડ મહિલાને સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી.

જયારે સામાપક્ષે વળતી ફરિયાદ નોંધાવતા પ્રવીણભાઈ મંગાભાઈ ઘુઘલ (ઉ.વ.૫૭ હાલ રહે. સાધુ વાસવાણી રોડ, આર.એમ.સી. કવાર્ટસ, બ્લોક નં.૦૧ રૂમ નં.૧૦ રાજકોટ મુળ રહે. ઢાંક, ઉપલેટા)એ આરોપી તરીકે રેખાબેન હરેશભાઈ કોચરા, હરેશભાઈ કોચરા, મયુરી કોચરાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈકાલે હું તથા મારી પત્નિ હંસાબેન પારડી ખાતે રહેતા મારા પુત્ર મહેશનાં ઘરેથી ઓટોરીક્ષા લઈને રાજકોટ મારા ઘરે આવવા નીકળેલ હતા. ત્યારે મારા દિકરાનાં ઘર પાસે શેરીનાં ખુણા પાસે પહોચતા મારા દિકરાનાં પાડોશમાં રહેતા હરેશભાઈ મોટરસાયકલ લઈને સામેથી આવતા હોય તેણે પોતાનું મોટરસાયકલ મારી રીક્ષા સામે ઉભું રાખી દીધેલ હતું અને ગાળો આપી કહેવા લાગેલ કે, તારે મારી માથે રીક્ષા ચડાવી દેવી છે પણ હું કંઈ બોલેલ નહીં અને રાજકોટ જતો રહેલ હતો. બાદ બપોરે પુત્રવધુ નેહાબેનનો ફોન આવેલ કે, પાડોશમાં રહેતા હરેશભાઈ તથા તેના પત્નિ રેખાબેન મારી સાથે બોલાચાલી કરી ગાળો આપે છે અને હું ઘરે એકલી છું. જેથી ફરીવાર હું અને મારી પત્ની પારડી ખાતે ગયેલ હતા. જયા સામાવાળા હરેશભાઈ, રેખાબેન બંને ઘરની બહાર આવી બેફામ ગાળો આપવા લાગેલ હતા. બાદ મારો પુત્ર અને તેની પત્ની ઘર બહાર આવતા સામાવાળા ત્રણેય અમને માર મારવા લાગેલ હતા. બાદ હરેશભાઈએ લાકડી વડે એક ઘા મને કોણીના ભાગે મારી દીધેલ હતો. બાદ બીજો ઘા પીઠના ભાગે મારી દીધેલ હતો. રેખાબેન અને મયુરી પણ મને ઢીકાપાટુનો માર માર્યો હતો. જેથી મારો દીકરો વચ્ચે પડતા તેને પણ માર મારેલ હતો. જે બાદ મને મારા પરિજનોએ સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

મામલામાં શાપર(વે.) પોલિસે ત્રણ મહિલા સહીત છ શખ્સો વિરુદ્ધ સામસામે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

# શાપર-વેરાવળમાં કારખાનામાં વીજશોક લાગતા યુવકનું મોત

**અબતક, રાજકોટ**

શાપર-વેરાવળ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી ઘટશે રંગાણી એન્જિનિયરિંગ પાસે આવેલા એમ.વી. મેટલ નામના કારખાનામાં મજૂરી કામ કરી રહેલા ૨૮ વર્ષીય યુવાનનું વીજશોક લાગતા કરૂણ મોત નિપજ્યું છે.મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અને હાલ શાપરમાં એમ.વી. મેટલ નામના કારખાનામાં રહેતો ઉમેશ ચંદ્રદેવ ઠાકુર (ઉં.વ. ૨૮) નામનો યુવક રવિવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ કારખાનામાં પોતાનું કામ કરી રહ્યો હતો.દરમિયાન અચાનક તેને વીજ વાયરથી જોરદાર શોક લાગ્યો હતો. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ગંભીર હાલતમાં ઉમેશને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતો.પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક યુવાન મૂળ બિહારનો વતની હતો અને અહીં રોજગારી અર્થે આવ્યો હતો.તેને સંતાનમાં એક નાની દીકરી છે.

# પડધરીના ગીતાનગરમાં પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

## અગમ્ય કારણોસર ફિનાઈલ ગટગટાવ્યું, સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના ગીતાનગર વિસ્તારમાં રહેતી પરિણીતાએ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં મહિલાને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ગીતાનગર વિસ્તારમાં રહેતા રિહાનાબેન સર્ફરાજભાઈ સુર્યા (ઉં.વ. ૩૮) નામની મહિલાએ ગઈકાલે રાત્રે પોતાના ઘરે અગમ્ય કારણોસર ફિનાઈલ ગટગટાવી લીધું હતું. આ ઘટનાની જાણ થતાં જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રિહાનાબેનને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. હજુ સુધી આપઘાતના પ્રયાસ પાછળનું સચોટ કારણ બહાર આવ્યું નથી. આ મામલે સ્થાનિક પોલીસે નોંધ કરી છે અને મહિલાએ કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# જેતપુરની પરિણીતા સાથે પતિ અવારનવાર મારકૂટ કરતો, સમાધાન કર્યા બાદ પણ ન સુધર્યો

## સતત શારીરિક અને માનસિક ત્રાસ આપતાં પતિ વિરૂદ્ધ જેતપુર ઉદ્યોગનગર પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં વધુ એક પરિણીતા પર ઘરેલુ હિંસાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પતિના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે પરિણીતાએ ન્યાયની ગુહાર લગાવી છે. હાલ પિયરમાં રહેતી ૨૮ વર્ષીય અરફીનાબેન સોલંકીએ દેરડીધાર આવાસ યોજનામાં રહેતા પતિ હુસેન ઉર્ફે સદામ સોલંકી વિરુદ્ધ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, અરફીનાબેનના લગ્ન ૨૦૧૬માં હુસેન સાથે થયા હતા અને તેમને ત્રણ સંતાનો છે. શરૂઆતમાં ઘરસંસાર સારી રીતે ચાલતો હતો, પરંતુ જુલાઈ ૨૦૧૭ થી હુસેને નાની નાની વાતોમાં ઝઘડા કરવાનું શરૂ કર્યું હતું. તે અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતો અને શરીરે મૂંઢ માર મારતો હતો. ત્રાસથી કંટાળીને અરફીનાબેન અગાઉ પણ પિયર જતા રહ્યા હતા, પરંતુ સમાજના આગેવાનો દ્વારા સમાધાન કરાવવામાં આવતા તેઓ પરત ફર્યા હતા. જોકે, સમાધાન પછી પણ હુસેનનો સ્વભાવ ન બદલાયો અને તેણે ત્રાસ આપવાનું ચાલુ રાખ્યું. અરફીનાબેન જ્યારે પિયર આવતા ત્યારે હુસેન ત્યાં પણ પહોંચી જઈને તેમના માતા-પિતા સાથે માથાકૂટ કરતો હતો. આખરે કંટાળીને ગત ૨૦ જાન્યુઆરી ૨૦૨૬થી અરફીનાબેન પિયરમાં જ રહે છે અને ત્રાસ ગુજારનાર પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેતપુર ઉદ્યોગનગર પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતાની (ઈગજ) કલમ ૮૫ અને ૧૧૫(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મીઠાપુરના આરંભડા ગામે મકાનમાંથી શરાબની ૫૪ બોટલ સાથે બે ઝડપાયા

**અબતક મહેન્દ્ર ઠક્કર દ્વારકા**



દ્વારકા જિલ્લાના મીઠાપુર ગામના આરંભડા ગામેથી ભગતભા રાણભા માણેકે તેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની બાતમી મીઠાપુર પોલીસની ટીમને મળી હતી. બાતમીના પગલે મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની ૫૪ બોટલ સાથે ભગતભા રાણભા માણેક અને રાયદેભા ટપુભા કેર નામના શખ્સોને ઝડપી લીધા છે. આ દરોડાની કામગીરી પી.આઈ ડી એન વાંઝા, એ.એસ.આઇ નરેન્દ્રસિંહ જાડેજા ,હેડ કોન્સ્ટેબલ મહિરાજદાન ગઢવી, જયપાલસિંહ જાડેજા કોન્સ્ટેબલ ધર્મદીપસિંહ જાડેજા અને અનિલભાઈ ડોડીયા સહિતના સ્ટાફે બજાવી છે.

# દુષ્કર્મ-પોક્સોના ગુનામાં જામીન મેળવી ફરાર થઈ ગયેલો ગોપાલ વેકરીયા ઝડપાયો

## બળાત્કારના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતો પાકા કામના કેદીને અપહરણ-પોક્સો કેસમાં પણ ૧૦ વર્ષની સજા

**અબતક, રાજકોટ**

દુષ્કર્મ-પોસ્કોના ગુનામાં આજીવન સજા ભોગવી રહેલો મોટા ગુંદાળાનો શખસ રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ૧૦ દિવસ માટે વચગાળાના જામીન મળ્યા બાદ ફરાર થયો હતો.એલસીબી/ પેરોલ ફર્લો સ્કોવડની ટીમે આ શખસને શાપર વેરાવળ ખાતેથી પકડી પાડી જરૂરી કાર્યવાહી કરી રાજકોટ મધ્યસ્થ જેલમાં ધકેલ્યો હતો.

રાજકોટ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જરે વિવિધ ગુનામાં નાસતા ફરતા, પેરોલ ફર્લો, રજા જમ્પ તથા વચગાળાના જામીન રજા પરથી ફરાર આરોપીને પકડી પાડવા સુચના આપી હોય જે અનુસંધાને એલ.સી.બી શાખાના પી.આઈ. વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડના પી.એસ.આઈ. પી.એન.ભરવાડ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન ખાનગી રાહે શાખાના પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ સોલંકી તથા કિશોરભાઈ કુગશીયાને બાતમી મળેલ કે, રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે બળાત્કાર તથા પોકસોના બે ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલ પાકા કામના કેદી ગોપાલ બચુભાઈ વેકરીયા (રહે. મોટા ગુંદાળા તા. જેતપુર જી.રાજકોટ) રાજકોટ મધ્યસ્થ જેલ ખાતેથી ૧૦ દિવસ માટે વચગાળા જામીન રજા મેળવી ફરાર થઈ ગયો હતો જે કેદી હાલ શાપર વેરાવળ બસ સ્ટેન્ડ પાસે આવેલ છે.પોલીસે શખસને પકડી કાયદેસરની કાર્યવાહી કરી રાજકોટ મધ્યસ્થજેલ ખાતે સોંપી આપેલ હતો.



આ શખસ સામે ધોરાજી સીટી પોલીસ સ્ટેશન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોસ્કોના ગુનામાં આજીવન કેદ અને રૂ.૧૪ હજારનો દંડ, જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોસ્કોના ગુનામાં ૧૦ વર્ષની સખત સજા અને રૂ.૨૫ હજારના દંડ તેમજ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં બોગસ દસ્તાવેજ બનાવવા અંગેનો ગુનો નોંધાઈ ચુકયો છે. આ કામગીરીમાં પી.આઈ.વી.વી.ઓડેદરા, પી.એસ.આઈ.પીએસઆઈ પી.એન.ભરવાડ, એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, પોલીસ હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ હમીરપરા, પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ સોલંકી, કિશોરભાઈ કુગસીયા, નિકુંજભાઈ સુતરીયા, ભાવેશભાઈ મકવાણા સાથે રહ્યા હતા.

# ગાંધીધામ: હેરોઈનના જથ્થા સાથે પંજાબી શખ્સ પકડાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



એસ.ઓ.જી. ગાંધીધામની ટીમે બાતમીના આધારે આડેસર ચેક પોસ્ટ પાસે વોચ ગોઠવી પંજાબ પાસિંગની ઈકો સ્પોર્ટ કારને અટકાવી હતી. કારના બોનટના ભાગે છુપાવેલ ૯૫.૯૫ ગ્રામ હેરોઈન (કિંમત રૂ. ૧૯,૧૯,૦૦૦/-) મળી આવ્યું હતું. પોલીસે પંજાબના ફિરોઝપુરના ગુરવિન્દ્રસિંગ નિર્ભયસિંગ ઢીલોનની ધરપકડ કરી છે, જયારે અન્ય એક શખ્સ ગુરમીતસિંગને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. માદક પદાર્થ કાર અને મોબાઈલ સહિત કુલ ૨૪,૪૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી એન.ડી.પી.એસ. એકટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં એસ.ઓ.જી. પીઆઇ બી.જી.ડાંગર તથા એસ.ઓ.જી. સ્ટાફ તથા આડેસર ચેક પોસ્ટ સ્ટાફ જોડાયેલ હતો.

# ઉનાના સિમર ગામે ગૃહ કલેશે પતિના હાથે પત્નીનો ભોગ લીધો

## દંપતી વચ્ચે થયેલી બોલાચાલીનો ખાર રાખી પતિએ દસ્તાવડે પરિણીતાને મોતને ઘાટ ઉતારી

**અબતક, ઉના**

ઊના તાલુકાના સિમર ગામે પતિ અને પત્ની વચ્ચે ઝગડા એ ઉગ્ર રૂપ બન્યો ઝગડો લોહિયાળ બન્યો પતિ એ લોખંડ ના દસ્તા વડે પત્ની ઉપર હુમલો કરી માથા માં ગંભીર ઈજાઓ કરતા પત્ની નું મોત થયું પોલીસ પતિ ની અટકાયત કરી પૂછ પરછ હાથ ધરી છે.

ઊના તાલુકા ના સિમર ગામ ના વાડી વિસ્તારમાં રહેતા જગદીશ ઉર્ફે જગા ભાઈ ડાભી પતિ અને પત્ની લક્ષ્મી જગદીશ ભાઈ ડાભી ઉ.વ.૪૫ વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. ઝગડો એ ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું અને લોહિયાળ બન્યો હતો. જગદીશ એ આવેશ માં આવી ઘર માં પડેલ લોખંડ નો દસ્તો લઈ પત્ની લક્ષ્મી ઉપર આડેધડ માર મારવા લાગેલ અને માથા માં પણ જોરદાર ઘા મારતા પત્ની લક્ષ્મી લોહી લુહાણ હાલત માં બેભાન થઈ ગઈ હતી.



મૃતક



આરોપી

લક્ષ્મી બેન ને તેના પરિવારે સિમર હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં ફરજ ઉપર ના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા.

માતા નો મૃત દેહ જોઈ કેતન અને દિનેશ ભાંગી પડ્યા હતા હૃદય કલ્પાંત કરવા લાગ્યા હતા. આ અંગે નવાબંદર મરીન પોલીસ ને જાણ થતા ઈનચાર્જ પી આઈ જેબલિયા, પી. એસ. આઈ. રાઠોડ, મહિલા પી. એસ. આઈ. કંચન બેન પરમાર સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અને પુત્રો નું નિવેદન નોંધી અને આરોપી જગદીશ ડાભી ની પણ અટકાયત કરી પૂછ પરછ શરૂ કરી હતી. આ અંગે મરણ જનાર ના દીકરા એ નિવેદન આપ્યું હતું કે પિતા માનસિક બીમાર છે. અગાઉ દવા લેતા હતા. હાલ નથી લેતા. જ્યારે આરોપી જગદીશ ના ભાઈ પરબત ડાભી એ જણાવેલ કે મરણ જનાર તેમના ભાભી લક્ષ્મી બેન ને કોઈ સાથે આડા સંબંધ હોય તે વાત ની જાણ કોઈએ ભાઈ જગદીશ ને કરેલ તે બાબતે ઝઘડો થયો હશે. પોલીસે આ અંગે હુમલા નું સાચું કારણ શોધવા ઉંડાણ પૂર્વક તપાસ કરી રહી છે.

# જિલ્લાના શિક્ષણ જગતના ૨૭ પડતર પ્રશ્નો રાજ્ય કારોબારી સમક્ષ રજૂ કરાયા

## જુની પેન્શન યોજના, જિલ્લાફેર બદલી અને ૪૨૦૦૦ ગ્રેડ પે સહિતના મૂદે શિક્ષકની રજૂઆત




**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લાના વિવિધ તાલુકામાંથી આવેલા શિક્ષકો અને શિક્ષણ સંબંધિત પ્રશ્નોને રાજ્ય કારોબારી બેઠકમાં વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. જૂની પેંશન યોજના, જિલ્લાફેર બદલી, પગાર ધોરણ, શિષ્યવૃત્તિ, મહેકમ અને પોર્ટલની સમસ્યાઓ સહિત ૨૭ મુદ્દાઓ પર ચર્ચા કરી ઉકેલ લાવવા માંગ કરવામાં આવી હતી. મોરબી જીલ્લાના તમામ તાલુકાઓમાંથી શિક્ષણ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને લગતા પ્રશ્નો એકત્રિત કરી રાજ્ય કારોબારી બેઠકમાં રજૂ કરવામાં આવ્યા હતા. જીલ્લા પ્રતિનિધિઓએ ખાસ કરીને વર્ષ ૨૦૦૫ બાદ નિયુક્ત થયેલા શિક્ષકોને જૂની પેંશન યોજના લાગુ કરવી, જીલ્લાફેર બદલી કેમ્પ તાત્કાલિક યોજવો અને ૧૯૯૮થી નિમણુંક પામેલા શિક્ષકોની માંદગી રજાઓ કેરી ફોરવર્ડ કરવાની માંગ ઉઠાવી હતી. તે ઉપરાંત ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા સિનિયર શિક્ષકોને મહેકમમાં ગણતરી અને ચાર્જ એલાઉન્સમાં વધારો, શાળાઓમાં એસએમસીને મળતી ગ્રાન્ટ વર્ષની શરૂઆતમાં જ ફાળવવી, એકાઉન્ટન્ટની નિમણૂંક, ધોરણ ૩થી ૫માં તાસ પદ્ધતિ રદ કરવી, ધોરણ ૬થી ૮ના શિક્ષકોને અલગ પગારધોરણ અને ૪૨૦૦ ગ્રેડ પે આપવા સહિતના મુદ્દાઓ રજૂ થયા હતા.

શિષ્યવૃત્તિ પ્રક્રિયા સરળ બનાવવી, સીઈટીમાં મેરિટ ધરાવતા વિદ્યાર્થીઓને સરકારી અને ખાનગી શાળામાં સમાન શિષ્યવૃત્તિ આપવી, લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોને વર્ગ-૨ પરીક્ષા માટે પાત્ર ગણવા, સમગ્ર નોકરી દરમિયાન બે વખત જીલ્લાફેરની જોગવાઈ, વધારાના ભથ્થાં અને નિવૃત્તિ ગ્રાન્ટ સમયસર ચૂકવવા જેવી માંગણીઓ પણ રાજ્ય કારોબારી સમક્ષ રજુ થઈ હતી. અત્યારના સમયમાં વિવિધ પોર્ટલ અને એપ્લિકેશનની જગ્યાએ એક જ સંકલિત પોર્ટલ બનાવવાની માંગ, શિક્ષકો પાસેથી બિનશૈક્ષણિક કામગીરી અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવી, ખાનગી મોબાઈલ અને ડેટાના ઉપયોગ પર રોક લગાવવી તથા નવરચિત મોરબી જીલ્લાના શિક્ષકોના જીપીએફ નાણાં ટ્રાન્સફર કરવા બાબત પણ ઉઠાવવામાં આવી હતી.

આ રજૂઆત દરમિયાન જીલ્લાના અધ્યક્ષ દિનેશભાઈ વડસોલા, મંત્રી કિરણભાઈ કાચરોલા, રાજ્ય પ્રતિનિધિ કરશનભાઈ ડોડીયા, કાર્યકારી અધ્યક્ષ પ્રવિણભાઈ ધોળુ, સહ કોષાધ્યક્ષ રમેશભાઈ ચાવડા, પ્રચાર મંત્રી હરમીતભાઈ પટેલ તથા નિરવભાઈ બાવરવા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# મ્યુનિસિપલ કોર્પોરેશને મુખ્ય માર્ગો પર ૧૧૮ સ્પીડ બ્રેકરો દૂર કરાયા

## આઈઆરસી ધોરણ મુજબ નવા સ્પીડ બ્રેકરો નાખવાની કામગીરી પ્રગતિમાં



**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરમાં માર્ગ સલામતી સુધારવા મહાનગરપાલિકાના ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ વિભાગે ટેકનિકલ સર્વે કરી મુખ્ય માર્ગો પરથી ૧૧૮ માપદંડ વિહોણા સ્પીડ બ્રેકરો દૂર કર્યા છે. આ સાથે આઈઆરસીના ધોરણ મુજબ જરૂરી સ્થળોએ નવા સ્પીડ બ્રેકરો સ્થાપિત કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે.

મોરબી શહેરમાં માર્ગ સલામતીના ઉચ્ચતમ ધોરણો સ્થાપિત કરવા તથા વાહનવ્યવહાર વધુ સુવ્યવસ્થિત અને સુરક્ષિત બનાવવા મોરબી મનપાના ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર આવેલ સ્પીડ બ્રેકરો અંગે વિગતવાર ટેકનિકલ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. સર્વે દરમિયાન આઈઆરસી દ્વારા નિર્ધારિત નીતિ-નિયમો અને ટેકનિકલ માર્ગદર્શિકાનું કડક પાલન કરવામાં આવ્યું હતું. સર્વેના અનુસંધાનમાં મુખ્ય માર્ગો પર અનિયમિત રીતે નિર્મિત તથા વાહનવ્યવહાર માટે અવરોધરૂપ બનેલા કુલ ૧૧૮ સ્પીડ બ્રેકરો દૂર કરવાની કામગીરી નિયમસર પૂર્ણ કરવામાં આવી છે. જેના પરિણામે વાહનવ્યવહાર વધુ સરળ અને સુરક્ષિત બન્યો છે.આગામી તબક્કા અંતર્ગત આઈઆરસી ધોરણ મુજબ સ્થળ વિશેષ ટ્રાફિક ઘનતા, માર્ગની પહોળાઈ તેમજ આસપાસ આવેલી શૈક્ષણિક, આરોગ્ય અને રહેણાંક સંસ્થાઓને ધ્યાનમાં રાખી જરૂરી સ્થળોએ નવા સ્પીડ બ્રેકરો સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# યુવા ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે મોરબીના સુખદેવ દેલવાણીયાની વરણી



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીઃ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ યુવા મોરચામાં મોરબી જીલ્લાના સુખદેવભાઈ રમેશભાઈ દેલવાણીયાની પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે નિમણુંક કરવામાં આવી છે. પ્રદેશ અધ્યક્ષ ડો.હેમાંગ જોષી દ્વારા જાહેર કરાયેલા ૨૧ પદાધિકારીઓની યાદીમાં સુખદેવભાઈનું નામ સમાવાયું છે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા યુવા મોરચાની નવી સંગઠનાત્મક નિમણૂંકો જાહેર કરવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને મોવડી મંડળ સાથે ચર્ચા બાદ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડો.હેમંગ જોષી દ્વારા કુલ ૨૧ પદાધિકારીઓની યાદી જાહેર કરવામાં આવી હતી. આ યાદીમાં મોરબી જીલ્લાના સુખદેવભાઈ રમેશભાઈ દેલવાણીયાને પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ હાલમાં મોરબી ખાતે વકીલાતનો વ્યવસાય કરે છે અને કચ્છ જીલ્લા યુવા મોરચાના પ્રભારી તરીકે પણ જવાબદારી નિભાવી રહ્યા છે.

# કિશોરીઓને એચપીવી વેક્સિનેશન વિનામૂલ્ય આપવાનું શરૂ




**અબતક, ઋષી મહેતા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬થી દેશવ્યાપી સર્વાઈકલ કેન્સર વિરોધી ઈંદ્ટ વેક્સિનેશન અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તે અનુસંધાને મોરબી મહાનગરપાલિકા હેઠળના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૨ માર્ચ ૨૦૨૬થી ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫મું ચાલુ હોય તેવી કિશોરીઓને વિનામૂલ્યે એચપીવી રસી આપવામાં આવશે.દેશભરમાં ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ માટે એચપીવી વેક્સિનેશન અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે મોરબી શહેરમાં ૨ માર્ચ ૨૦૨૬થી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એચપીવી વેક્સિન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ વેક્સિન હાલ માત્ર ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫મું વર્ષ ચાલુ હોય તેવી કિશોરીઓને જ આપવામાં આવશે. વેક્સિન મેળવવા માટે કિશોરીએ પોતાની જન્મ તારીખ દર્શાવતું ઓળખપત્ર તેમજ માતા-પિતા અથવા વાલીની સંમતિપત્ર સાથે લાવવું ફરજિયાત રહેશે.વેક્સિન સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઉપલબ્ધ રહેશે જેમાં શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- ગોકુલનગર , શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-વીસીપરા , શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-લીલાપર રોડ , શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- સો ઓરડી, શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- વાવડી રોડ ખાતે ઉપલબ્ધ રહેશે.

# હોળી-ધૂળેટી નિમિતે

# કરૂણા ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદોને પીચકારી અને રાશન કિટનું વિતરણ



**અબતક, ઋષિ મહેતા**

મોરબી સિવિલ હોસ્પિટલમાં કરૂણા ફાઉન્ડેશન દ્વારા હોળી નિમિત્તે માનવતાપૂર્ણ સેવા કાર્ય યોજાયું હતું. એ.આર.ટી. સેન્ટર ખાતે પીએલએચઆઈવી ગંગા સ્વરૂપ બહેનો, સગર્ભા મહિલાઓ અને બાળકોને મીઠાઈ, ખાદ્યસામગ્રી તથા કલર-પીચકારીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તા.૨૭ ફેબ્રુઆરીના રોજ મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સી.ડી.એમ.ઓ. પ્રદીપભાઈ કે. દુધરેજીયાની ઉપસ્થિતિમાં તેમજ પ્રમુખ ચાંદનીબેન મણીયારના માર્ગદર્શન હેઠળ કરુણા ફાઉન્ડેશન ઓફ પીપલ લિવિંગ વિથ એચ.આઈ.વી/એઈડ્સ દ્વારા હોળી ઉત્સવ નિમિત્તે સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો.

સિવિલ હોસ્પિટલના એ.આર.ટી. સેન્ટર ખાતે પીએલએચઆઈવી ગંગાસ્વરૂપ બહેનો, સગર્ભા બહેનો અને બાળકોને ધાણી, ખજૂર, ફરસાણ, મીઠાઈ તેમજ હોળીના રંગ અને પીચકારીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાએ જાહેરાત કરી કે હવે મોરબી જીલ્લામાં દર મહિને એચ.આઈ.વી. પીડિત પરિવારોને રાશન કિટ આપવાનું આયોજન હાથ ધરવામાં આવશે. મોરબી જીલ્લાના સિરામિક ઉદ્યોગ પરિવાર અને સ્થાનિક દાતાઓના સહકારથી આ સેવા કાર્ય સફળ બન્યું હતું. કાર્યક્રમમાં રાજેશભાઈ લાલવાણી, રાજેશભાઈ જાની, જયદીપભાઈ નિમાવત, આશાબેન વિશોડીયા, ભાવનાબેન ચાવડા, હીનાબેન બારોટ અને ઉષાબેન બોડા સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

# માતાના પ્રેમીએ સગીરાને હવસનો શિકાર બનાવી

## પરિણીતા સાથે પતિની જેમ રહેતા નરાધમે ૧૭ વર્ષિય કિશોરીને પ્રેમજાળમાં ફસાવી અંગત પળોના ફોટા વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચરતો

**અબતક, ઋષી મહેતા**

મોરબી શહેરમાં માતાના પ્રેમીએ ૧૭ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી બે થી ત્રણ વખત કિશોરીનો દેહ ચુથ્યો હોવાના ચકચારી બનાવની સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેમાં ભોગ બનનારની માતાની ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ પોકસો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શહેરમાં એક ગંભીર બનાવ સામે આવ્યો છે, જેમાં માતા સાથે પતિની જેમ રહેતા આરોપી આશિષભાઈ રમેશભાઈ ભંખોડીયા ઉવ.૩૫ રહે.જવાહર સોસાયટી શેરી નં.૩ ભડિયાદ કાંટાની પાછળ મોરબી-૨ વાળાએ તેની સગીર વયની દીકરી સમાન કિશોરીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યો હોવાના આક્ષેપ સાથે પીડિતાની માતા દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ આરોપી છેલ્લા એક વર્ષથી પરિવાર સાથે રહેતો હતો. અને પરિવારનો વિશ્વાસ જીતી બાળકોની સંભાળ લેવાની જવાબદારી સ્વીકારવાનું વચન આપ્યું હતું. આ દરમિયાન આરોપીએ ૧૭ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી-ફોસલાવી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. સાથે જ સગીરાના ફોટોગ્રાફ લઈ જો કોઈને વાત કરશો તો ફોટા વાયરલ કરી દેશે અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ ભોગ બનનારની માતાની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(એમ), ૩૫૧(૩) તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# બાઈક સ્લીપ થતા ચાલકનું મોત

**અબતક, ઋષીમહેતા**

મળતી વિગતો મુજબ, મોરબી તાલુકાના ધૂળકોટ ગામે પોતાના મામા સાથે રહેતા યુવરાજ હસમુખભાઈ ઝાલા જીજે-૩૬-એજી-૩૫૧૮ વાળું મોટર સાયકલ લઈને રાત્રીના ફૂલ સ્પીડમા મોરબીથી ધૂળકોટ આવતો હોય ત્યારે પંચાસર રોડ ઉપર મામદેવના મંદિર પાસે અચાનક મોટર સાયકલ આડે ખુટીયો ઉતરતા મોટર સાયકલ સ્લીપ થયું હતું. અકસ્માતમાં બાઈક ચાલક યુવરાજને માથામાં અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, ત્યારે સ્થાનિકો દ્વારા ૧૦૮ મારફત તેને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા જ્યાં આઠ દિવસની લાંબી સારવાર બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવેલ જ્યાં સારવાર કારગત ન નિવડતા રાજકોટની ખાનગી હોસ્પિટલમાં યુવરાજે દમ તોડ્યો હતો. અકસ્માતની આ ઘટના મામલે મૃતકના મામાની ફરીયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી મૃતક મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રંગપર(બે) ગામે તલાવડીમાં ડૂબી જતા ૧ વર્ષના બાળકીનું મોત

**અબતક, ઋષી મહેતા**

મોરબીના રંગપર (બેલા) ગામે મીરાબેન મુકેશભાઈ માળી ઉવ.૦૧ ખેત-તલાવડી પાસે રમતી હતી. ત્યારે અજાણતા પાણીમાં પડી જતા ડૂબી જતાં માસુમ બાળકીનું મોત થયું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# હળવદના ચુપણી ગામે બે વર્ષ પહેલા થયેલી પ્રૌઢની હત્યામાં આરોપીને આજીવન કેદ

## પોલીસની ઊંડાણપૂર્વક તપાસ અને સરકારી વકીલની કાયદાકીય દલીલોના આધારે મોરબી સેશન્સ કોર્ટનો ચુકાદો



સરકારી વકીલ સંજયભાઈ દવે

પી.આઈ. આર.ટી.વ્યાસ

**અબતક, ઋષિ મહેતા**

હળવદ તાલુકાના ચુપણી ગામે સને ૨૦૨૪માં થયેલ હત્યા કેસમાં આરોપી ગણેશભાઈ વાલજીભાઈ ઓળકિયાને આજીવન કેદ અને રૂ.૫૦૦૦/- દંડની સજા ફટકારવામાં આવી છે. હળવદ તાલુકાના ચુપણી ગામે તા.૨૬/૦૩/૨૦૨૪ના રોજ બનેલ હત્યા કેસમાં કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હળવદ પોલીસ સ્ટેશન ખાતે આઈ.પી.સી. કલમ ૩૦૨, ૩૨૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધાયો હતો. જેમાં નોંધાયેલ ફરિયાદ મુજબ તા.૨૬ માર્ચ ૨૦૨૪ના રોજ સાંજે આશરે ૭ વાગ્યે ચુપણી ગામના ભરતભાઈ રામાભાઈ ઓળકિયાના પિતા રામાભાઈએ આરોપી ગણેશભાઈ વાલજીભાઈ ઓળકિયા (રહે. ચુપણી તા.હળવદ) દ્વારકા જતા હોય તે સમયે મોટરસાયકલમાં ભેગા ન રહેતા અને સાથ ન આપતા તેનું મનદુઃખ રાખી આરોપીએ છરીના ઘા મારી હત્યા નિપજાવી હતી. આ બનાવની તપાસ હળવદ પોલીસ ઈન્સ્પેક્ટર આર.ટી. વ્યાસ, એ.એસ.આઈ. રમેશભાઈ મહાદેવભાઈ ગોહિલ અને પોલીસ કોન્સ્ટેબલ પ્રફુલભાઈ હરખાભાઈ સોનગ્રા સહિતના સ્ટાફ સાક્ષીઓના નિવેદનો, સાંયોગિક પુરાવા અને ટેકનિકલ આધારો એકત્રિત કરી આરોપીને ઝડપી પાડી જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા મજબૂત પુરાવાઓ સાથે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ હત્યાનો કેસ મોરબી બીજા એડિશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો. કોર્ટ સમક્ષ મદદનીશ જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ દવે દ્વારા મૌખિક ૨૨ તેમજ દસ્તાવેજી ૪૨ પુરાવા રજુ કરવામાં આવ્યા હતા. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી ગણેશભાઈ વાલજીભાઈ ઓળકિયાને દોષિત ઠેરવી આજીવન કેદની સજા તેમજ રૂ.૫,૦૦૦/-નો દંડ ફટકાર્યો છે.

# વાંકાનેર નજીક રોંગ સાઈડમાં આવતી રીક્ષાની ઠોકરે બાઈક ચાલકનું મોત

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે ઉપર રોંગ સાઈડમાં આવતી સીએનજી રીક્ષાએ મોટર સાયકલને હડફેટે લેતાં મોટર સાયકલ ચાલકનું મૃત્યુ નીપજ્યું હતું. વાંકાનેરના કુંભારપરા વિસ્તારમાં રહેતા વાલજીભાઈ લવજીભાઈ મકવાણા ઉવ.૮૦ ગઈકાલ સવારના પોતાનું મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-એફસી-૮૦૯૫લઈને કુંભારપરાથી ઢુંવા ખાતે સ્પેક્ટ્રમ સીરામીક કારખાને નોકરીએ જતા હોય તે દરમિયાન વકાબેર-મોરબી હાઈવે રોડ ઉપર નવાપરા કટ પાસે રોંગ સાઈડમાં આવતી સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૩૬-યુ-૧૫૬૨ના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી ચલાવી આવી વલજીભાઈને મોટર સાયકલ સહિત હડફેટે લીધા હતા, આ અકસ્માતમાં તેઓને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા, મોટર સાયકલ ચાલક વાલજીભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ બાદ તુરંત રીક્ષા ચાલક પોતાનું વાહન ઘટના સ્થળે મૂકીને નાસી ગયો હતો. ત્યારે અકસ્માતના બનાવ મામલે મૃતકના ભત્રીજા મયુરભાઈ રામજીભાઈ મકવાણાની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપી રીક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર નજીક રોંગ સાઈડમાં આવતું બાઈક ડમ્પર સાથે અથડાતા શ્રમિકનું મોત

**અબતક, ઋષીમહેતા, મોરબી**

વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે ઉપર ડમ્પર અને મોટર સાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં મોટર સાયકલ ચાલકનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના ગનવાની જીલ્લાના રાજપુર ગામના વતની અને હાલ વાંકાનેર ખાતે આવેલ સાનવી પ્લાસ્ટિક કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા આકાશભાઈ કાલુભાઈ ભાંભર ગઈકાલ તા.૦૧માર્ચના રોજ સવારે ઉપરોક્ત કારખાનેથી પોતાનુ મોટર સાયકલ રજી.નં. એમપી-૧૧-એનજે-૦૩૩૦ લઈને દૂધ લેવા જતો હોય ત્યારે પોતાનું મોટર સાયકલ ફૂલ સ્પીડના અને બેદરકારીથી ચલાવી આવી સામેથી આવતા ડમ્પર રજી.જીજે-૦૯-એવી-૨૪૨૩ સાથે અથડાયું હતું. અને મોટર સાયકલ સહિત આકાશભાઈ ડમ્પરની નીચે ઘુસી ગયા હતા, જે વાળ ક્રેઈનની મદદથી મોટર સાયકલ અને તેના ચાલકને બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારે માથામાં ગંભીર ઈજાઓને કારણે આકાશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું.

# મનપા દ્વારા રાજમાર્ગો પર અજવાળા પાથરાયા

## ૧૪૬ વીજ પોલ સ્થાપિત કરાયા



**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગર પાલિકા દ્વારા શહેરના વિવિધ માર્ગો પર સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરવાના કાર્યો તબક્કાવાર હાથ ધરાયા છે. જેમાં પીપળી રોડ પર ૧૪૬ પોલ સ્થાપિત થવાના છે જ્યારે શનાળા-ઘૂનડા રોડ પર ૧૩૦ પોલનું કામ પૂર્ણ થયું છે.

મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિકાસને ગતિ આપવા માર્ગો પર પ્રકાશ વ્યવસ્થા સુધારવાના કાર્યો શરૂ કરવામાં આવ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરવાનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યું છે. પીપળી રોડ પર હાલ સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, જેમાં અંદાજે ૧૪૬ પોલ સ્થાપિત કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ આ વિસ્તારમાં રાત્રિના સમયે પ્રકાશ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે. જ્યારે શનાળા-ઘૂનડા રોડ પર ૧૩૦ સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે, જેના કારણે માર્ગ પર સુરક્ષા અને સુવિધામાં વધારો થયો છે. આ ઉપરાંત રાજપર રોડ પર વિકાસ કાર્ય ભવિષ્યમાં હાથ ધરવાનું આયોજન છે.

સાથે જ કાલીંદ્રી નદીથી ઘૂંટુ રોડ સુધી પણ સ્ટ્રીટ લાઈટ સંબંધિત કામ શરૂ કરવામાં આવશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પોલીસ પેટ્રોલીંગની પોલ ખુલીઃ કાર કાચ તોડ ગેંગનો આતંક

## વસંત પ્લોટ, છાત્રાલય રોડ અને મુનનગર વિસ્તારમાં ૧૫ વાહનોના કાચ તોડયાઃ સીસીટીવી ફૂટેજમાં ત્રિપુટી કેદ






**અબતક, ઋષીમહેતા**

મોરબી શહેરમાં ફરી એકવાર પોલીસની નાઈટ પેટ્રોલિંગની પોલ ખુલ્લી છે, જેમાં વસંત પ્લોટ વિસ્તારમાં ઘર અને કોમર્શિયલ સ્થળે પાર્ક કરેલી કારોના કાચ તોડી નુકસાન પહોંચાડ્યાના બનાવ અંગે સીસીટીવી ફુટેજમાં દેખાતા ત્રણ અજાણ્યા શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ એક જ રાત્રી દરમિયાન છાત્રાલય રોડ અને મુનનગર વિસ્તારમાં પણ રહેણાંક અને ઓફિસો બહાર પાર્ક કરેલ ૧૫ જેટલી કારના કાચ તોડાયા હોવા અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી.

મોરબી શહેરમાં અસામાજિક તત્વો દ્વારા રાત્રિના સમયે પાર્ક કરેલી કારોને નિશાન બનાવવાના બનાવો વધતા જોવા મળી રહ્યા છે. શનમાં રોડ વસંત પ્લોટ વિસ્તારમાં આવેલી એક કોમર્શિયલ ઓફિસ બહાર પાર્ક કરેલી લોડિંગ કેરી ગાડીનો મેઈન કાચ તોડી નુકસાન કરાયું હોવાનું બહાર આવ્યું છે. જે બનાવ અંગે ફરિયાદી કાનાભાઈ પાલાભાઈ ડાંગર ઉવ. ૩૬ જે બ્લુ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડ કંપનીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે, તેમણે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, તેમની કંપનીની મારુતિ સુઝુકી કેરી રજી. નં. જીજે-૦૩-બીઝેડ-૪૯૪૯ ગાડી રાત્રે ઓફિસ બહાર પાર્ક કરવામાં આવી હતી. ગત તા.૧ માર્ચ ૨૦૨૬ની વહેલી સવારે લગભગ ૨.૪૨ વાગ્યાના આસપાસ ત્રણ અજાણ્યા શખ્સો મોટરસાયકલ પર આવી ધોકા વડે ગાડીનો આગળનો કાચ તોડી ફરાર થઈ ગયા હતા. સીસીટીવી ફૂટેજમાં ઘટના સ્પષ્ટ જોવા મળી પરંતુ અંધારાના કારણે વાહનનો નંબર સ્પષ્ટ દેખાયો ન હતો. ત્યારે આ બનાવમાં અંદાજે રૂ.૬,૦૦૦નું નુકસાન થયું હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત, ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શક્તિ પ્લોટમાં પણ એક રહેણાંક મકાન બહાર પાર્ક કરેલી કાર રજી. નં. જીજે-૩૬-બી-૦૦૪૯નો કાચ તોડી અંદાજે રૂ.૮,૦૦૦નું નુકસાન કરાયું હતું. આ સિવાય તે જ રાત્રી દરમિયાન છાત્રાલય રોડ અને મુનનગર વિસ્તારમા પણ આશરે ૧૫ કારોના કાચ તોડવાના બનાવો સામે આવ્યા હતા. હાલ પોલીસે અજાણ્યા ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

# જૂનાગઢ શહેરને ૭ ફાટકોથી મુક્તિ અને પલાસવાની નજીક નવા રેલવે સ્ટેશનની માંગનો શંખનાદ

## રેલવે પ્રશ્નો લડત સમિતિ દ્વારા જનઆંદોલન તેજ: સહી ઝુંબેશનો પ્રારંભ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જૂનાગઢ શહેરના મધ્યમાં આવેલ ૭ ફાટકોને દૂર કરવા જૂનાગઢમાં લોકો છેલ્લા વીસેક વર્ષથી માંગણીઓ કરી રહ્યા છે, કારણ કે, ઐતિહાસિક શહેર જૂનાગઢના વિકાસમાં છેલ્લા બે દાયકાથી જે સમસ્યા સૌથી મોટો અવરોધ બની રહી છે, તે ૭ ફાટક છે, ત્યારે જૂનાગઢના પ્રબુદ્ધ શ્રેષ્ઠીઓ દ્વારા રેલવે પ્રશ્નનો લડત સમિતિ બનાવાઈ હતી અને જુનાગઢ મધ્યની ૭ ફાટકોને દૂર કરવાની અને પલાસવા પાસે નવું રેલવે સ્ટેશન બનાવવા માટેની લાંબા સમય માંગણી કરવામાં આવી રહી છે, આ માટે જૂનાગઢના પ્રબુદ્ધ નાગરિકો દ્વારા વડાપ્રધાન, રેલવે મંત્રી અને રેલવેના ઉચ્ચ અધિકારીઓને રૂબરૂ મળી એક સવિસ્તાર રજૂઆત કરવામાં આવી હતી. પણ આટલા લાંબા સમય સુધીની લોકોની ધીરજ, અને સમિતિની તંત્ર સામે વારંવાર રજૂઆત, છતાં પરિણામ શૂન્ય રહેતા આ માંગણીને વધુ તેજ બનાવવા માટે ગઈકાલે એક વિશેષ કાર્યક્રમ સહી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું,

જૂનાગઢના વિકાસને અવરોધત્તી ૭ ફાટકની કરાતી રજૂઆતો, અને માગને પ્રબળ બનાવવા ગઈકાલે શુક્રવારે સવારના ૧૦:૩૦ કલાકથી લઈને સાંજના ૬ કલાક સુધી તળાવ ફાટક સામે સામાજિક આગેવાનો એકત્રિત થયા હતા. અને સાત ફાટકો દૂર કરવા આંદોલન અંતર્ગત પ્રતિક ઉપવાસ અને સહી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ અંગે રેલવે પ્રશ્નો લડત સમિતિના જણાવ્યા મુજબ, જૂનાગઢની જનતા માટે આજના દિવસનું મહત્વ ઘણું વધારે છે. રેલવેના આ ફાટકોને હટાવવા માટેનું આ આંદોલન હવે એક જન આંદોલનમાં પરિવર્તિત થઈ રહ્યું છે. પલાસવા સબસ્ટેશન બનાવવાના નિર્ધાર સાથે, જૂનાગઢના લોકો પોતાની ફરજ નિભાવવા માટે તૈયાર થયા છે. અને લોકોની એકતા સાથે શરૂ થયેલી આ લડાઈ જૂનાગઢના ઉજ્વળ ભવિષ્ય માટેનું એક સોપાન બની રહેશે. જે રીતે ઈતિહાસમાં જનઆંદોલનો સફળ થયા છે, તેવી જ રીતે આજના આ કાર્યક્રમથી જૂનાગઢના રેલવે પ્રશ્નોના નિરાકરણની નવી આશા જાગી છે.

### પ્રબુદ્ધ શ્રેષ્ઠીઓ અને સંસ્થાઓના સમર્થન

જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ મેયર મહેન્દ્રભાઈ મશરૂ, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી જેવા દિગ્ગજ નેતાઓએ પોતાનું સમર્થન જાહેર કર્યું છે. આ ઉપરાંત લાયન્સ કલબ ઓફ જૂનાગઢ, સર્વોદય બબ્લડ બેંક, નિવૃત્ત તલાટી મંડળ, સર્વ ગુજરાત રાજ્ય, સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ, જન સેવા સમાજ ટ્રસ્ટ, કેમિસ્ટ એસોસિએશન, કિરાણા મર્ચન્ટ એસોસિએશન, બુક સ્ટોર એન્ડ સ્ટેશનર્સ એસોસિએશન અને મંડપ એન્ડ લાઈટ ડેકોરેશન એસોસિએશન જેવી અનેક સંસ્થાઓ આ આંદોલન સાથે જોડાઈ છે.

# બેલ્જિયમ હાઈડ્રોજન કાઉન્સિલના પ્રતિનિધિ મંડળે લીધી કંડલાની મુલાકાત

## દીનદયાળ પોર્ટ ઓથોરિટીના પદાધિકારીઓ સાથે બેઠક; મેક-ઈન-ઈન્ડિયા ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની પ્રગતિ નિહાળી



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ટકાઉ દરિયાઈ ભવિષ્ય અને ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં ભારત અને બેલ્જિયમ વચ્ચે સહયોગના નવા દ્વાર ખોલવા માટે બેલ્જિયન હાઈડ્રોજન કાઉન્સિલના એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રમાં બંને દેશો વચ્ચેના સંભવિત સહયોગ અને તકોની શોધ કરવાનો રહ્યો હતો.

ડીપીએ ના ઉપાધ્યક્ષ નિલાભ્ર દાસગુપ્તા સાથે પ્રતિનિધિમંડળે કંડલા ખાતે ગ્રીન હાઈડ્રોજનના વિકાસ માટેની ભાવિ યોજનાઓ અને સંભવિત માળખાકીય સુવિધાઓ અંગે ફળદાયી ચર્ચા કરી હતી. આ બેઠકમાં પોર્ટના વિસ્તરણ અને પર્યાવરણ અનુકૂળ ઈંધણના ઉત્પાદન પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળે કંડલા સ્થિત 'મેક-ઈન-ઈન્ડિયા' ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. અહીં થઈ રહેલી કામગીરી અને ટેકનોલોજીના ઉપયોગને નિહાળીને પ્રતિનિધિઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત દરિયાઈ પરિવહન ક્ષેત્રે કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને ટકાઉ વિકાસ તરફની ની મક્કમ પ્રગતિ દર્શાવે છે.

# ધ્રાંગધ્રામાં રમઝાનમાં ઈફતારી માટે ૫૦ ટકાના રાહત ભાવે ભજીયા સ્ટોલ શરૂ

## ખાટકી સમાજના યુવાનોની સેવા કાર્યની સરાહના



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરમાં વધતી મોંઘવારીના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે રોજિંદી જરૂરિયાતોની ખરીદી કરવી મુશ્કેલ બની રહી છે. ખાસ કરીને પવિત્ર રમજાન મહિનામાં રોજા ખોલવા માટે ઈફ્તારીની સામગ્રી ખરીદવામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વધુ આર્થિક બોજો સહન કરવો પડે છે આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ધાંગધ્રાના ખાટકી સમાજના યુવાનો દ્વારા ઈફતારી માટે ખાસ ભજીયાનો સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો, જેમાં બજારભાવ કરતા ૫૦ ટકા રાહતદરે વિવિધ આઈટમો ઉપલબ્ધ કરવામાં આવ્યા ખાટકી વાડના આ સ્ટોલ પર ભજીયા સહિત ઈફતારીમાં ઉપયોગી વસ્તુઓ લોકોને ઓછી કિંમતે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી, સ્થાનિક લોકોએ આ પ્રયાસની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આવી પહેલ સમાજમાં એકતા અને સહકારની ભાવના મજબૂત બનાવે છે. ખાટકી સમાજના યુવાનોનો આ માનવતાભર્યો પ્રયાસ મોંઘવારીના સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગ માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે.

# ગુજરાતની સમૃધ્ધી-શાંતીમાં પોલીસનું મહત્વનું યોગદાન: મંત્રી કમલેશ પટેલ

## ચોકી સોરઠ ખાતે રૂ.૧૮ કરોડના ખર્ચે પોલીસ તાલીમાર્થીઓ માટે નવનિર્મિત કર્મવીર કેડેટ ભવનનું લોકાર્પણ થયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



રાજ્ય નાણા પોલીસ હાઉસિંગ અને જેલ વિભાગના રાજ્યમંત્રી કમલેશ પટેલે જૂનાગઢના ચોકી સોરઠ સ્થિત રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે રૂ. ૧૮ કરોડના ખર્ચે નવનિર્મિત અધ્યતન સુવિધા સાથેના ૧૦ મંજિલા ઈમારત ''કર્મવીર કેડેટ ભવન''નું લોકાર્પણ કર્યું હતું. તથા રાજ્યમંત્રીએ સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાની ઉપસ્થિતિમાં નવનિર્મિત આ ભવનનું નિરીક્ષણ પણ કર્યું હતું.

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા નવનિર્મિત કર્મવીર કેડેટ ભવનમાં ૪૫૬ જેટલા પોલીસ તાલીમાર્થીને રહેવા માટે અધ્યતન વ્યવસ્થા ઉપલબ્ધ થઈ છે. મહત્વપૂર્ણ છે કે, ગુજરાતમાં પોલીસ તાલીમાર્થીઓ માટે નવી ડિઝાઈન સાથેનું પ્રથમ ભવન ચોકી સોરઠ ખાતે બન્યું છે.

આ પ્રસંગે રાજ્યમંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યએ જે સમૃદ્ધિ અને વિકાસના નવા આયામો જે સર કર્યા છે, તેમાં ગુજરાત રાજ્યનો શાંતિપૂર્ણ માહોલ હોવાથી આ પ્રગતિ શક્ય બની છે, રાજ્યમાં શાંતિ, સલામતી અને સમૃદ્ધિમાં ગુજરાત પોલીસનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

રાજ્યમંત્રીએ પોલીસ જવાનોની ફરજ પરસ્તીને બિરદાવતા કહ્યું હતું કે, રાજ્યના પોલીસ જવાનો રહેણાંક માટે સારી સુવિધા મળી રહે તે માટે આગામી સમયમાં ૨૦,૪૦૦ જેટલા આવાસો બનાવવાનો પણ રાજ્ય સરકારે માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે, તાજેતરમાં બજેટમાં પણ રૂ.૧૫૭૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે રાજ્યની સુરક્ષા, શાંતિ અને સલામતી માટે ગૃહ વિભાગ માટે રૂ. ૧૪ હજાર ૨૬૫ કરોડની ફાળવણી પણ કરવામાં આવી છે. તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ સાથે રાજ્યમંત્રીએ તાજેતરમાં જ જૂનાગઢ ભવનાથ તળેટીમાં મીની કુંભ સમાન મહાશિવરાત્રીના મેળો શાંતિપૂર્ણ રૂપે સંપન્ન થયો તે માટે જિલ્લા પોલીસના પરિશ્રમની સરાહના કરી જણાવ્યું હતું કે, આશરે ૨૫ લાખ જેટલા ભાવિકોની સુરક્ષા અને સેવા માટે પોલીસ દિવસ રાત જોયા વગર ખડેપગે રહી હતી.

કાર્યક્રમના અંતે રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકીના ઈન્ચાર્જ આચાર્ય શ્રી એચ.પી. દોશીએ આભાર વિધિ કરી હતી.

# બાબરાની નવી નગરપાલિકા કચેરીને મહંત શ્રી દયારામ ભવન નામ અપાયું

## મહંત ધનશ્યામદાસબાપુ હસ્તે કરાયું નામકરણ



**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરા ખાતે નિર્માણ પામેલી નવી નગરપાલિકા કચેરીનું ભવ્ય કાર્યક્રમ વચ્ચે નામકરણ કરવામાં આવ્યું હતું. તાપડિયા આશ્રમના મહંત ઘનશ્યામદાસ બાપુના પવિત્ર હસ્તે નગરપાલિકા કચેરીને મહંત દયારામ ભવન'' નામ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિસ્તારના અગ્રણીઓ અને લોકપ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પૂર્વ જિલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસીયા, જિલ્લા પંચાયત સભ્ય નીતિનભાઈ રાઠોડ, હિંમતભાઈ દેત્રોજા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા રમેશ સાંગડિયા મહામંત્રી જગદીશ વાવડીયા મહામંત્રી સહિત નગરપાલિકાના સભ્યો અને ભાજપના હોદ્દેદારો હાજર રહ્યા હતા. નગરજનોમાં આ અવસરને લઈને આનંદની લાગણી જોવા મળી હતી અને મહંત દયારામ ભવન શહેરના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# ગાંધીધામ ચેમ્બરની નવી ટ્રેનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રજૂઆત

## મુંબઈ-દિલ્હીની ટ્રેનો દૈનિક કરવા માંગ; ગોપાલપુર સ્ટેશન પર સુવિધાઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી વર્તમાન વ્યવસ્થા જાળવવા અનુરોધ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છના વ્યાપાર, ઉદ્યોગ અને પ્રવાસન હિતોને ધ્યાને રાખી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળે પશ્ચિમ રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડના નેતૃત્વમાં થયેલી આ રજૂઆતમાં મુખ્યત્વે ભૂજ-બાંદ્રા અને દિલ્હી-સરાઈ રોહિલ્લા ટ્રેનને દૈનિક ધોરણે દોડાવવાની માંગ કરવામાં આવી છે.

બેઠક દરમિયાન ચેમ્બરે સ્પષ્ટ કર્યું હતું કે, ગાંધીધામના વિકલ્પરૂપે વિકસી રહેલા ગોપાલપુર સ્ટેશન પર જ્યાં સુધી પાર્કિંગ, એપ્રોચ રોડ અને સુરક્ષા જેવી પાયાની સુવિધાઓ પૂર્ણ ન થાય, ત્યાં સુધી હાલની વ્યવસ્થા યથાવત રાખવી જરૂરી છે. આ ઉપરાંત, ચીરઈ ગુડ્સ સાઈટનો વિકાસ અને બંદરો પર વધતા ટ્રાફિકને પહોંચી વળવા વધુ માલગાડીઓ ફાળવવા પણ રજૂઆત કરાઈ હતી.

માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું કે, પશ્ચિમ રેલવેના અધિકારીઓએ આ તમામ મુદ્દે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવાની ખાતરી આપી છે. આ મુલાકાતમાં ચેમ્બરના કૈલેશ ગોર, પારસમલ ન્હાટા અને રાકેશકુમાર જૈન પણ જોડાયા હતા.

# જસદણના નગરસેવક ગભરૂભાઈ ધાધલે મુખ્યમંત્રી સાથે સૌજન્ય મુલાકાત કરી



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ નગરપાલિકામાં શાખ અને ધાક ધરાવતાં કાર્યશીલ ભાજપના નગરસેવક ગભરૂભાઈ ધાધલ એ ગાંધીનગરમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ઉપ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત મંત્રીઓ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી જસદણ શહેરના વોર્ડ નંબર ત્રણમાંથી લાંબા સમયથી ચૂંટાતા ગભરૂભાઈ ધાધલ (મો૯૯૭૪૦૦૨૫૨૬) એ ભૂતકાળમાં ભાજપના યુવા સંગઠનમાં જબરદસ્ત કામગીરી કરી ભાજપને એક ખરા અર્થમાં તાકાત આપી હતી હાલ પણ ગભરુભાઈને શહેરનો કોઈપણ નાગરિક પોતાની સમસ્યા અંગે ટેલીફોનીક ફરિયાદ કરે તો પણ એ નાગરિકોને મદદરૂપ બની રહ્યાં છે. તેમણે મુખ્યમંત્રી સાથે વિકાસ અને સંગઠન મુદે પરામર્શ કર્યો હતો.

# કોટડા સાંગાણીના મોટામાંડવા ગામ બન્યું રોલ મોડેલ

## સેવા સંસ્કારનું સમન્વય ફળ્યું ગામનું સાંસદ રૂપાલાના હાથે કરાયું સન્માન

**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**



રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના મોટા માંડવા ગામે સેવાકીય કાર્યો અને ભારતીય સંસ્કૃતિના જતનના ઉમદા કાર્ય દ્વારા સમગ્ર જિલ્લામાં એક વિશેષ ઓળખ ઉભી કરી છે. ગામના આ પ્રેરણાદાયી કાર્યો અને આદર્શ વેરા વસૂલાતની કામગીરીને બિરદાવવા માટે રાજકોટના મહાનુભાવો દ્વારા ગામનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી તેમજ ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર દ્વારા મોટા માંડવા ગામને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ગામ વતી વનરાજભાઈ ચાવડાને સન્માનપત્ર એનાયત કરી તેમનું ગૌરવવંતુ સન્માન કરવામાં આવ્યું હતું.

ગામની વિશેષતાઓ: સેવાકીય પ્રવૃત્તિઓ: ગામમાં ચાલતી વિવિધ માનવતાવાદી અને સેવાકીય પ્રવૃત્તિઓમાં નવી પેઢીમાં સંસ્કૃતિ અને સંસ્કારોના સિંચન માટે થતા સતત પ્રયાસો થાય છે.

વહીવટી શિસ્ત:શારી એવી વેરા વસૂલાત કરવામાં આવી હતી અને સુવ્યવસ્થિત ગ્રામીણ વહીવટે ગામને ચલાવી ઓળખ આપી છે.

# ધ્રાંગધ્રા મુખ્ય બજાર ટ્રાફિક સમસ્યા લઈને જુમ્મા મસ્જિદ ટ્રસ્ટીઓની રજુઆત



**અબતક, સલીમ ઘાંચી, સુરેન્દ્રનગર**

ધ્રાંગધ્રા શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. ખાસ કરીને શાકમાર્કેટ રોડ અને આસપાસનો વિસ્તાર સાંજના સમયે ભારે અવરજવરથી ભરાઈ જાય છે, જેના કારણે સામાન્ય જનતાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે આ પ્રશ્નના કાયમી નિરાકરણ માટે જુમ્મા મસ્જીદ ના ટ્રસ્ટીઓ અને મુસ્લિમ સમાજના આગેવાનોએ પોલીસ મથકે પહોંચી રજૂઆત કરી હતી. આગેવાનો મહેબુબભાઈ જુણેજા, યુનુસભાઈ વકીલ અને હુસેનભાઈ મંડલી સહિતના પ્રતિનિધિઓએ તંત્રનું ધ્યાન આ ગંભીર સમસ્યા તરફ દોર્યું હતું આગેવાનોએ જણાવ્યું હતું કે હાલ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો હોવાથી મોટી સંખ્યામાં મુસ્લિમ ભાઈઓ નમાઝ અદા કરવા માટે મસ્જિદ ખાતે આવે છે મસ્જિદની આસપાસ પાર્કિંગ માટે પૂરતી જગ્યા ન હોવાથી લોકો પોતાના વાહનો રોડ પર જ પાર્ક કરે છે. આ ઉપરાંત ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. વધુમાં, મસ્જિદની બહાર કેટલાક દુકાનદારો દ્વારા ગેરકાયદેસર દબાણો કરવામાં આવ્યા હોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા છે. આવા દબાણોને કારણે રોડ સાંકડો બન્યો છે, જે ટ્રાફિક સમસ્યાને વધુ ગંભીર બનાવે છે. જેથી શહેરજનોને રાહત મળી શકે સ્થાનિક નાગરિકો પણ ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે કે તંત્ર સમયસર યોગ્ય પગલાં ભરી શહેરના મુખ્ય બજારમાં સુચારૂ ટ્રાફિક વ્યવસ્થા સુનિશ્ચિત કરે.

# હિંમતનગર નગરપાલિકા દ્વારા ૧૩૬ કરોડનું અંદાજપત્ર રજૂ

## નવા ભળેલા વિસ્તારો માટે ખાસ ગ્રાન્ટ ફાળવાય

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

પારદર્શી,વિકાસલક્ષી અને દુરોગામી આયોજન સાથે આગામી સમયમાં હિંમતનગર નગરપાલિકા નગરજનોની સુવિધા અને સુખાકારી માટે પ્રતિબધ્ધ છે ત્યારે નવા આયોજનમાં નવા ભેળવાયેલા વિસ્તારમાં નવીન ગટર લાઈનનું આયોજન,વરસાદી પાણી સંચય માટે રીચાર્જ વેલ,હયાત બોરવેલ રીચાર્જ,ઘન કચરાનું વૈજ્ઞાનિક પધ્ધતિથી પ્રોસેસિંગ,એફોર્ડેબલ હાઉસિંગ મિશન અંતર્ગત મંજુરી મળેથી નવા આવાસનું આયોજન, એમ્ફીથીયેટર,સ્ટ્રીટ ડોગ્સ માટે વેકિસનેશન સેન્ટર,પ્લાસ્ટિક નાબુદી અભિયાન,ઈકોલોજીકલ પાર્ક, જી.યુ.ડી.સી નિર્માણાધીન વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ,નવીન ટાંકી અને સંપ છે.

હિંમતનગર નગરપાલિકા દ્વારા ખાતાના વડાઓ તેમજ ચેરમેનઓ, સદસ્યઓ,ચીફ ઓફિસર,પ્રમુખ, કારોબારી ચેરમેન,ઉપપ્રમુખની હાજરીમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં બજેટની મિટીંગ પાર્વતી હિલ્સ ખાતે મિટીંગ હોલમાં રાખવામાં આવી હતી આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન વર્તમાન ટીમમાં કારોબારી ચેરમેન રહી ચુકેલ સાવન દેસાઈ તથા જીનલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સોમનાથ-પાટણ આરોગ્ય કેન્દ્રમાં ૨૪ કલાકમાં ૬ સફળ પ્રસુતી ૩ ઓપરેશનોનો સર્જાયો વિક્રમ

## આરોગ્ય કર્મચારીઓએ ઓવરટાઈમ કરી ફરજ નિભાવી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



સોમનાથ પ્રભાસ પાટણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય કેન્દ્રની ડોકટર નયન કછોટ સહિતની ટીમે સલામતીપૂર્વક અને નાના સેન્ટરમાં પ્રથમવાર જ માત્ર ૨૪ કલાકમાં ૬ પ્રસુતિઓ અને ત્રણ સ્ત્રી રોગને લગતા ઓપરેશનો નોકરીનો સમય પૂરો થવા છતાંયે ફરજ ચાલુ રાખી દાખલ થયેલ બહેનોની કાળજીપૂર્વક હેમખેમ તથા ગુજરાતના આરોગ્યતંત્રની સારી છાપ લઈ જાય અને દવાખાના પ્રત્યે સંતોષ અનુભવે તેવી કામગીરી બજાવી હતી.

વોર્ડમાં થોડા થોડા સમયે બાળકોના કિલકિલાટ અને વાલી સંબંધીઓના ઉત્સાહથી દવાખાનું બાળકોના કિલ્લોલથી ગુંજતું થયું હતુ પ્રભાસ પાટણ જેવા નાના સેન્ટરમાં આ સેવા બહુ જ ઉપયોગી થઈ અને ડોકટરો તથા સ્ટાફે નોકરી સમય પૂરો થયા છતાં સેવા બજાવી સર્વેને સંતોષ સાથે ફરજનિષ્ઠા દાખવી હતી. ૨૪ કલાકમાં ૬ પ્રસુતી અને ૩ ઓપરેશનની વિક્રમી સફળ કામગીરી બદલ સ્ટાફની સરાહના થઈ રહી છે.

ચલતી કા નામ ટી-૨૦

# આઈસ કોલ્ડ સંજુની ઈનિંગે ભારતને સેમિ ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ અપાવ્યો

## ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-૮ના અંતિમ મેચમાં વિન્ડિઝ સામે ભારતનો પાંચ વિકેટે વિજય: સેમસનના અણનમ ૯૭ રન

### વર્લ્ડકપમાં ૧૯ સિક્સ ફટકારવાનો હેટમાયરનો રેકોર્ડ!!!

વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન શિમરોન હેટમાયરે ભારત સામેની સુપર ૮ મેચમાં એક મોટો રેકોર્ડ બનાવ્યો. તેણે માત્ર ૧૨ બોલમાં ૨૭ રનની ધમાકેદાર ઈનિંગ રમી, જેમાં એક ફોર અને બે સિક્સર ફટકારી. આ બે સિક્સર સાથે, તેણે એક નવો રેકોર્ડ બનાવ્યો. ટી૨૦ વર્લ્ડ કપના એક જ એડિશનમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો. તેણે આ વર્લ્ડ કપમાં ૧૯ સિક્સર ફટકારી છે, જેણે સાહિબજાદા ફરહાનનો રેકોર્ડ તોડ્યો છે.

**અબતક, રાજકોટ**

ભારતને જરૂર હતી ત્યારે જ પોતાનું ફોર્મ પરત મેળવનારા સંજુ સેમસનના શાનદાર અણનમ ૯૭ રનની મદદથી ભારતે રવિવારે આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની સુપર-૮ની અંતિમ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને પાંચ વિકેટથી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. પાંચમી માર્ચે મુંબઈ ખાતે તેનો મુકાબલો ઈંગ્લેન્ડ સામે થશે સંજુ સેમસને છેક સુધી બેટિંગ કરીને ૫૦ બોલમાં ચાર સિક્સર સાથે ૯૭ રન ફટકાર્યા હતા. આ સાથે ભારત સુપર-૮માં સાઉથ આફ્રિકા બાદ બીજા ક્રમે રહ્યું હતું.ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૫ રનનો સ્કોર કર્યો હતો જેના જવાબમાં ભારતે ૨૦મી ઓવરમાં ટારગેટ વટાવી દીધો હતો. ૧૯૬ રનના ટારગેટ સામે રમતા ભારતે અભિષેક શર્માની વિકેટ સસ્તામાં ગુમાવી દીધી હતી પરંતુ તેનો સાથી ઓપનર સંજુ સેમસન ટકી ગયો હતો. સંજુએ તેની કારકિર્દીની યાદગાર પૈકીની એક ઈનિંગ્સ રમી હતી. તેણે ૫૦ બોલની ઈનિંગ્સમાં ૧૨ ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી. ઈશાન કિશન માત્ર દસ રન કરી શક્યો હતો તો સૂર્યકુમાર યાદવ ૧૬ બોલમાં એક સિક્સર સાથે ૧૮ રન કરીને આઉટ થયો હતો. તિલક વર્માએ ૧૩મી ઓવરમાં શામર જોસેફ સામે ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા. અંતે તે ૧૫ બોલમાં ૨૭ રન ફટકારીને આઉટ થયો હતો.અગાઉ વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરી હતી અને યોજનાબદ્ધ રમતનું પ્રદર્શન કર્યું હતું. રોસ્ટન ચેઝે ૨૫ બોલમાં ૪૦ રન ફટકારવા ઉપરાંત કેપ્ટન શાઈ હોપ સાથે મળીને પહેલી વિકેટ માટે ૬૮ રન ઉમેરી દીધા હતા. હોપ પણ મજબૂત રમત દાખવી રહ્યો હતો અને તેણે ૩૨ રન ફટકાર્યા હતા. ૧૨મી ઓવરમાં બુમરાહે ભારતને શિમરોન હેતમાયર અને બે બોલ બાદ રોસ્ટન ચેઝને આઉટ કરીને મહત્વની સફળતા અપાવી હતી. જોકે હેતમાયરે ૧૨ બોલમાં બે સિક્સર સાથે ૨૭ રન ફટકારીને પરેશાન કર્યા હતા. બીજી તરફ ભારતે પણ કેટલાક કેચ પણ ગુમાવ્યા હતા જેનો કેરેબિયન ટીમે લાભ ઉઠાવ્યો હતો. બુમરાહે ઉપરા ઉપરી બે વિકેટ લીધી હોવા છતાં ભારતને રાહત મળી ન હતી કેમ કે રોવમેન પોવેલ અને જેસન હોલ્ડરે મળીને ૩૫ બોલમાં ૭૬ રનની અતૂટ ભાગીદારી નોંધાવીને કેરેબિયન ટીમને ૧૯૫ રનના સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી દીધી હતી. પોવેલે ૧૯ બોલમાં ૩૪ અને હોલ્ડરે ૨૨ બોલમાં ૩૭ રન ફટકાર્યા હતા. ભારત માટે જસપ્રિત બુમરાહે ચાર ઓવરમાં ૩૬ રન આપીને બે વિકેટ લીધી હતી.




### જીત બાદ ઈમોશનલ થયો સંજૂ સેમસન

પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા પછી સંજુ સેમસને કહ્યું હતું કે તેણે બાળપણથી જ પોતાના દેશ માટે રમવાનું સ્વપન જોયું હતું અને આજે તેને લાગે છે કે તેની રાહ સાચી પડી છે. તેણે સ્વીકાર્યું કે તેની કારકિર્દીમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે અને ક્યારેક તેણે પોતાની જાત પર શંકા કરી હતી, પરંતુ તેણે ક્યારેય વિશ્વાસ ગુમાવ્યો નથી. સેમસને જણાવ્યું કે ભલે તે આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી મેચ રમ્યો નથી, પણ ડગઆઉટમાં બેસીને તેણે અનુભવી ખેલાડીઓ પાસેથી ઘણું શીખ્યો છે. તેણે ખાસ કરીને વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા ખેલાડીઓનું નામ લેતા કહ્યું કે તેણે જોયું કે મોટા ખેલાડીઓ મેચ કેવી રીતે પૂર્ણ કરે છે અને પરિસ્થિતિ અનુસાર પોતાની રમતને કેવી રીતે અનુકૂળ બનાવે છે.

### સંજુ સેમસને વિરાટ કોહલીનો રેકોર્ડ તોડ્યો

ગઈકાલના મેચ પહેલા વિરાટ કોહલીના નામે ટી૨૦ વર્લ્ડકપના ઈતિહાસમાં સફળ ચેઝમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ હતો. તેને ૨૦૧૬ના ટી૨૦ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા સામે મોહાલીમાં અણનમ ૮૨ રનની ઈનિંગ રમીને ભારતને જીત અપાવી હતી અને પછી ૨૦૨૨માં તેને મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર પાકિસ્તાન સામે ૧૬૦ રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે અણનમ ૮૨ રન બનાવ્યા હતા.સંજુ સેમસને હવે વેસ્ટ ઈન્ડીઝ સામે અણનમ ૯૭ રનની ઈનિંગ રમીને કોહલીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ જીત સાથે ભારતીય ટીમે ૨૦૧૬ના ટી૨૦ વર્લ્ડકપમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની તેમની અગાઉની સેમીફાઈનલ હારનો બદલો લીધો.

### ગુરૂવારે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે સેમિ ફાઈનલ જંગ

૨૦૨૬ ટી૨૦ વર્લ્ડ કપની પહેલી સેમીફાઈનલ મેચ ૪ માર્ચે દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાશે. આ મુકાબલો કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાશે. બીજી સેમીફાઈનલ મેચ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે થશે. આ મુકાબલો ૫ માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે.બંને સેમીફાઈનલમાં જીતનારી ટીમો ૮ માર્ચે ફાઈનલમાં ટકરાશે. ફાઈનલ મેચ અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.ભારત પાસે ઈતિહાસ રચવાની તક હશે, કારણ કે અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈ પણ ટીમે સતત ૨ વાર ટી૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો નથી.

### અભિષેક માટે વર્લ્ડકપ દુ:સ્વપન સમાન!!!

ટીમ ઈન્ડિયાએ અત્યાર સુધી ફિલ્ડિંગમાં ઘણી નિરાશાઓ કરી છે. આ મેચમાં અભિષેક શર્માએ પાવરપ્લે દરમિયાન એક સરળ કેચ છોડ્યો હતો. આ કેચ છોડવાને કારણે વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન રોસ્ટન ચેઝને જીવનદાન મળ્યું.અભિષેક શર્માએ વર્લ્ડકપમાં જોય તેવું પ્રદશન કર્યું નથી. બેટમાંથી રન પણ નથી આવ્યા અને ફિલ્ડિંગ પણ નિરાશાજનક રહી છે. અભિષેક શર્મા માટે વર્લ્ડકપ દુ:સ્વપન સમાન બની ગયો છે.

# મોબાઈલ નંબરથી લોગીન થતી બધી જ એપ હવે સિમ કાર્ડ વગર ચાલશે નહીં

### કંઈ કંઈ એપ્લિકેશન પર આ નિયમ લાગુ પડશે?

તમામ એપ્સ જે મોબાઈલ નંબર (ઓટીપી) દ્વારા લોગ-ઈન થાય છે તેને આ નિયમ લાગુ પડશે. જેમાં વોટ્સએપ્પ (સૌથી વધુ અસર અહીં જોવા મળશે), ટેલીગ્રામ, સિગ્નલ, સ્નેપચેટ, જીયોચેટ, અરાટાઈ (સ્વદેશી મેસેજિંગ એપ), જોશજીયો, હોટસ્ટાર, નેટફ્લીક્સ જેવી બધી એપ્સનો સમાવેશ થાય છે. હાલમાં ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવી એપ્સ (જે ઈમેલથી પણ ચાલે છે) માટે આ નિયમની સ્પષ્ટતા નથી.

### સાયબર, ઓનલાઈન ફ્રોડ અને ઓટીપી દ્વારા થતા ક્રાઈમને રોકવા માટે નિર્ણય લેવાયો છે

ભારત સરકારના ટેલિકોમ વિભાગ દ્વારા ઓનલાઈન ફ્રોડ રોકવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિયમ વોટ્સએપ્પ, ટેલીગ્રામ અને સિગ્નલ જેવી તમામ એપને લાગુ પડશે. અત્યાર સુધી એવું હતું કે એકવાર વોટ્સએપ્પ ચાલુ થઈ જાય પછી તમે ફોનમાંથી સિમ કાર્ડ કાઢી લો તો પણ ઈન્ટરનેટ દ્વારા વોટ્સએપ્પ ચાલતું રહેતું. પરંતુ હવે એવું નહીં થાય. જો તમે કોમ્પ્યુટર કે લેપટોપમાં વોટ્સએપ્પ વાપરો છો, તો હવે દર ૬ કલાકે તે ઓટોમેટિક લોગ-આઉટ થઈ જશે. તમારે ફરીથી લોગ-ઈન કરવું પડશે.

સાયબર ગુનેગારો બીજાના નંબર પર એકવાર ઓટીપી મેળવીને પછી સિમ વગર પણ એકાઉન્ટ ચલાવતા હતા. આ નિયમથી આવા ફ્રોડ અટકશે. જો તમારો ફોન ખોવાઈ જાય અને તમે સિમ કાર્ડ બ્લોક કરાવો, તો તરત જ તમારૂં વોટ્સએપ્પ પણ બંધ થઈ જશે, જેથી કોઈ તેનો દુરુપયોગ કરી શકે નહીં. ઓફિસમાં જે લોકો આખો દિવસ વોટ્સએપ્પ વેબ વાપરે છે, તેમણે હવે વારંવાર લોગ-ઈન કરવાની તૈયારી રાખવી પડશે. સાયબર ક્રાઈમ અને ઓનલાઈન ફ્રોડ રોકવા માટે આ નિર્ણય લેવાયો છે. ઠગ લોકો કોઈના નંબર પર વોટ્સએપ્પ એક્ટિવેટ કરીને સિમ કાર્ડ વગર તેનો દુરુપયોગ કરતા હતા, જે હવે અશક્ય બનશે.ઠગ લોકો ઘણીવાર કોઈના નંબર પર એકવાર ઓટીપી મેળવી લેતા અને પછી સિમ કાર્ડ વગર પણ વોટ્સએપ્પ ચલાવીને લોકો સાથે છેતરપિંડી (જેમ કે ડિજિટલ અરેસ્ટ, ફેક પેમેન્ટ સ્ક્રીનશોટ) કરતા હતા. હવે સિમ વગર એપ ચાલશે જ નહીં, એટલે આવા ફ્રોડ અટકશે. ગુનાખોરીના કિસ્સામાં તપાસ એજન્સીઓ માટે એ જાણવું સરળ બનશે કે મેસેજ ખરેખર કયા સિમ કાર્ડ અને લોકેશન પરથી મોકલવામાં આવ્યો છે.સરકાર ઈચ્છે છે કે દરેક એક્ટિવ મેસેજિંગ એકાઉન્ટ એક એવા સિમ કાર્ડ સાથે જોડાયેલું હોય જેનું કેવાયસી (ઓળખના પુરાવા) થયેલું હોય. ઘણીવાર ભારતીય નંબર પર વોટ્સએપ્પ ચાલુ કરીને વિદેશથી ફ્રોડ કરવામાં આવતા હતા. હવે જો સિમ કાર્ડ ભારતમાં (અને ફોનમાં) નહીં હોય, તો એકાઉન્ટ ચલાવવું મુશ્કેલ બનશે. જેમ અત્યારે ગુગલ પે કે ફોન પે જેવી બેંકિંગ એપ વાપરવા માટે જે-તે સિમ કાર્ડ ફોનમાં હોવું જરૂરી છે, હવે વોટ્સએપ્પ અને ટેલીગ્રામ માટે પણ એવું જ 'બાઈન્ડિંગ' થઈ જશે.

### સિમ-બાઈન્ડિંગ એટલે શું?

સિમ-બાઈન્ડિંગ એટલે તમારી એપ્લિકેશનને તમારા ફોનમાં રહેલા સિમ કાર્ડ સાથે લોક કરી દેવી. જે રીતે ગુગલ પે કે ફોન પે જેવી બેંકિંગ એપ વાપરવા માટે તે સિમ કાર્ડ ફોનમાં હોવું ફરજિયાત છે, તેવી જ રીતે હવે વોટ્સએપ્પ અને ટેલિગ્રામ પણ તમારા સિમ કાર્ડ સાથે 'બાઈન્ડ' એટલે કે બંધાઈ જશે. જો સિમ કાર્ડ ફોનમાં નહીં હોય, તો એપ કામ કરશે નહીં.

# રાજકોટના કાલાવડ રોડ પર મંડપના ગોડાઉનમાં વિકરાળ આગ : ૧૫ કલાકે પણ લબકારા યથાવત

### વાજડી-ન્યારી રોડ પર આવેલા કોંગી આગેવાનની માલિકીના મુંદ્રા ઈવેન્ટ નેટવર્કના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા લાખો રૂપિયાનો સામાન ભસ્મિભૂત : સદનસીબે કોઈ જાનહાની નહિ

### રાત્રે આઠ વાગ્યાં આસપાસ લાગેલી આગને કાબુમાં લેવા છ ફાયર ફાઈટર દોડાવાયા : હજુ ત્રણ ગાડીઓ ઘટનાસ્થળે

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે કાલાવડ રોડ પર વાજડી-ન્યારી રોડ પર આવેલ કોંગી આગેવાનની માલિકીની મુંદ્રા ઈવેન્ટ નેટવર્ક નામના મંડપ સર્વિસના ગોડાઉનમાં લાગેલી આગએ ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બનાવને પગલે અલગ અલગ ફાયર સ્ટેશન ખાતેથી છ ફાયર ફાઈટરો દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન શરૂ કરવામાં આવ્યા હતા. જો કે, ૧૫ કલાક બાદ પણ લબકારા યથાવત હોય હજુ ત્રણ ફાયર ફાઈટરો ઘટનાસ્થળે હાજર છે.

આગની ઘટના અંગે ફાયર બ્રિગેડમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ગત રાત્રીના આઠ વાગ્યાં આસપાસ કાલાવડ રોડ પર આવેલા વાજડી ગામ પાસે આવેલ મુંદ્રા ઈવેન્ટ નેટવર્ક નામના મંડપના ગોડાઉનમાં કોઈ કારણોસર આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમા મંડપનો સામાન હોય આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જે મામલે રાત્રીના ૮:૦૮ વાગ્યે ફાયર બ્રિગેડને કોલ મળતા કાલાવડ રોડ, રામાપીર ચોકડી, રેલનગર, મવડી અને કોઠારીયા ફાયર સ્ટેશન ખાતેથી છ ફાયર ફાઈટર ઘટનાસ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, હજુ સુધી આગના લબકારા યથાવત હોય ત્રણ ફાયર ફાઈટરો હજુ પણ ઘટનાસ્થળે હાજર હોવાનું જાણવા મળ્યું છે.

કોંગી આગેવાન અને અગાઉ વિધાનસભા-૬૮ બેઠક પરથી કોંગ્રેસના નિશાન પર ધારાસભ્યની ચૂંટણી લડી ચૂકેલા મિતુલભાઈ દોંગાની માલિકીના ગોડાઉનનો અડધો ભાગ આગમાં ખાખ થઈ ગયો છે. જોકે આ આગના કારણે કોઈ પણ પ્રકારની જાનહાની થઈ નથી. નુકશાનનો આંકડો હજુ બહાર આવ્યો નથી.





### આગએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ગોડાઉનની બાજુમાં આવેલા એપાર્ટમેન્ટના કાચ ફૂટી ગયા

મુંદ્રા ઈવેન્ટ નેટવર્કના ગોડાઉનમાં આગ લાગી હતી. તેની નજીકમાં જ એક બંગલાની સ્કીમ હોય તેમાં રહેતા લોકોની ચિંતા વધી હતી. જો કે, ફાયરબ્રિગેડે તાત્કાલીક પાણીનો મારી ચલાવી આગને વધુ ફેલાતા અટકાવી હતી. આગની જ્વાળાના કારણે પામવિલા બંગલાની બારીઓના કાચ ફૂટી ગયા હતા.

# જૂનાગઢની ગીરનારી ગ્રુપે ગરીબ બાળકોને ધુળેટી પર્વે નિમિતે આપ્યો રંગ-પીચકારી પતાસાનો ઉપહાર

### ગીરનારી ગ્રુપની સેવાની કોઠારી સ્વામી ધર્મ કિશોરદાસએ કરી સરાહના

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**

ધુળેટીનો પવિત્ર પર્વ પાવન અવસરે જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપના શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસવાટ કરતા નિરાધાર અને જરૂરિયાતમંદ બાળકો તથા તેમના પરિવારજનો સાથે ધુળેટી પર્વ ઉજવી પિચકારી, કલર, દાળિયા, ખજૂર, ધાણી, પતાસા વિગેરે વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ પગપાળા જીવન નિર્વાહ કરતા જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઉનાળાની કાળઝાળ ગરમીથી રક્ષણ મળે તે માટે પગમાં પહેરવા માટેના બૂટ આપવામાં આવ્યા હતા. ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની



યાદીમાં જણાવવામાં આવે છે કે, આ ગિરનારી ગ્રુપના સભ્યો દિનેશભાઈ રામાણી, સમીરભાઈ દવે, હરિભાઈ કારીયા, દેવાંગભાઈ પંડ્યા, ભરતભાઈ સંપટ, બીપીનભાઈ ઠકરાર, સુધીરભાઈ અઢિયા, જયમીનભાઈ મહેતા, સંદીપભાઈ ધોરડા, ડો. હાર્દિક ઉસદડીયા, દિલીપભાઈ દેવાણી, સમીરભાઈ ઉનડકટ, ચંદ્રેશભાઈ દોશી સહિતના સેવાભાવી કાર્યકરો હાજર રહી પોતાની નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી હતી.

# આદિપુર પોલીસે ૩૧ લાખના ગુમ થયેલ મોબાઈલો માલીકોને પરત કરાવ્યા

### તેરા તુજકો અપર્ણ અભીયાન અરજદારો માટે બન્યુ આશિર્વાદ

**અબતક, ભારતી માખીજાણી**
**ગાંધીધામ**

કચ્છના આદિપુર પોલીસે તેરા તુજકો અપર્ણ કાર્યક્રમ અંતર્ગત અરજદારોને ખોવાયેલ ૩૧ લાખના મોબાઈલ પરત કરાવ્યા હતા.

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના મુજબ પ્રજાનો પોલીસ પર વિશ્વાસ વધે તે હેતુથી આદિપુર પોલીસ સ્ટેશન દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પી.આઈ. એમ.સી. વાળા અને તેમની ટીમે સી.ઈ.આઈ.આર. પોર્ટલ અને સી.ડી.આર. એનાલિસિસની મદદથી આદિપુર વિસ્તારમાંથી ગુમ થયેલા ૧૪ મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. આશરે ૩,૧૪,૯૯૮ની કિંમતના આ મોબાઈલ ફોન ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ હેઠળ અરજદારોને બોલાવી આદિપુર પોલીસ સ્ટેશન ખાતે પરત સોંપવામાં આવ્યા હતા

આ કામગીરી આદીપુર પીઆઈ એમ.સી.વાળા, સેકન્ડ પીઆઈ આર. સી રામાનુજ, પીએસઆઈ આર.એમ.ડુવા સાથે આદીપુર પોલીસ સ્ટાફના માણસો દ્વારા સફળ કરવામાં આવેલ હતી.

# ભારતીયોએ UPI દ્વારા ફેબ્રુઆરીમાં ૭૨.૮ કરોડ ટ્રાન્ઝેક્શન કરી ઓલ - ટાઈમ રેકોર્ડ તોડ્યો

### ગયા વર્ષની સરખામણીએ આ વખતે ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં ૨૭% નો વધારો જોવા મળ્યો

ફેબ્રુઆરી મહિનામાં ભારતીયોએ ઓનલાઈન પેમેન્ટ કરવામાં નવો રેકોર્ડ બનાવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના આંકડા મુજબ, ફેબ્રુઆરીમાં દરરોજ સરેરાશ ૭૨.૮ કરોડ (૭૨૮ મિલિયન) ટ્રાન્ઝેક્શન થયા છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. ગયા વર્ષના ફેબ્રુઆરીની સરખામણીએ આ વખતે ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં ૨૭% નો તોતિંગ વધારો જોવા મળ્યો છે.

ફેબ્રુઆરીમાં કુલ ૨૦.૩૯ અબજ વ્યવહારો થયા, જેની કિંમત અંદાજે રૂ. ૨૬.૮૪ લાખ કરોડ થાય છે. જાન્યુઆરી મહિના કરતા આંકડો થોડો ઓછો લાગે છે, પણ તેનું મુખ્ય કારણ એ છે કે ફેબ્રુઆરીમાં દિવસો ઓછા હતા. છતાં, 'ડેઈલી એવરેજ' માં ફેબ્રુઆરીએ બાજી મારી છે. UPI હવે માત્ર શહેરો પૂરતું મર્યાદિત નથી રહ્યું. હવે નાના વેપારીઓ અને સામાન્ય લોકો પણ રોકડને બદલે UPI ને વધુ પસંદ કરી રહ્યા છે. ભલે મહિનો નાનો હોય, પણ રોજિંદા ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ તૂટવો એ દર્શાવે છે કે ભારત સાચા અર્થમાં 'ડિજિટલ' બની રહ્યું છે. ચાની લારીથી લઈને મોટા મોલ સુધી દરેક જગ્યાએ UPI વપરાય છે. આ ડેટા સાબિત કરે છે કે આવનારા સમયમાં રોકડનો વપરાશ હજુ ઘટશે અને ટેકનોલોજીનો વ્યાપ વધશે.

# દ્વારકાધીશના દરબારમાં ભક્તોના અદમ્ય ઉત્સાહથી જામ્યો ફૂલડોલ ઉત્સવ

## કાલે જગતમંદિરમાં દોલોત્સવની ભવ્ય ઉજવણી: ચાંદીની પિચકારીમાં કેસુડાના રંગથી રમશે ઠાકોરજી





**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

દ્વારકા યાત્રાધામમાં ફૂલડોલ મનાવવા આવી પહોંચેલા ભાવિકોની ભીડમાં કાળિયા ઠાકોર સંગ ફૂલડોલ મનાવવાનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળી રહ્યો છે ત્યારે દ્વારકાધીશ મંદિરના નિજ મંદિરમાં હોળાષ્ટકના સ્થાપનથી આજપર્યંત ભગવાન દ્વારકાધીશજીની સન્મુખ આરતીમાં શ્રૃંગાર આરતી તથા સાંજે સંધ્યા આરતીમાં ભગવાન દ્વારકાધીશજીને હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં અબીલ ગુલાલની છોળ સાથે ફુલડોલ ઉત્સવને વધાવામાં આવી રહ્યો છે. ભાવિકોને દ્વારકાધીશજીના દૈદિપ્યમાન શ્વેત પરિધાન સાથેના ઉત્સવ દર્શન નિહાળી ભાવિકોને ભાવવિભોર થાય છે. મંદિર પરિસરમાં રાસ-ગરબા અને કૃષ્ણધૂન પર ભાવિકો તન્મય થતા જોવા મળી રહ્યા છે.

દ્વારકાધીશ જગતમંદિરમાં સામાન્ય રીતે ફાગણ વદ એકમના રોજ જગતમંદિરમાં ફુલડોલ ઉત્સવ મનાવાય છે પરંતુ આ વખતે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પૂર્ણિમાના દિવસે હોય તા.૩જી માર્ચે પૂર્ણિમાના રોજ દ્વારકામાં આવેલાં દ્વારકાધીશ જગતમંદિરમાં ધાર્મિક પરંપરા અનુસાર ભાવિકો સંગ દોલોત્સવની ઊજવણી કરવામાં આવશે. જગતમંદિરના પૂજારી પ્રણવભાઈ ઠાકરના જણાવ્યાનુસાર મંગળવાર તા.૩ માર્ચના રોજ બપોરે ૧:૪૫ કલાકે ઠાકોરજીને ભીતરમાં (બંધ પડદે) ધાણી, દાળીયા, ખજૂર, સૂકોમેવો, પતાસા વિગેરેનો મહાભોગ ધરાવ્યા બાદ નીજ સભાગૃહમાં બાલસ્વરૂપને ઝુલામાં સ્થાપન કરાવી દોલોત્સવ સ્વરૂપના દર્શન કરાવાશે. હોજમાં ફૂલોના ઝુલામાં બિરાજમાન બાળ સ્વરૂપને સિધ્ધ કરી શંખનાદ, ઢોલ નગારાના ગગનભેદી નાદ સાથે ઠાકોરજીની મહાઆરતીનો પ્રારંભ થશે. આરતી પ્રારંભે કેસુડાં - કેસર જલ ચાંદીની પિચકારીમાં ભરી ઠાકોરજીસંગ ધૂળેટી રમાશે. બાદ દ્વારકાધીશજીના શ્રીઅંગ પર પધરાવવામાં આવેલ અબીલ-ગુલાલની છોળો(રંગ) ભાવિક ભક્તોને પ્રસાદીરૂપે ઉડાડવામાં આવશે. બપોરે ૨ કલાકે ઠાકોરજીના રાજાધિરાજ સ્વરૂપના પૂર્ણ શૃંગાર સાથે શ્રીઅંગ પર શંખ, ચક્ર, ગદા, પદ્મ તથા અલંકારો તેમજ સફદ વસ્ત્રો સાથેના ઠાકોરજીના દૈદિપ્યમાન સ્વરૂપના દર્શન ખુલ્લાં મૂકાશે. ઉત્સવ આરતી બાદ દ્વારકાધીશ જગતમંદિરમાં બપોરે ૨ થી ૩ કલાક સુધી ભાવિકો વચ્ચે ઠાકોરજી સન્મુખ અબીલ - ગુલાલ વડે પરંપરાગત રીતે દોલોત્સવ ઊજવાશે. આ ઉપરાંત દેશ વિદેશમાં લાખો શ્રધ્ધાળુઓ ઓનલાઈનના માધ્યમથી જગતમંદિરમાં થનારા દોલોત્સવને નિહાળશે.

બુધવારે બેટ દ્વારકાધીશ જગતમંદિરમાં ફૂલડોલ ઉત્સવ ઉજવાશે. બેટ દ્વારકાધીશ મંદિરમાં આ ઉત્સવને દોલોત્સવ કહેવામાં આવે છે. બુધવારે સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી ઠાકોરજીના દોલોત્સવ ઉત્સવ દર્શન યોજાનાર છે. જેમાં દ્વારકાધીશના ચલ સ્વરૂપ શ્રી ગોપાલજીને મધ્યાહન ભોગ અર્પણ કરાયા બાદ દોલોત્સવ માટે ઝુલામાં પધરાવી ચાંદીની પિચકારીમાં કેસુડો ભરી ઠાકોરજી સંગ ઉપસ્થિત દર્શનાર્થીઓનો સંગ મંદિરના મુખ્યાજીઓ દ્વારા અબીલ - ગુલાલ સાથે દોલોત્સવ રમી પારંપરીક રીતે ઉજવણી કરાય છે. દોલોત્સવ ખેલ્યા બાદ ગોપાલજીને નિજમંદિરમાં પુનઃ પધરાવી ઠાકોરજીને રાજભોગ ધરાવાય છે. જેને ફગવા ભોગ પણ કહેવામાં આવે છે. વિક્રમ સંવત ૧૬૧૭માં જામનગરના રાજા જામરાવળજીએ મંદિરો સિધ્ધ કરાવ્યા હતા અને પ્રભુ બિરાજમાન થયા હતા. ત્યારથી આજદિન સુધી દર વર્ષે એટલે કે છેલ્લાં ૪૬૫ વર્ષથી અહીં ભાવિકોની ઉપસ્થિતિમાં ઠાકોરજી સંગ દોલોત્સવની ઊજવણી કરવામાં આવે છે.

### ચરકલા રોડ પર પગરખા ત્યજી ખૂલ્લા પગે જાત્રા કરવાની માન્યતા



દ્વારકા યાત્રાધામમાં ફુલડોલ ઉત્સવ મનાવવા દર વર્ષે સૌરાષ્ટ્ર - ગુજરાત - કચ્છ સહિતના પંથકોમાંથી પદયાત્રીઓ નિકળી પડતા હોય છે. દ્વારકા પહોંચ્યા પહેલા ચરકલા રોડ પર છ કિમી પહેલા પદયાત્રીઓ પગરખા ત્યજવાની માન્યતા ધરાવતા હોય સેંકડો પદયાત્રીઓ અહીં પોતાના પગરખા ત્યજી ત્યાંથી જગતમંદિર સુધી ખુલ્લા પગે યાત્રા કરતા જોવા મળે છે.

### પ્રાચીન-અર્વાચીન રાસ-ગરબા તથા કરતબો સાથે આવતા પદયાત્રિકો



ફુલડોલ ઉત્સવ ઉજવવા માટે અલગ-અલગ પ્રાંતમાંથી આવતા પગપાળા શ્રધ્ધાળુઓ રસ્તામાં વિવિધ પ્રાચીન - અર્વાચીન રાસગરબાઓ તથા કરતબો સાથે કૃષ્ણભૂમિ તરફ પ્રયાણ કરી રહ્યા છે. પદયાત્રિકોનું સેવાભાવી સંસ્થાઓ તથા સેવા કેમ્પના સંચાલકો દ્વારા સ્વાગત સાથે ભાવિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સહિયારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ટાઢ - તાવ, ઠંડી - ગરમી, તડકો - છાંયો એ બધુ એક તરફ રાખીને ડી.જે.ના સથવારે નાચતા-નાચતા અંતર કાંપતા પદયાત્રિકોની કાળિયા ઠાકોર પ્રત્યેની લગની જ કાંઈક અલગ હોય છે. પદયાત્રિકોનો જુસ્સો જોતા એવું લાગે છે કે તેમની દ્વારકાધીશ પ્રત્યેની લગની કેટલી પ્રબળ છે.

# પોલીસની ટ્રાફિક ડ્રાઈવમાં ૨૭ વાહનો ડીટેઈન, ૮૩૧ વાહનોનું ચેકીંગ

## ટ્રાફિકના નિયમ નેવે મૂકી વાહન ચલાવવા બદલ ૨૪૮ કેસ કરાયા

**અબતક ,સાગર સંઘાણી**
**જામનગર**



જામનગર પોલીસ દ્વારા વધુ એક વખત ટ્રાફિકના નિયમોંનું ઉલ્લંઘન કરનારા વાહન ચાલકો સામે લાલ આંખ કરવામાં આવી હતી. સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન જુદા જુદા ૮૩૧ વાહનોના ચેકીંગ કરાયા હતા. આ વેળાએ નિયમ નેવે મૂકી વાહન ચલાવવા બદલ ૨૪૮ કેસ નોંધાયા હતા.જામનગર જિલ્લામાં કારમા બ્લેક ફિલ્મ, નંબર પ્લેટ વગર તથા ફ્રેન્સી નંબર પ્લેટ વાળા વાહન ચાલકો અને કેફી પીણુ પીધેલી હાલતમા વાહન ચલાવતા શખ્સોને કાયદાના પાઠ ભણાવવા માટે જુદા જુદા સ્થળે ખાસ ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ હતી. આ દરમિયાન કારમા બ્લેક ફિલ્મ અને નંબર પ્લેટ વગરના વાહન તથા ફ્રેન્સી નંબર પ્લેટ વાળા વાહન લઈ નીકળેલા ૧૨૩ શખ્સો દંડાયા હતા. મોટર વ્હીકલ કલમ ૨૦૭ ના ભંગ બદલ ૨૭ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. જ્યારે કલમ ૧૮૫ હેઠળ ૧૨ કેસ, સાથે જ વાહનમાં હથિયાર સાથે નીકળેલા ૫ શખ્સોને કાયદામાં પાઠ ભણાવાયા હતા. બી.એન.એસ કલમ ૨૮૧ અને ૨૮૫ હેઠળ એક એક કેસ કરાયો હતો. તેમજ ૭૯ શખ્સો પાસેથી હાજર દંડ પેટે રૂ. ૬૮,૫૦૦ ની વસૂલાત કરાઈ હતી.

# કાલાવડ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દી ઉજવણી

**અબતક, રાજુ રામોલીયા**
**કાલાવડ**



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દી ઉજવણી અંતર્ગત કાલાવડ શહેરના કલ્યાણેશ્વર વસ્તીમાં આશાપુરા માતાજી મંદિર ખાતે હિન્દુ સંમેલન યોજાયું હતું.

હિમાંશુ અદા જાની દ્વારા ભગવાન સત્યનારાયણની કથા બાદ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ થયો. મહેશ ગીરીબાપુ, ઈશ્વર પુરીબાપુ અને જીકાબાપુના આશીર્વચન પ્રાપ્ત થયા. મુખ્ય વક્તા તરીકે હિમાંશુ અદા શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા અને રાજુભાઈ વાજાએ વિશેષ પ્રસ્તાવ રજૂ કર્યો હતો.દાતાઓનું સન્માન પી.ડી. જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું.અધ્યક્ષ વિરેન્દ્રસિંહ જાડેજાએ આભાર વિધિ કરી અને સંચાલન જેન્તીભાઈ કમાણી દ્વારા કરવામાં આવ્યું હતું.અંતે માતાજીની મહા આરતીમાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# જામનગર પરેડ ગ્રાઉન્ડ ખાતે હોળીની ઉજવણી કરતા હોમગાર્ડઝના સભ્યો



**અબતક,સાગર સંઘાણી**
**જામનગર**

હોમગાર્ડઝ જવાનો દરેક તહેવારોમાં પોલીસ સાથે ખડેપગે ઊભા રહીને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ થયા છે. ત્યારે ફરજને કારણે તહેવાર ન ઉજવી શકતા જામનગર શહેરમાં હોમગાર્ડઝ જવાનો દ્વારા હોળીની એડવાન્સ ઉજવણી કરવામાં આવી હતી. જામનગર જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા દ્વારા કચેરી ખાતે પરેડ ગ્રાઉન્ડ પર હોળીની તા.૧ માર્ચના રોજ આગોતરી ઉજવણીનું આયોજન કરાયું હતું. આ દરમિયાન હોમગાર્ડના સભ્યોએ પરિવાર સાથે એક બીજા પર ફૂલોનો વરસાદ કરી હોળી પર્વ મનાવ્યું હતું.

### સાત દાયકાની પરંપરા

# જામનગરમાં ભોઈ સમાજ દ્વારા આજે હોલિકા દહન: લોકો દર્શનાર્થ ઉમટશે


## હોલિકાનું પૂતળુંની લંબાઈ લગભગ ૨૫થી ૩૦ ફૂટ અને ૩ થી ૪ ટન જેટલું વજન જેમાં ઘાસ, કોથળા,કલર,લાકડું,કપડા, અને વિવિધ સામગ્રીઓ દ્વારા કરાયા છે તૈયાર

**અબતક ,સાગર સંઘાણી**
**જામનગર**



જામનગર સહિત રાજ્યભરમાં આજે તા. ૨ માર્ચ ફાગણ સુદ પૂનમના રોજ હોલિકા ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. ત્યારે ધર્મનગરી જામનગરમાં ભોઈ સમાજ દ્વારા ૨૫ ફૂટથી ઊંચા હોલિકાના પૂતળાની તૈયારી સંપન્ન કરી લેવામાં આવી છે. અસત્ય પર સત્યના વિજયના પ્રતીક આ તહેવારની ઉજવણીની ૭૦ વર્ષની પરંપરા અકબંધ રહેશે. જેના દર્શન અર્થે હજારો ભકતો ઉમટી પડશે.શાસ્ત્રોકત વાર્તા(કહાનીઓ)ને આધારિત હોલિકાનું પૂતળુ તૈયાર કરવામાં આવે છે, જેની લંબાઈ લગભગ ૨૫થી ૩૦ ફૂટ જેટલી હોય છે, અને લગભગ ૩ થી ૪ ટન જેટલું વજન હોય છે. જેમાં ઘાસ, કોથળા,કલર,લાકડું,કપડા, અને વિવિધ સામગ્રીઓ દ્વારા આ હોલિકા નું પૂતળું તૈયાર કરવામાં આવે છે. સમાજના તમામ યુવાનો વડીલોના માર્ગદર્શન હેઠળ એક મહિના જેટલા લાંબા સમય દરમિયાન રાત દિવસ મેહનત કરીને હોલિકાનું પૂતળુ તૈયાર કરાય છે.જામનગરના શાક માર્કેટ વિસ્તારમાં હોલિકા દહનનો કાર્યક્રમ પ્રતિ વર્ષ મુજબ યોજાય છે, અને હજારોની સંખ્યામાં લોકો હોલિકાને નિહાળવા આવે છે, અને હોલિકાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. આજે સાંજના સમયે હોલિકા મહોત્સવના ફાગણ સુદ પૂનમ ના દિવસે આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે હોલિકાનું પ્રાગટ્ય કરવામાં આવશેં.

# જામનગરની બજારમાં ધાણી, પતાસા, ખજૂર, અને દાળિયાનું ધૂમ વેચાણ



રંગોના પર્વ હોળી અને ધુળેટીના પર્વની શરૂઆત થઈ ચૂકી છે જેને લઈને લોકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે જામનગરની બજારમાં ધાણી, પતાસા, ખજૂર, દાળિયાનું પરંપરા અનુસાર ધોમ વેચાણ થઈ રહ્યું છે. ધાણી, પતાસા, ખજૂર, દાળિયાના ભાવમાં ૧૦ ટકા જેવો નજીવો વધારો નોંધાયો છે. હાલ દાળિયા ૧૨૦ રૂપિયાના કિલો, ખજૂર ૧૦૦ રૂપિયા કિલો અને પતાસાના હારડા ૧૨૦ રૂપિયા કિલો તથા ધાણી ૧૦૦ ગામનું પેકેટ દસ રૂપિયામાં વેંચાઈ છે. હાલ પર્વને લઈ છેલ્લી ઘડીની ઘરાકી નીકળી છે.

# ધુનડા: ભાવેશ્વર મહાદેવ મંદિરે કાલે ભજન સત્સંગ તેમજ ભોજન પ્રસાદ

**અબતક, ભરત ગોહિલ**
**જામજોધપુર**



શ્રી ભાવેશ્વર મહાદેવ, ધુનડાનાં સાંનિધ્યમાં ''સત્ પુરણધામ આશ્રમ, ધુનડા'' ખાતે ''ફાગણ સુદ પૂનમ'' નિમિત્તે ''ભજન-સત્સંગ સાથે ભોજન પ્રસાદ''નું આયોજન તા.૩ - ૩ - ૨૦૨૬ મંગળવારના રોજ કરવામાં આવ્યું છે. સાંજે ધર્મલાભ તેમજ મહાપ્રસાદ કાર્યક્રમ રાખેલ હોય ભાવિકોને ભજન સત્સંગ તેમજ મહાપ્રસાદ કાર્યક્રમમાં પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# જામનગરથી દ્વારકા હાઈવે ઉપર પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન કરી વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરાશે



ફૂલડોલ મહોત્સવ ૨૦૨૬ અન્વયે જામનગરથી દ્વારકા જતા પદયાત્રીઓ તથા સેવા કેમ્પ દ્વારા ઉત્પન્ન થતા પ્લાસ્ટિક વેસ્ટના કલેક્શન અર્થે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ વિવિધ ઔધ્યોગિક એકમોના સહયોગથી પ્લાસ્ટિક વેસ્ટ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યુ હતું.જેમાં જામનગર અને દ્વારકા સ્થિત ઉદ્યોગોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી., નયારા એનર્જી લી. ટાટા કેમિકલ્સ લી. એસ્સાર કંપની, આર.એસ.પી.એલ. લી, દિગ્વિજય કંપની લી. તથા અમદાવાદ સ્થિત નેપ્રા એન્વાયરમેન્ટલ સોલ્યુશન કંપની દ્વારા તેઓના સી.એસ.આર. તથા સી.ઈ.આર. અંતર્ગત જામનગરથી દ્વારકા હાઈવે ઉપર પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન કરી તેનું વૈજ્ઞાનિક ઢબે સિમેન્ટ પ્લાન્ટમાં કો-પ્રોસેસીંગ કરવામાં આવશે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળવર્ષાઃ વિઝિબિલિટીમાં ઘટાડો

## આહલાદક વાતાવરણઃ રોડ ભીના થઇ ગયાઃ હાઇવે પર વાહન ચાલકોને ભારે હાલાકીઃ હજી બે દિવસ ઝાકળ વર્ષાની સંભાવના

**અબતક, રાજકોટ**

શિયાળાની સિઝન વિદાય લઇ ચૂકી છે. ઉનાળો બારણે ટકોરા મારી રહ્યો છે. આજે સવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળ વર્ષા થવા પામી હતી. વિઝિબિલીટીમાં જોરદાર ઘટાડો થવા પામ્યો હતો. હવાઇ સેવા પર પણ અસર થવા પામી હતી. આગામી બે દિવસ હજી ઝાકળ વર્ષાની શકયતા હવામાન વિભાગના સુત્રો દ્વારા વ્યકત કરવામાં આવી છે. ગાઢ ધુમ્મસના કારણે આહલાદક વાતાવરણ જોવા મળ્યું હતું. વિઝિબિલીટી માત્ર ૫૦ મીટર જેવી રહેવા પામી હતી.

છેલ્લા ત્રણેક દિવસથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. વહેલી સવારે અને રાત્રિના સમયે થોડી ઠંડકનો અનુભવ થાય છે. ત્રણેક દિવસથી મહત્તમ તાપમાનનો પારો પણ થોડો નીચો આવ્યો છે. દરમિયાન આજે સવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળ વર્ષ થવા પામી હતી. રાજકોટમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૦૦ ટકાએ પહોંચી ગયું હતું. વિઝિબિલીટી માત્ર ૫૦ મીટર જેવી રહેવા પામી હતી.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

એટલે કે ગાઢ ધુમ્મસના કારણે ૫૦ મીટરથી દુરનું કશું જ દેખાતું ન હતું. સવારના સમયે હિલ સ્ટેશન જેવો મનમોહક નજારો જોવા મળ્યો હતો. સવારે ૭.૪૫ કલાક સુધી ધુમ્મસના ગાઢ આવરણની ચાદરથી જાણે શહેર ઢંકાયેલું હોય તેવું લાગતું હતું. રોડ ભીના થઇ ગયા હતા વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાના કારણે હાઇવે પર વાહન ચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. વાહનોની હેડલાઇટ ચાલુ રાખી ડ્રાઇવીંગ કરવાની ફરજ પડી હતી. શહેરી વિસ્તારમાં પણ સવારના સમયે વાહન ચાલકોએ લાઇટ ચાલુ રાખી વાહનો ચલાવવા પડયા હતા. સામાન્ય રીતે ઝાકળ વર્ષા બે થી ત્રણ દિવસ સુધી થતી હોય છે. દરમિયાન આવતીકાલે મંગળવારે અને ધુળેટીના દિવસે એટલે કે બુધવારે પણ ઝાકળ પડવાની શકયતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. ગાઢ ધુમ્મસથી વિઝિબિલીટીમાં ઘટાડો થવાના કારણે હવાઇ સેવા પર પણ અસર પડી હતી. અનેક ફલાઇટ મોડી પડી હતી.

આજે ભુજમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા, પોરબંદરમાં ભેજનું પ્રમાણ ૯૫ ટકા, રાજકોટમાં ભેજનું પ્રમાણ ૧૦૦ ટકા, સુરતમાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા, વેરાવળમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા, ઓખામાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા અને નલીયામાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા રહેવા પામ્યું હતું. આગામી બે થી ત્રણ દિવસમાં ઝાકળ વર્ષાનો રાઉન્ડ પૂર્ણ થયા બાદ આકરા ઉનાળાનો આરંભ થશે. સપ્તાહના અંતે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી જવાની શકયતા પણ વ્યકત કરવામાં આવીછે.

# યુધ્ધના કારણે હજારો ગુજરાતીઓ મુશ્કેલીમાં મુકાયાઃ સરકાર મદદ માટે આગળ આવે

## રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલની માંગણીઃ ગલ્ફના દેશો સાથે ગુજરાતનો વેપાર ન અવરોધાય તેની તકેદારી રાખવા પણ માંગ

**અબતક, રાજકોટ**

યુધ્ધના કારણે હજારો ગુજરાતીઓ મૂશ્કેલીમાં મૂકાયા છે.તેઓને શકય તેટલી ઝડપથી મદદરૂપ થવા કેન્દ્ર અને રાજય સરકાર સમક્ષ રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહલે શરૂઆત કરી છે.

ઈરાન વિરુધ્ધ ઈઝરાયલ અમેરિકાના યુધ્ધના કારણે અનેક ગુજરાતીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઈરાન અને ઈઝરાયલ ઉપરાંત અબુધાબી, દુબઈ, બહેરીન, કતાર અને અન્ય ગલ્ફ દેશોમાં ડ્રોન હુમલાઓ, મિસાઈલ અને હવાઈ હુમલાના સતત અહેવાલો મળ્યા કરે છે, ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટી સંખ્યામાં ગુજરાતી સમુદાયના સભ્યો રહે છે.

ભારત સરકાર અને રાજ્ય સરકારે તેમની સલામતી, સુરક્ષા અને તેમના વ્યવસાયો અને કાર્યસ્થળોના રક્ષણ માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ જો આપણા સમુદાયના સભ્યો ગુજરાતમાં પાછા ફરવા માંગતા હોય તો ભારત અને ગુજરાતના અધિકારીઓએ સુરક્ષિત ગુજરાત આવવા તેમના માટે મફત વ્યવસ્થા કરવી જોઈએ તેમ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું.

અમેરિકા અને અન્ય દેશોમાં જઈ રહેલા ગુજરાતીઓની ફ્લાઈટ દુબઈ, કુવૈત કે અબુધાબીમાં રોકાય તો તેઓ ત્યાં જ ફસાઈ ગયા છે. ગુજરાતના નડિયાદના પ્રિતેશભાઈ પટેલ તથા હીનાબેન પટેલના પરિવારે રાજયસભા સાંસદ શકિતસિંહ ગોહિલનો સંપર્ક કર્યો અને જણાવ્યું કે પ્રિતેશભાઈ અને હીનાબેન અમેરીકા જતા હતા, પરંતુ કુવૈત ખાતે ફસાયા છે. ઉમરા કરવા ગયેલ અનેક ગુજરાતી યાત્રિકો સાઉદી અરેબિયાના એરપોર્ટ પર ફસાયા હોવાની માહિતી મળી છે. આ યાત્રિકોનો મુશ્કેલી વર્ણવતો વિડીયો પણ મળેલ છે. ગુજરાતી પરિવારોને ગુજરાત લાવવા સરકાર તુરંત વ્યવસ્થા કરે તે માટે શક્તિસિંહ ગોહિલે પ્રધાનમંત્રીને તથા વિદેશ મંત્રીને ઈમેઈલ કર્યો છે. જ્યાં સુધી પરત ના લાવી શકાય ત્યાં સુધી મોટાભાગના દેશોએ જે રીતે પોતાના નાગરિકોને માટે હોટલ અને ભોજનની વ્યવસ્થા કરી છે તે રીતે આપણી એમ્બેસીઓ પણ તુરંત વ્યવસ્થા કરે તેવી માંગણી કરી છે.

દુઃખ સાથે નોંધ્યું છે કે અત્યાર સુધી ગુજરાતના વડાપ્રધાન અથવા મુખ્યમંત્રી દ્વારા ગલ્ફમાં ગુજરાતી

(અનુ. આઠમા પાને)

### યુધ્ધમાં ફસાયેલા રાજકોટ જિલ્લાના નાગરિકો માટે હેલ્પલાઇન નંબર જાહેર

હાલમાં ચાલી રહેલ ઇરાન-ઇઝરાયેલ યુધ્ધના કારણે ખાડી દેશોમાં કટોકટીની પરિસ્થિતિ સર્જાયેલ છે. જેના અનુસંધાને ખાડી દેશોમાં રાજકોટ જિલ્લાના કોઈ નાગરિક ફસાયા હોય અને મદદની જરૂરીયાત હોય તો તે માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટ દ્વારા હેલ્પ લાઇન નંબર જાહેર કરવામાં આવેલ છે. જેના પર સંપર્ક કરવા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

હેલ્પ લાઇન નંબર :- ૧) ૦૨૮૧-૨૪૭૧૫૭૩ અને ૨) ૦૨૮૧-૨૪૧૦૧૦૦ છે.

દૂતાવાસોએ ૨૪X૭ હેલ્પલાઇન નંબર અને ઇ-મેલ આઇ.ડી. પણ જાહેર કર્યા છે.

ઇઝરાયલમાં કોઈપણ તાત્કાલિક પરિસ્થિતિમાં, લોકો ૨૪X૭ હેલ્પલાઇન નંબર +૯૭૨-૫૪-૭૫૨૦૭૧૧ અને +૯૭૨-૫૪-૨૪૨૮૩૭૮ પર સંપર્ક કરી શકે છે અથવા consl.telavivmea.gov.in પર ઇમેલ કરી શકે છે. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે પણ તાત્કાલિક સંપર્ક નંબર જાહેર કર્યા છેઃ +૯૮૯૧૨૮૧૦૯૧૧૫, +૯૮૯૧૨૮૧૦૯૧૦૯, +૯૮૯૧૨૮૧૦૯૧૦૨ અને +૯૮૯૯૩૨૧૭૯૩૫૯. અબુ ધાબીમાં ભારતીય દૂતાવાસનો ટોલ-ફ્રી નંબર ૮૦૦-૪૬૩૪૨ છે, વોટ્સએપ નંબર +૯૭૧૫૪૩૦૯૦૫૭૧ છે. લોકો pbsk.dubaimea.gov.in અને ca.abudhabimea.gov.in પર ઇમેલ દ્વારા પણ સંપર્ક કરી શકે છે. રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે ૨૪X૭ તાત્કાલિક હેલ્પલાઇન નંબર ૦૦-૯૬૬-૧૧-૪૮૮૪૬૯૭, ૦૦-૯૬૬-૫૪૨૧૨૬૭૪૮ (માત્ર વોટ્સએપ) અને ટોલ-ફ્રી નંબર ૮૦૦ ૨૪૭ ૧૨૩૪ જાહેર કર્યા છે.

સહાય માટે cw.riyadhmea.gov.in (અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં રેલ નેટવર્ક - મુસાફરોની સુવિધા માટે રેકોર્ડબ્રેક રૂ. ૧૭,૩૬૬ કરોડની ફાળવણી

## રાજયમાં હાલ રૂ.૧.૨૮ લાખ કરોડના રેલવે પ્રોજેક્ટસના કામ ચાલી રહેવા છેઃ અશ્વિની વૈષ્ણવ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં રેલવે નેટવર્ક અને મુસાફરોની સુવિધા માટે રેકોર્ડબ્રેક રૂ.૧૭,૩૬૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રાજ્યમાં હાલ રૂ.૧.૨૮ લાખ કરોડના રેલવે પ્રોજેક્ટના કામ ચાલી રહ્યા છે. તેમ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ગુજરાત સેમીકનેકટ કોન્ફરેન્સ ૨૦૨૬ના શુભારંભ બાદ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશનું રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અત્યંત ઝડપથી પરિવર્તિત થઈ રહ્યું છે. ગુજરાતમાં રેલવેના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયોને પરિણામે રાજયમાં પરિવહન અને કનેક્ટિવિટીના એક નવા યુગની શરૂઆત થઈ છે.



વધુમાં અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ના યુપીએના શાસન દરમિયાન ગુજરાતને રેલવે બજેટમાં માત્ર રૂ.૫૮૯ કરોડ ફાળવવામાં આવતા હતા. તેની સરખામણીએ, વર્તમાન સરકારે આ વર્ષે ગુજરાત માટે રૂ.૧૭,૩૬૬ કરોડનું રેકોર્ડબ્રેક બજેટ ફાળવ્યું છે. આમ, બજેટમાં અનેકગણો વધારો કરીને રાજ્યના રેલવે નેટવર્કને વધુ આધુનિક બનાવવાની દિશામાં ગુજરાત અપ્રતિમ સિદ્ધિઓ પ્રાપ્ત કરશે.

વધુમાં અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, ગુજરાતમાં હાલમાં કુલ

(અનુ. આઠમા પાને)

# અસત્ય પર સત્યના વિજય સભામા પાવન પર્વે આજે રાત્રે ઠેર ઠેર હોલિકા દહન

## આવતીકાલે ધોકોઃ રંગોનું પર્વ ધુળેટી બુધવારે ઉજવાશે

**અબતક, રાજકોટ**

અસત્ય પર સત્વના વિજય સમા હોળીના પાવન પર્વે આજે રાત્રે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ઠેર ઠેર હોલીકા દહન કરવામાં આવશે. આવતીકાલે ચંદ્રગ્રહણ હોવાના કારણે અને બપોર પછી એકમની તીથી શરૂ થઈ જતી હોવાના કારણે આજે હોળી પ્રગટાવવામાં આવશે. મંગળવારે પડતર દિવસ રહેશે. જયારે રંગોના પર્વ ધુળેટીની ઉજવણી આગામી બુધવારે કરવામાં આવશે. રાજકોટમાં ચોકે ચોકે હોલીકા દહન માટે છાણાની હોળી ગોઠવી દેવામાં આવી છે.અનેક આકર્ષણો સાથે હોલીકા દહન કરવામાં આવશે. પાવાગઢ, અંબાજી, દ્વારકા, સોમનાથ અને ચોંગલા સહિતના ધમોસ્થાનોએ પણ આજે સૂર્યોદય બાદ શુભ મુહુર્ત હોળી પ્રગટાવવામાં આવશે.

ભગવાન વિષ્ણુના પરમ ભકત એવા પ્રહલાદને મારવા માટે તેના પિતા હિરણ્ય કશ્યપે તેની બહેન હોલીકાને પ્રહલાદને લઈ અગ્નિમાં બેસવા માટે કહ્યુ હતુ. હોલીકાને એવું વરદાન હતુ કે તે વરદાનમાં મળેલી ચૂંદડી ઓઢીને અગ્નીમાં બેસે તો તેને અગ્નીથી ઉની આંચ પણ ન આવે અગ્ની પ્રજ્જલીત થતાની સાથે જ હોલીકાના માથા પરથી ચૂંદડી ઉડી ગઈ તે અગ્નીમાં બળીને ખાક થઈ ગઈ જયારે ભકત પ્રહલાદને કશુ જ ન થયું ત્યારથી (અનુ. આઠમા પાને)


તસવીરઃ શૈલેષ વાડોલિયા



# દેશના જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધી ૮.૩ ટકાએ આંબ્યું

## દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૯ ટકાઃ નિકાસમાં પણ ૨૬ ટકા હિસ્સેદારી સાથે રાજય પ્રથમ

**અબતક, રાજકોટ**

ભારતના જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધીને ૮.૩ ટકાએ આંબ્યું છે.

ગુજરાત વિધાનસભા ખાતે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અંતિમ દિવસે નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને નાણાકીય શિસ્તનું ચિત્ર રજૂ કર્યું હતું.

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઈન્ડિયા ઈન્ડેક્સ મુજબ, ગુજરાત 'સારા સ્વાસ્થ્ય અને સુખાકારી'માં દેશમાં પ્રથમ ક્રમે છે, જેનો સ્કોર વર્ષ ૨૦૧૮માં ૫૨ (બાવન) હતો, તે આજે વધીને ૯૦ થયો છે.

મંત્રી દેસાઈએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતીના અવસરે આદિવાસી સમાજના ઉત્થાન માટે રાજ્ય સરકારે વિશેષ ભાર મૂકીને 'જનજાતિય કલ્યાણ યોજના' અંતર્ગત આગામી પાંચ વર્ષમાં રૂ. ૨ લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ હેતુ માટે રાજ્ય સરકારે રૂ. ૩૫,૭૮૦ કરોડ જેટલી માતબર જોગવાઈ કરી છે, જે આદિવાસી ભાઈ-બધુઓના સામાજિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે.

રાજ્યની અર્થવ્યવસ્થાની મજબૂતી વર્ણવતા નાણા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે ભારતની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં અગ્રેસર છે. છેલ્લા બે દાયકામાં રાષ્ટ્રીય જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધીને ૮.૩ ટકા થયું છે.

'રાજ્યનો સરેરાશ વિકાસ દર પણ છેલ્લા ૧૦ વર્ષમાં ૧૧.૪ ટકા રહ્યો છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૨ ટકા કરતા વધારે છે. પરિણામે ગુજરાતની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦ ટકાથી વધુ નોંધાઈ છે.

ગુજરાત દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા અને નિકાસમાં ૨૬ ટકા સાથે પ્રથમ સ્થાને છે.

ચાલુ વર્ષના બજેટમાં નિકાસને પ્રોત્સાહન આપવા માટે 'ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ' ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે રાજ્યના વેપારીઓને વૈશ્વિક બજારમાં પ્લેટફોર્મ પૂરું પાડશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, ૧૬માં નાણાપંચે ગુજરાતની વીજ વ્યવસ્થાને સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ ગણાવી છે. રાજ્યની ચારેય ડિસ્કોમ કંપનીઓ સતત ટોચનું સ્થાન જાળવી રહી છે.

ટેક્નોલોજીકલ ઈનોવેશન અને GUVNLના 'સિંગલ બાયર મોડલ' દ્વારા વીજ ખરીદીના ખર્ચમાં ઘટાડો થયો છે.

તદુપરાંત, HVDS સિસ્ટમ અને GPRS મીટરિંગ દ્વારા વિતરણ જેવા તકનીકી સુધારાથી નુકસાન ન્યૂનતમ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સરકાર દ્વારા સમયસર સબસિડી મળતા ડિસ્કોમ્સનો વ્યાજ ખર્ચ પણ માત્ર ૦.૯૭ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૭.૪૪ ટકાની સરખામણીએ સાત ગણો ઓછો છે.

કનુભાઈ દેસાઈએ ગર્વપૂર્વક કહ્યું હતું કે, ગુજરાતે ચુસ્ત નાણાકીય શિસ્ત જાળવવા અને જાહેર દેવામાં ઘટાડો કરવા માટે ફિસ્કલ રિસ્પોન્સીબીલીટી એન્ડ બજેટ મેનેજમેન્ટ (FRBM) એક્ટ-૨૦૦૩ હેઠળના તમામ નાણાકીય લક્ષ્યાંકો સફળતાપૂર્વક સિદ્ધ કર્યા છે.

છેલ્લા ૨૨ વર્ષથી એટલે કે, વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૨૫-૨૬ દરમિયાન ગુજરાતે એક પણ વાર ઓવરડ્રાફ્ટ લીધો નથી.

સાથે જ, કોવિડના વર્ષ સિવાય છેલ્લા ૧૦ વર્ષથી રાજ્ય સરકાર

(અનુ. આઠમા પાને)

### ટ્રાફિક પોલીસની રાજયવ્યાપી ઝુંબેશ વચ્ચે...

# સૌરાષ્ટ્રમાં છ સ્થળે માર્ગ અકસ્માતમાં દંપતી સહિત નવના મોત

## લીલીયા નજીક બંધ ટ્રક પાછળ બાઈક ઘુસી જતા બે ભાઈ સહિત ત્રણના મોત, એક ગંભીર

## હોળી ધુળેટીના પર્વ પૂર્વે , અમરેલી, પડધરી ,જેતપુર, વાંકાનેર અને મોરબી પંથકમાં અકસ્માતથી માર્ગો રંજીત બન્યા

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ગુજરાતમાં વધતા જતા માર્ગ અકસ્માતોને અંકુશમાં લેવા રાજ્યના ડીજીપી કેએલએનરાવ દ્વારા ટ્રાફિક પોલીસની ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવામા આવ્યો છે. તમામ જિલ્લા પોલીસ વડા અને પોલીસ કમિશનરોને સુચના આપી ટ્રાફિક પોલીસની ડ્રાઈવ દરમિયાન ડ્રન્ક એન્ડ ડ્રાઈવ, ઓવર પેસેન્જર, રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ, નંબર પ્લેટ વગરના વાહનો, કાળા કાચ, હેલ્મેટનો અભાવ, ગેરકાયદેસર લાઈટ,અનધિકૃત પાર્કિંગ સહિતના ટ્રાફિક ભંગ સામે કાર્યવાહી કરાશે ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે આકરા પગલાં લેવામાં આવનાર છે. હોળી ધુળેટીના પર્વ સૌરાષ્ટ્રના

(અનુ. આઠમા પાને)

### પડધરી નજીક અકસ્માતમાં પતિના મોત બાદ પત્નીએ સારવારમાં દમ તોડ્યો

#### શુક્રવારે રાત્રિના દીકરીના ઘરેથી પરત ફરી રહ્યા હતા ત્યારે બાઈક સ્લીપ થયુંઃ પરિવારમાં અરેરાટી

રાજકોટ-જામનગર હાઈવે પડધરી સર્કલ પાસે સ્પીડ બ્રેકર પર બાઈક સ્લિપ થવાને કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા રંજનબેન સાકરીયાનું પણ આજે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ગઈકાલે તેમના પતિ ધનજીભાઈનું અવસાન થયું હતું, આમ ૨૪ કલાકમાં જ દંપતીના મોતથી સાકરીયા પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

રાજકોટના ચુનારાવાડ ઉદ્યોગનગરમાં રહેતા ધનજીભાઈ રામજીભાઈ સાકરીયા (ઉ.વ. ૬૦) અને તેમના પત્ની રંજનબેન (ઉ.વ. ૫૦) પડધરીના મોવિયા ગામે રહેતી પોતાની દીકરીના ઘરે હોળીનો હાયડો આપવા માટે ગયા હતા. શુક્રવારે રાત્રિના સમયે તેઓ બાઈક પર રાજકોટ પરત ફરી રહ્યા હતા, ત્યારે પડધરી સર્કલ પાસે ભારત હોટેલ નજીક રસ્તા પરના સ્પીડ બ્રેકરને કારણે બાઈક સ્લિપ થઈ ગયું હતું. અકસ્માતમાં માથાના ભાગે પહોંચેલી ગંભીર ઈજાને કારણે ધનજીભાઈનું શનિવારે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા રંજનબેને પણ રવિવારે અંતિમ શ્વાસ લીધા હતા.દંપતીને સંતાનમાં બે દીકરીઓ છે. ત્યારે માતા પિતાના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

### જેતપુર પાસે હિટ એન્ડ રનઃ અજાણ્યા વાહનની અડફેટે વૃદ્ધનું મોત

#### મોહરમ માસમાં અકસ્માતમાં પરિવારે મોભી ગુમાવતા માતમ

જેતપુર પંથકમાં નેશનલ હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટનામાં વૃદ્ધે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ અકસ્માત મામલે મૃતકની પુત્રીએ દફનવિધિ પૂર્ણ કર્યા બાદ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. વધુ વિગત મુજબ નવાગઢમાં લીલાપીઠ પાસે રહેતા બિસુમાબેન મલેકના પિતા અભેરાજભાઈ પીરખાનભાઈ મલેક ગત તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ રાત્રે નવાગઢ ચોકડી ખાતે નવજીવન સ્કૂલ સામેના ઓવરબ્રિજ પર અજાણ્યા વાહન ચાલકે અભેરાજભાઈને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં અભેરાજભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું.બનાવની જાણ થતાં પરિવારજનો હોસ્પિટલ પહોંચ્યા હતા (અનુ. આઠમા પાને)